શિરહીન શબ

યાને

દશ દિનની દોડધામ.



કીંમત ૦-૧૨-૦

॥ ૐ શ્રી ॥

મસ્તક વિનાનું મુડદું

યાને,

દશ દિનની દોડધામ.

એક હાસ્યરસિક, કુતુહલવર્ધક,
ડિટેકટીવ નવલકથા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
પન્નાલાલ ડાહ્યાભાઈ ઝવેરી.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું, બાલાજી રોડ—સુરત.

સંવત ૧૯૭૧. સન ૧૯૧૫.

સુરત, ભાગાતળાવ રોડપર આવેલા ધી "શંકર" પ્રિન્ટીંગ
પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી.

મુલ્ય ૦-૧૨-૦

નિવેદન.

અમારા કાર્યાલય તરફથી પ્રથમ " ચન્દ્રહાર " નામે એક સચિત્ર આનામાળા અમારા વાંચકોના કરકમળમાં મુકવા પછી આજે આ નવિન સાહસ તરીકે " શીરહિન શબ " નામનું પુસ્તક મુકતાં અમને અત્યાનંદ થાય છે. ગુર્જર સાહિત્યમાં નૉવેલોને કેટલું માન અને ઉત્તેજન છે તે વિદ્વાન વર્ગ સારી રીતે સમજે છે અને તેટલું છતાં અમે શુભેચ્છકો અને સાહિત્યપ્રેમી વાંચક વર્ગના પુરતા ઉત્તેજન ઉપરજ આધાર રાખી આ સાહસ કર્યું છે.

ભિન્ન ભિન્ન સમુદાયના વાંચકોને કંઈ કંઈ નવું મળે એ શુભ હેતુથી આ નવલકથામાં દરેક રસને સંપૂર્ણ રીતથી ભર્યો છે છતાં કોઈક વ્યકિત સંતોષ ન પામી શકે તો ક્ષમાની યાચના છે.

છેવટે અમારૂં કાર્યાલય આવા આવા અનેક પુસ્તકો પ્રગટ કરી ગુર્જર સાહિત્યની કિંચીત માત્ર પણ સેવા બજાવી શકે એ શુભ ભાવનાને અમારા અંતઃકરણમાં દ્રઢ સ્થાન આપી વિરમીએ છીએ.

શ્રી વિદ્યાવિહાર કાર્યાલય
તા. ૨૫–૮–૧૫

લી. સેવકો,
ઠાકોરદાસ એન્ડ કંપની.

સ્નેહ-સમર્પણ.

સકલ ગુણ સંપન્ન, વિદ્વનવર્ય, શ્રીયુત,
છગનલાલ મેતાપભાઇ બ્રહ્મભટ્ટ,
મેનેજર 'બ્રહ્મભટ મિત્ર.'
ઠે. આમલીરાન, મુ. સુરત.

પ્રિયભાઈ!

આપ વિદ્વાન છો, આપ સુગુણી છો, સાહિત્ય સેવામાં પ્રથમ બહાર પડયા પછી સાહિત્ય પ્રવૃત્તિમાં મને સરળ માર્ગે દોરાવનાર આપજ હતા. મારા શૂષ્ક જીવનમાં અમૃત રેડનાર આપજ હતા. આપ જેવા સજ્જનના સુસંગ અને સુપ્રતાપથીજ હું સાહિત્યામૃત રસનો સ્વાદિયો બન્યો છું. એ આપના ગુણો તથા અન્ય અનેક ઉપકારો કે જે આવડી નાની અર્પણ પત્રિકામાં વર્ણવવા અશકય છે, તે ઉપકારોના સ્મર્ણ ચિન્હ તરીકે આ લઘુ પુસ્તક આપને અર્પણ કરી, આ પુસ્તક જોડે આપનું નામ જોડી, કૃતાર્થ થાઉં છું.

લી.

પ્રકાશક.

બાલાજી રોડ સુરત.
શ્રાવણ નાળિયરી પુર્ણિમા
વિક્રમાર્ક સંવત ૧૯૭૧

અનુક્રમણિકા.

ટુંક સમયમાં પ્રગટ થશે !

જીવનની ઉચ્ચતા

અને

તેના ઉપાયો.

લેખક.

છગનલાલ મેતાપભાઈ ખંભાતી.

" સુખ-કર " ના કર્તા અને બ્રહ્મભટ્ટ મિત્રના વ્યવસ્થાપક

મનુષ્ય જીવનને ઉચ્ચગામિ અને આદર્શ બનાવવાની અનેક નીતિ, રીતિ, પુસ્તક વાંચનાની સાથેજ વિચારોમાં થતી ચમત્કારી અસર મનુષ્ય માત્રને ઉપયોગી અમુલ્ય પુસ્તક, ફકત ગ્રાહકો પુરતીજ પ્રતો કઢાવાની હોવાથી તાકીદે આપનુ નામ નોંધાવો નહિ તો પાછળથી પસ્તાવું પડશે. વળી તે પુસ્તકની અર્પણ પત્રિકા શ્રીમાન ગૃહસ્થોને થવાની હોવાથી તાકીદે બહોળો ફેલાવો થવા સંભવ છે. જેથી -

જાહેર ખબર

આપનારાઓને ઉત્તમ સાધન છે. ભાવ માટે પૂછો પુસ્તકની કીંમત રૂ. ૦-૮-૦. અગાઉથી થએલા ગ્રાહકોના નામ પુસ્તકમા દાખલ કરવામાં આવશે.

નામ નોંધાવવાનું ઠેકાણું.

ચુનીલાલ મગનલાલ બુકસેલર્સ.

લીમડાચોક—સુરત.

તૈયાર છે! વાંચો અને મિત્રમંડળને વંચાવો. જલદી મંગાવો!!

ગુજરાતના સુપ્રસિદ્ધ ભક્ત કવિ શ્રી દયારામભાઈના ઉત્તમોત્તમ

અપૂર્વ અપ્રસિદ્ધ ગ્રંથો તથા કાવ્યોનો સંગ્રહ.

શ્રીદયારામકૃતકાવ્યમણિમાલા, ભાગ ૧લો.

આ ગ્રંથમાં અત્યાર સુધીમાં પ્રકટ નહી થએલાં કવિરત્ન ભક્ત **શ્રીદયારામભાઈનાં** ઉત્તમોત્તમ અપ્રસિદ્ધ કાવ્યોનો નીચે પ્રમાણે ટિપ્પણ સાથે સમાવેશ કર્યો છે.

સમ્પ્રદાયસાર—(તત્વ જ્ઞાનનો મહાન્ ગ્રંથ) રામાનુજ, નિંબાર્ક, મધ્વ, અને શાંકર વગેરે સંપ્રદાયોના તત્ત્વજ્ઞાનનું રહસ્ય બહુજ સચોટ રીતે સમજાવ્યું છે.

અજામિલાખ્યાન—ભગવન્નામ લેવાનો અદ્‌ભુત ચમત્કાર જોવો હોય તો આ ગ્રંથ જરૂર વાંચો.

કલેશકુઠાર—આવા સમયમાં દરેક મનુષ્ય ચિંતાના સમુદ્રમાં ગરકાવ થાય એ સ્વાભાવિક છે, "ચિંતા ચિતા સમાન છે." અમો ખાત્રીથી કહીએ છીએ કે આ ગ્રંથ વાંચ્યા પછી જીંદગીભર તમને ચિંતા થશેજ નહિ.

કાલજ્ઞાનસારાંશ—પોતાનો કાલ ક્યારે આવશે એ કોઇ જાણતું નથી, અને બધા ગફલતમાં રહે છે. આ ગ્રંથ એવો તો અદ્‌ભુત છે કે પોતાનો કાલ ક્યારે આવશે તેનો જલદીથી નિશ્ચય થઈ શકે છે.

બીજાં પદો—બીજાં અનેક જ્ઞાન, નીતિ, અને ભક્તિનાં પદોનો મહાન્ સંગ્રહ આટલો મોટો ગ્રંથ છતાં કીંમત માત્ર **રૂ. ૧। સવાજ** રાખવામાં આવી છે. અજમાયશ દાખલ થોડી પ્રતો છપાવી છે, માટે સત્વર મંગાવો, પછીથી સીલક હશે તોજ મલી શકશે. કદ ડેમી આઠ પેજી ૩૬ ફૉર્મ પાકું બાઇન્ડીંગ સોનેરી નામ સાથેનું.

વાંચો! જાહેર ખબર વંચાવો!

પ્રિય બંધુઓ તથા બેનોને ખાસ ભલામણ કરવામાં આવે છે કે તમોને પ્રિય લાગે અને અંતે મોક્ષ પ્રાપ્ત થાય એવી જો તમારે ચોપડી વાંચવી હોય તો આવતા નૂતન વર્ષમાં **કૃષ્ણ ભજનમાળા** નામની ચોપડી બહાર પડનાર છે તેમાંથી તમો જે ભજન ગાશો તો દરેક લીટીએ **શ્રીકૃષ્ણ ભગવાનનું** નામ મુખેથી ઉચરાશે; એવી રીતથી રચવામાં આવેલા છે. **અજામેલ મહા પાતકી** હતો પરતું અંત વખતે એકવાર મુખેથી **નારાયણ** ઉચરેથી **મોક્ષપદને** પામ્યો હતો. તો તમે જો એક ભજન ગાશો તો ઘણીજવાર **પ્રભુનું** નામ લેવાશે અને અંતે મોક્ષ મળશે ભજન પણ ઘણીજ સેહેલી ભાષાથી રચવામાં આવેલા છે તેથી તમોને સમજણ પડશે કદાપિ ભજનનો રાગ નહીં બેસે ને ફક્ત સાદું ભજન વાંચી જશો તો પણ તમારૂં કલ્યાણ જરૂર થશે હાલમાં મારા બંધુઓ તેમજ બહેનોને નાટક જોવાનો ઘણોજ શોખ લાગ્યો છે એ ઘણીજ સારી વાત છે કારણ હાલની નાટક કંપનીઓ આપના **ધર્મશાસ્ત્ર** પ્રમાણે ખેલો ભજવે છે ને તેમાં સમજે તેને તો ઘણુંજ જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને માટે આપને નાટક કંપનીના માલીકોને ધન્યવાદ આપવો ઘટે છે વિષેશ હાલનાં જમાનાને અનુસરીને **કૃષ્ણ ભજનમાળા** રચવામાં આવી છે ને ભજનના રાગો પણ નાટકના રાખવામાં આવ્યા છે ભજનને મથાળે જે રાગ લખેલો છે તેજ તેજ મુજબ ગાશો તો સહેલથી ભજન ગાઇ શકશો જે નાટકના રાગ ભજનમાં લીધેલા છે તે નાટકના નામો નીચે મુજબ છે:—

ત્રિયારાજ, વિબુધવિજય, સુરદાસ, ઉદયભાણ, બોલતો કાગળ, વિણાવેલી, સૌભાગ્ય સુંદરી, નીલમ માણેક, મહાશ્વેતા, કાદમ્બરી, ચંદ્રહાસ, દેવયાની, વિજયાવિજય, જગદેવ, અભયસિંહ, કેશરીસિંહ,

ચાંપરાજ, કૃષ્ણચરિત્ર, ભિષ્મપિતામહ, હરિશ્ચંદ્ર, અલિરેહિર્સ, રજની-ચંદ્ર, ભર્તૃહરી, મનોહરીરંભા, લીલાવતી, દિલફરોસ, નરસિંહમેહેતો, કુસુમાવતી, માધવવિલાસ, સતી તોરલ, સરસ્વતીચંદ્ર, રમા, સતી દ્રોપદી, સુકન્યા સાવિત્રી, પવિત્ર લક્ષ્મિ, હારજીત, શાહીદેનાજ, હામાન, દાવપેચ, ખુબસૂરત બલા, અનસૂયા, રાખેંગાર, ત્રિવિક્રમ, કનક તારા, કંદબાલા, વિક્રમચરિત્ર, રાજબીજ, કુલીનકાંન્તા, અશ્રુમતી, સરદારબા, માલતી માધવ, મદનચંદ્રિકા, કરણઘેલો, મોહિનીચંદ્ર, જગતસિંહ, મીરાંબાઇ, માલિની છંદ, લલિત છંદ, ભુજંગી છંદ, તોટક છંદ, શિખરિણિવૃત્ત, રાગિનિ, દાડી, ઠુમરી, પ્રભાતીયું, વીગેરે વીગેરે રાગોના ભજન રચવામાં આવેલા છે.

તા. ક:—કૃષ્ણ ભજન માળાની ચોપડી જે પહેલા ભાગ સાથે ૧૫૫ ભજનની બહાર પડનાર છે તેનાં જે અગાઉથી ગ્રાહક થશે તેને રસિક ગાયન સંગ્રહની ચોપડી ભેટ તરીકે આપવામાં આવશે જેની અંદર ૧૫૫ નાટકના ગાયનો છે અને એજ ગાયનોપરથી **કૃષ્ણ ભજન માળા** રચવામાં આવેલી છે. વિષેશ તેઓના મુબારક નામ ચોપડીમાં છાપવામાં આવશે **કૃષ્ણ ભજન માળા**ની ચોપડી બહાર પડયા પછી રસિક ગાયન સંગ્રહની ચોપડી ભેટ તરીકે આપવામાં નહીં આવશે **કૃષ્ણ ભજન માળા**ની ચોપડીના જેઓ ગ્રાહક થશે ને તેઓ અગાઉથી રસિક ગાયન સગ્રહની ચોપડી માંગશે તો તેને આપવામાં નહી આવશે **કૃષ્ણ ભજન માળા**ની ચોપડીની સાથેજ મળશે.

કૃષ્ણ ભજન માળા ભાગ ૨ જાની કીંમત ફકત આઠ આના રાખવામાં આવી છે. પહેલો ભાગ તૈયાર છે જેની કીમત ફકત ૧ આનો રાખી છે.

રચનાર—**ત્રવાડી દિનમણિશંકર લાલશંકર.**
નારણ ટેકરીની ખડકી—**સુરત.**

શિરહીન શબ

યાને

દશ દિનની દોડધામ.

સર્વજ્ઞ, સર્વશક્તિમાન પ્રભુને પ્રથમ નમીને આરંભીશું.

પ્રકરણ ૧ લું.

એકબે તરફ.

તે દિવસે ઠાકુરદ્વારના મન્દિરમાં થયેલી ગમ્મતમાં ફાંકડો રંગ આવ્યો હતો! લાઇટ તો એટલી બધી હતી કે બસ! અન્ધકારને તો ત્યાંથી નાળીએરજ પકડાવવામાં આવ્યું હતું. મુખ્ય દેવળ અને આસપાસના દેવળોમાં સંગીતજ ચાલતું હતું. આમતેમ પચીસેક કલાવતીઓ બેઠેલી હતી અને એકપછી એક ગાતી હતી.

કોઈ ભાટીઆ શેઠે આ સર્વ, પોતાને પુત્ર થવાથી કર્યું હતું કારણ પોતાને પુત્ર થાય તો એવું કરવાની બાધા તેણે લીધી હતી.

ગામમાંની ઘણીખરી નાયકાઓ ત્યાંજ રોકાઈ હતી અને આવી ભારે ગમ્મત હોવાથી લોકની પણ બહુ ઠઠ ભરાઈ રહી હતી. કેટલો તો ગડબડાટ ત્યાં થતો હતો! કોઇનું ધોતીઉં ફાટવાથી, તો કોઇનું ખિસું કતરાવાથી, અને વળી કોઇની પાઘડી ઉછળવાથી સહુ ગડબડ મચાવી મૂકતા હતા.

તદન આગળ બેઠેલાઓમાં કંઇક શાંતિ હતી. તોપણ તેઓ સાંભળી શકતા નહોતા. એ અગ્રમંડળમાં બે તરૂણ બેઠા હતા. તેઓ માંહોમાંહે કંઈ ગટપટ કરતા હતા. અને કોઇક વાર કલાવતી ઉપર ટીકા કરતા હતા.

તેવામાં તેમાંનો એક બોલી ઉઠયો:—

"કેમ? બિહારી! આવો છો કે નહિ? આપણે પેલાની સાથે બૅકબે પર ફરવા જવાનું હતું તે તો ભૂલીજ ગયા...."

"હવે તો આ પીડામાંથી છૂટીએ તો ઠીક," વિહારીએ જવાબ દીધો, "કંઈ સંભળાતુંએ નથી અને સમજાતુંએ નથી. હુંતો હવે કંટાળ્યો છું. ચાલ ચાલ્યા જઇએ."

કંઇક ધક્કા મુક્કી ખમતા અને મારતા, બન્ને પેલી

ભારે ગીર્દીમાંથી નીકળી આવ્યા. તેમાંએ લાલબિહારીના ધોતીઆંનો ઝડકો નીકળ્યો અને કુંજવિહારીની પાઘડીનો ખુરદો થતો બચ્યો. બહાર મોકળાશમાં આવતાંજ જાણે નવું જીવન આવ્યું.

“ હાશ. ” બિહારીએ ઉંડો શ્વાસ લેતાં કહ્યું:-“ ઠીક થયું કે આ પીડામાંથી છૂટ્યાં. પણ વિહારી! એ કૃષ્ણલાલે આપણને બોલાવ્યા તો ખરા પણ પેલી રાંડ નાયકાને તો ન બોલાવે કની ? નહિ તો આપણી તો આબરૂ જશે. ”

“ એમ બ્હીએ છે શાનો ? તું ગાંડો તો નથી થયો? આપણને બોલાવી તે વળી ગણિકાને લાવશે ? ને વળી લાવશે તો આપણું નસિબ. એટલી વાર તો બેસી રહેવુંજ. પછીની વાત પછી. એમ થાય તો પછી કૃષ્ણલાલ સાથે મિત્રાઈ પણ વિચારીનેજ રાખવી....એ ઢોંગ સોંગ આપણને ગરીબને ન જોઇએ. કૃષ્ણરાવ ઘારી વગેરે લઇને આવનાર છે. અનંત મળે તો તેને પણ સાથે તેડી લાવવાનું તેણે તો કહ્યું છે પણ તે તો મળ્યોજ નહિ. ”

“ મને તે આજે ત્રણેક વાગે ઑફીસથી આવતાં મળ્યો હતો. આજે મધુરીને તે નાટક દેખાડવાનો હતો. તેથી ત્યાં જતી વખતે હું આવી જઈશ, એમ એણે કહ્યું હતું. તે વખતે તે પોતાની સ્વામિની મહેર-ઉન્નિસા નામ્આબિનીના પૈસા લેવા માટે કોર્ટમાં જતો હતો. ”

"બસ ત્યારે થયું. પૈસા લઈ, તે ગયો હશે પોતાની સ્વામિનીને ઘેર. તેમાં કાંઈ નવું નથી. તે અત્યંત સૌંદર્યવતી હોય એમ લાગે છે. અને કોઇએ મને કહ્યું હતું કે તે સ્ત્રી છે પણ તેનું હૃદય પુરૂષ કરતાં કઠણ છે."

બન્નેએ કેટલોક માર્ગ કાપ્યો હતો. વિહારીએ ચલાવ્યું.

"પણ અનંતનો તો એ મહેરન્ સાથે નોકર કરતાં વધારે સંબંધ છે—એમ લોકો કહે છે તે ખરૂં છે?"

"ના એ વાત ખોટી છે ગપ્પાં છે."

"તે વાત તદ્દન ખોટી હોય એમતો મને નથી લાગતું. પણ એ મહેરન્ તો અતિ વિલક્ષણી છે. અનંત પણ સ્વરૂપ સુંદર છે. તેને ફક્ત એક બ્હેન છે. અને તે પણ રૂપે ગુણે આકર્ષક છે. પણ તે કદી કોઈ પાસે જતી નથી. પોતે ભલી અને પોતાનું ઘર ભલું! તને અલ્યા! એ આકર્ષક નથી લાગતી?"

એ પ્રશ્ન પૂછતાં વિહારીએ બિહારી સામે જોઈ સ્મિત કર્યું. બન્નેનાં પગલાં કંઈક ઝડપ ઉપડ્યાં.

"ખરી વાત છે!" બિહારી બોલ્યો, "અરે એ અનંતની બ્હેન મધુરી જેવી સદ્ગુણી અને સ્વરૂપવતી ભાગ્યેજ કોઈ બીજી મળી આવશે. લોકો માને છે કે લખતાં

વાંચતાં આવડયું કે બાલા ચતુર થાય છે. પણ અહા! આ શી મધુર અને સુશીલ બાલિકા! હરિ! હરિ!"

તે ઉંડા વિચારમાં પડતો હોય એમ લાગ્યું.

"કેમ? અલ્યા! અટકયો?"

"અરે શું!" થોડી વારે જાગૃત થઈ તે બોલ્યો, "મારો અને અનંતનો આવો ભાઈ સરખો સ્નેહ, પરન્તુ હજુ એક દીવસ એવો નહિ ગયો હશે કે જ્યારે તેણે મારી સાથે અસુશીલ વર્તન કર્યું હોય! એના જેવી સદ્ગુણી બાલિકા એકે નથી! લોકો, આટલી મોટી થઈ છતાં નિશાળે જાય છે, અને પરણતી નથી, તેથી હસે છે; પણ ભુંડું બોલતા નથી. અને તે પણ કોઇનું ચિત્ત દુઃખે એવું વર્તન કરતી નથી. પરન્તુ અનંતરાય એની લેવી જોઇએ તેટલી સંભાળ લેતો નથી. અનંતરાય સવારના આઠનો નીકળે તે દશ વાગે ઘેર જાય છે. મેં એને બહુ વાર્યો પણ માનતોજ નથી. વળી એમને કોઈ પાસેનું સગું પણ નથી."

"ખરી વાત પૂછે તો હવે અનંતરાયે એનું લગ્ન કરવુંજ જોઇએ." કુંજવિહારી બોલ્યો.

"તે તો તૈયાર છે પણ સારૂં સ્થળ જડતું નથી. બાકી એ બહુ સારી પ્હેરામણી આપવા તૈયાર છે."

" પણ લાલબિહારી ! તારી પત્ની મરણ પામી છે તો તું એની સાથે કેમ લગ્ન કરતો નથી ? "

કુંજવિહારીનું કથન શ્રવણ કરી લાલબિહારી બોલ્યો. " અરે ! પણ પેલું કોણ આવે છે ! એ પેલો ગણુપતિરામ જણાય છે. આપણો વાર્તાલાપ સાંભળી તે અહિં આવશે. એને ગમે તેમ કરી ટાળવો જોઇએ. નહિ તો પંચાતીના ભારા ! " લાલબિહારી વાત ઉડાવવા માટે આ બોલ્યો હતો પરન્તુ સામે આવનાર ગણુપતિરામજ હતો.

" આવવા દેની તો ! મને એની વાતોમાં બહુ રસ પડે છે. એનો અનુભવ અતિ વિશાળ છે. તે ઝોટિંગાબાદની રાણીની વાતો પણ બહુ જાણે છે ! "

" અરે પણ એ શાનો ધંધો કરે છે ? કૃષ્ણુલાલને લીધે મને એની સાથે ઓળખાણ થઈ છે. એ ઘણીવાર ઓફીસમાં માલ લેવા આવે છે. "

" એ કહે છે કે ' હું એક કંપનીનો એજંટ છું ' પણ એ વાત હું માનતો નથી. મને લાગે છે કે એ ડિટેક્ટિવ ખાતામાં છે. તેથીજ મને ગમ્મત પડે છે. "

એટલામાં ગણુપતિરામ ત્યાં આવી પહોંચ્યો. તેનો દેખાવ સારો હોઈ તેની વય ચાળીસેક જેટલી હશે, એમ

અનુમાન થતું. તેના નેત્રો ચપળને પાણીદાર હતાં. મુદ્રા પરથી જણાતું કે તે બહુ જકકી અને અભિમાની છે.

“ સાહેબજી ! સલામ ! કેમ કુંજવિહારી તથા લાલાજી તમેબી પેલી ગમ્મતમાંથી છપાંચ ગણી આવ્યા કે શું ?” તેણે સ્મિત કરતાં પૂછયું.

“ હા. કેવો ત્રાસ ! નહિ સંભળાય કે નહિ રસ પડે !”

“ ખરી વાત છે. પણ હું કેવો હુશિઆર છું. કોઈ બાબત જોતાંજ હું તેની હકીકત કહી શકું છું. પણ તમે બેજ કેમ ? અનંતરાય ક્યાં ગયો ? તમે ત્રણે સાથેજ ઘણીવાર જણાઓ છો તેથી કહું છું. ”

“ તે પોતાને કામે ગયો છે. પોતાની સ્વામિનીના ૫૦૦૦૦ રૂ. કશેથી લાવી તે તેને આપવા ગયો છે. ”

“ તેની સ્વામિની કોણ ? પેલી ઝોટિંગાબાદની અફીણી રાણી કે ? ”

“ શું ! તે અફીણી છે ? ”

“ એકવાર નહિ પણ હજારવાર. તેને એવુંજ વ્યસન લાગ્યું છે ! મને પકકી માહિતી છે. હું એકવાર માત્ર [illegible]ને ઝોંટિગાબાદ પણ ગયો હતો. ”

“ ત્યારે તમને સર્વ ખબર હશે. અમને તો કહો !”

" અરે એમાં શું કહેવાનું ? કોઈ એને ગાંડી તો કોઈ ખૂની કહે છે. તે પરદાનશીન નથી. ઘણી ખૂશીથી તે ઉઘાડી ગાડીએ ફરે છે........ તેને સ્ત્રી કોણ કહે ? પુરૂષ કરતાંયે હજાર દરજ્જે ખરાબ ! પણ એને માટે સર્વનાં મત ભિન્ન ભિન્ન હોય છે. ટુંકામાં એ કઈ વેળાએ શું કરશે તે કહી શકાય નહિ ! "

" પણ તે પરણી નથી. ? "

" વળી તેનો પતિ વિચિત્રજ મૂર્તિ છે. પોતાના બંગલાનો તે કદી ત્યાગ કરતો નથી. એને સેત્રંજનો એવો સજ્જડ શોખ લાગ્યો છે કે આખો દહાડો ને રાત એજ એનો ધંધો, બે ત્રણને રમવા માટે પગાર બાંધી રાખ્યા છે. બાકીના વખતમાં દારૂ ઢીંચ્યા કરે છે ! પછી શું જોઇએ ? સંસ્થાન સરકારે લીધું છે એટલે દરમાસે ત્રણચાર હજાર મળે છે. ચેન ઉડાવે છે. મજા કરે છે ! "

" અને સ્ત્રી આમ કરે તેને........................... "

" પણ બન્ને જુદા જુદા બંગલામાં રહે છે. તે તેના સામે કદી જોતી નથી. અરે એતો ખૂની છે ખૂની ! કંઇકને આંગળીને ટેરવે નચાવે અને હથેલીમાં ચાંદ બતાવે એવી મહા ઉસ્તાદ છે. "

" ત્યારે અનંતરાયને કહી મૂકવું પડશે કે સંભાળે. "

"કેમ વળી તેને તેની સાથે શું લેવા દેવા? ગણુ-પતિરામે પુછ્યું. પોતાના મિત્રને માટે ચાલતી દુર્વાર્તા ગણુ-પતિરામ કળી ન જાય એ હેતુથી વિહારી બોલ્યો." અરે! એતો એનો કારભાર કરે છે અને નાણાંની વ્યવસ્થા કરે છે. પછી તે લાલબિહારી તરફ ફરી બોલ્યો "ચાલને આપણને મોડું થાય છે પછી કૃષ્ણુલાલ—"

ગણુપતિરામ તેને અટકાવતાં બોલ્યો. "કેમ તમને પણ કૃષ્ણુલાલનું આમંત્રણ છે કે? ચાલો ત્યારે જલદી."

ત્રિપુટીએ ત્વરાથી ચાલવા માંડ્યું. લાલબિહારીને ગણુ-પતિરામ આવ્યો તે ગમ્યું નહિ પણ એક રિતે તેને સારૂં લાગ્યું કે પુખ્ત વયનો એક માણસ સાથે છે એટલે કૃષ્ણુલાલ ગણિકા લાવે તો હરકત નહિ.

લાલબિહારી સારી આબરૂવાળો સજ્જન યુવક હતો. તે અનંતરાયનો ગાઢ સ્નેહી હતો. ગણુપતિરામના મુખમાંથી અનંતરાયની સ્વામિની મહેરન્ વિષે સાંભળી તેને પોતાના મિત્ર માટે ચિન્તા ઉદ્ભવી. કારણુ તેમાંનું તત્વ મહા વિલ-ક્ષણુ હતું. વળી બીજું એ કે મધુરી સાથે લગ્ન કરવાને તે આતુર હતો.

તેનું વય ૨૪ વર્ષનું હતું. અને તે એક કમ્પનીમાં નોકર હતો. તેની પ્રથમ પત્ની મરણુ પામી હતી. અને

મધુરી, સુશીલ તથા સદ્ગુણી હોવાથી તેના પર એનો સ્નેહ હતો; કિંતુ તે શરમાળ હોવાથી અનંતરાયને કહી શકતો નહિ. તેથી અનંતરાય માટે એને બહુ કાળજી હોય તેમાં શું નવાઈ. ?

તેનો ગણુપતિરામની સાથે જવામાં એટલોજ હેતુ હતો કે તેની પાસેથી મહેરનની જેટલી માહિતી મળે તેટલી મેળવી અનંતરાયને એ નોકરી છોડવા કહેવું.

રાત્રી શુક્લ પક્ષની હતી. ચંદ્ર પોતાની શીતલ રમ્ય કૌમુદી પાથરી જગતને શાંતિ આપતો. વાયુલહરીઓ ચિત્તને શાંત બનાવતી. તેમાં વળી બેકબેનો રસ્તો' પછી વાતજ શી કરવી ? આનંદમાં શી ખામી ! રસ્તાપર બહુ થોડા લોક હતા. તેમના જેવા બીજા કેટલાક સ્હેલાણીઓ ફરતા હતા. આવા આનંદમય સમયે, ગણુપતિરામે બીડી સળગાવી. વિહારી માલતી–માધવમાંનું એક ગાન મધુર સ્વરે લલકારવા લાગ્યો.

તેમનું ગમનસ્થાન એટલામાં આવ્યું પરન્તુ ત્યાં કોઈ મનુષ્ય જણાયું નહિ. એ સર્વનો કૃષ્ણલાલ નામે એક શ્રીમાન્ સ્નેહી હતો. તેણે તેમને બેકબે પર ઉજાણી કરી ખાસ આગ્રહથીં બોલાવ્યા હતા. બેકબે પર એક સુન્દર શાંત

સ્થલે તેઓ રોજ મળતા. તે જગાએ પાંચ સાત શિલાઓ ગોઠવી રાખી હતી.

તે સ્થલે જઈ તેઓએ જોયું તો કૃષ્ણલાલ કે કોઈ ન હતું. તેઓ અતિ વિસ્મિત થયા.



પ્રકરણ બીજું.

કોળી કે ખૂની?

તે સમયે અગિયાર વાગ્યા હતા.

ગણપતિરામે કહ્યું. "ચાલો આપણે જરા આમતેમ ફરીને આવીએ. ઠીક લજ્જત આવશે. કૃષ્ણલાલને કોઈ કારણથી મોડું થયું હશે તો આપણ ફરી આવીશું એટલામાં તે આવી પહોંચશે. ચાલો આવો છો?"

રાત્રીમાં કૌમુદી, શીતલ વાયુલહરીઓથી મજા પડશે એમ ધારી સર્વ નીકળી પડયા. થોડે ગયા એટલામાં વિહારીને ખભે હાથ નાંખી ગણપતિરામ બોલી ઉઠયો. "પેલો માણસ જોયો કે? નીચે ઉતરી હોડી તરફ જાય છે તે! તેની પીઠપર ગાંસડીમાં શું હશે?"

"ક્યાં છે? હં પેલો કે? કોળી જેવો દેખાય છે. એતો કોળીજ છે. માછલી પકડવા હોડીમાં બેસવા જતો જણાય છે."

"રાત્રે ૧૧ વાગે માછલાં પકડવા? અને તે એકલો? શું કહો છો તમે પણ?"

"હશે કોઈ ઉરાંગઉટાંગ જેવો! આપણે શું પંચાત?"

"ત્યારે તો આપ સર્વ ખાનબહાદૂરોને હું આજે મારી દીર્ઘદૃષ્ટિ અને ચાણાક્ષતા બતાવી આપીશ." ગણપતિરામ હોંશથી બોલી ઉઠયો "એમ અમથું નથી કહેવાતું કે ગણ-પતિરામે અનુભવ મેળવ્યો છે."

"એ શું કહો છો? ગણપતિરામ, હું સમજી શકતો નથી તમારૂં કથન! તમે શું કહેવા માંગો છો?"

"ત્યારે સાંભળો મારી વાત. એ કોળી નહિ પરંતુ ચોર છે અને તેની પીઠપરના ગાંસડાંમાં બનતા સુધી ચોરેલો માલ હોવો જોઇએ."

"અને શું એ માલ તે સમુદ્રમાં નાંખવા જાય છે.? લાગે છે તો એમજ."

"એજ જોવાનું છે. ચાલો આપણે પાસે જઈ પૂછીએ."

"અને એ "તમે કોણ પૂછનાર" કહી ઈનસલ્ટ કરશે તો?"

"આપણે તેને પકડીને ગાંસડી ઉઘાડવા કહીશું."

"તો તે બૂમ પાડી આપણને પોલિસ પાસે ઘસડશે. વળી એ પીડા શા માટે વ્હોરવી? સલામ! અમે તો જઇશું?"

"પોલીસ પાસે શું લઈ જાય? પોતેજ ચોર છેને. હું તો જવાનોજ તમારે જવું હોય તો જાવ" એમ કહી

ગણુપતિરામ તો તે તરફ ચાલવા મંડયો તેથી વિહારી પણ, "કેવો ગાંડો છે! ચાલ અમે પણ આવીએ છીએ. મારા મારી થાય અને એ કૂટાઇ મરે તો કહેવાય કે કેવા સ્વાર્થી મિત્રો હતા કે છોડીને નાસી ગયા! ચાલ લાલબિહારી." એમ કહી તેની પાછળ જવા લાગ્યો. વિચારબધ્ધ લાલબિહારી પણ સાથે ઘસડાયો.

ગાંસડું લઈ ચાલતો માણુસ પણ ઝડપથી ચાલતો હતો તે આગળ પાછળ જોતો. એકવાર તે ક્ષણુ માત્ર ઉભો રહ્યો. અને પછી પાછળ જોયું તો આ ત્રિપુટી જણાઇ તેથી પોતાની દિશા છોડી ચાલવા મંડયો. એટલે ગણુપતિરામે કહ્યું "આપણે અહિં ઉભીને જોઇશું તો તો સારૂં, પછી શું કરવું તેનો વિચાર કરી લઇશું."

આથી તેને બ્હીક લાગી સમજી વિહારી બોલ્યો. "ત્યારે તેને પકડી પૂછવાનો વિચાર તમે ત્યજી દીધો?"

"થોડી વેળા થોભી એ શું કરે છે તે જુઓ તે નીચે ઉતરી સાગર પાસે જાય છે."

"અરે કોળી છે કોળી! તમે નકામી તકરાર કરો છો."

"તમે જોયા તો કરો. એ કોળી તો નથીજ. એને નીચે ઉતરવા દ્યો પછી ખાત્રી થશે. ગાંસડીના ભારને લીધે

તે ત્વરાથી ચાલી શકતો નથી. તેથી આપણે એને જલદી પકડી શકીશું. છતાંયે હજુ તમને ડર લાગતો હોય તો જાવ."

" ખરો ભાઈ તું ! અમે આવીયે છીએ. ચાલ મને પણ એમાં મજા પડે છે. " વિહારી બોલ્યો.

લાલબિહારી કાંઈ બોલ્યો નહિ. મૌન વ્રત ધારી ઉભય તેની સાથે ચાલવા લાગ્યા.

એટલામાં પેલો ગાંસડીવાળો મનુષ્ય નીચે ઉતરવા લાગ્યો. ગણપતિરામ 'ચાલો ચાલો' એમ કહી દોડી ગયો. તેની પાછળ બન્નેએ દોડવા માંડયું.

ગાંસડીવાળો માણસ પણ ત્વરાથી પગ ઉપાડવા મંડયો. તે સમુદ્રમાં જાય છે કે શું એવું આ ત્રિપુટીને લાગ્યું. પરંતુ નીચે ગયા પછી તો પેલો પથરાઓમાં ચાલવા લાગ્યો. નીચે કોઇ ઝુંપડું કે હોડકું કંઇ ન હોવાથી વિહારીને લાગ્યું, કે તે માણસ કોળી (માછી) નહિ પરંતુ ચોરજ છે. અને ગણપતિરામ કરતાં તે વધારે ઉતાવળે એની પાસે દોડી જઇ બોલ્યો:—

" અલ્યા ! કોણ છે રે ! માછલી બાછલી હોય તો આપ અમને. લાવ, એકદમ. "

એ સાંભળી તે મનુષ્ય ઘણો ભયભીત થયો દેખાયો.

પાછળ જોતાં માલમ પડયું કે તે ત્રિપુટીમાંનો એક માણસ તો પોતાની બહુજ પાસે આવી પહોંચ્યો હતો.

તેણે તરતજ ગાંસડી ફેંકી દીધી. એક છલંગ મારી પવનવેગે તે દોડવા લાગ્યો. તેને જોઇ ગણપતિ બોલી ઉઠયો:—

"વિહારી! આમ બુમ પાડીને તમે કેસ બગાડી નાંખ્યો. હવે તે નાશી જશે. દોડો ઝડપથી. પકડો તેને."

વિહારી સાવેશ બોલ્યો:—"લાલબિહારી! ચાલ તો અલ્યા! આપણે એ લુચ્ચાને પકડીએ."

ત્રણે પૂર્ણ વેગે દોડવા લાગ્યા. તે મનુષ્ય હજુ પણ નીચેના અણીદાર પત્થરોમાં સડસડાટ ચાલતો—દોડતો હતો. વિહારી તેની પાસે આવીજ પહોંચ્યો હતો, પણ બીજા બે તો હજુ દૂર હતા.

ઓચિંતિ ઠોકર લાગવાથી પેલો માછી જેવો માણસ પડી ગયો. "પકડયો છે લુચ્ચાને." એ અથવા એવાજ શબ્દોનું મોટેથી ઉચ્ચારણ કરી વિહારીએ તેનો હાથ પણ પકડયો.

પરંતુ એટલામાંજ તે મનુષ્ય, આચકો મારી, હાથ છોડાવી, નાસી ગયો--અદૃશ્ય થયો. જીવપર ઉદાર થએલા (!) મનુષ્યને જેવો આવેશ આવે છે તેવોજ આવેશ તેનામાં પ્રકટ થતો દેખાયો. લાલબિહારીની પાસેથીજ તે પસાર થયો

પણ તે તેને પકડવામાં નિષ્ફળ થયો. તેમજ બીજા બેના પ્રયત્ન પણ વ્યર્થ ગયા. દોડાદોડીમાં થોડો સમય વહી ગયો. તેથી વિહારી બોલ્યો:—

" લુચ્ચો નાસી ગયો. દોડનારો જબરો તો ખરો. અરબી ઘોડાને પણ ભારે પડે...........પણ પેલી ગાંસડીમાં શું છે તે જોવાનું તો આપણે ભૂલીજ ગયા, આ દોડાદોડીમાં."

" હા. હા. ચાલો. કદાચ તેમાં મુડદું પણ હોય." ગણપતિએ કહ્યું.

" તમને તો મુડદાંનાંજ સ્વપ્ના આવે છે"

" હું તમને બતાવી આપીશ કે—"

" ત્યારે તો એ ખૂનીજ હોવો જોઇએ." વિહારી બોલ્યો. ત્રણે તે તરફ સોત્કંઠ ચાલવા લાગ્યા. થોડે દૂર ગાંસડી રહી, એટલે લાલબિહારી બોલ્યો " આહા ! હજુ પણ તે અહિંજ પડી છે. ઠીક થયું. જો દોડાદોડીની ધમાલથી પોલિસ અહિં આવી પહોંચ્યા હોત તો તેણે આ ગાંસડી પોતાના કબજામાં લીધી હોત........પણ એતે કંઈ પોલિસ છે ? ઠીકજ છે."

" જો પેલા રેલ્વેના ક્રોસીંગ આગળ સિપાઈ દાદા ઉભા છે. માટે ધીમે બોલ."

"તેની આપણે શી પંચાત! ચાલો આપણે છોડીને જોઇએ. અને તે પછી આપણે રસ્તે પડીએ." બિહારી બોલ્યો.

"તમારે જવું હોય તો જજો. હુંતો એની પાકી તપાસ લીધા વિના પાછો વળવાનોજં નથી."

"વારૂ. પણ હવે છોડ તો ખરો. હું તેટલો વખત થોભું છું. આપણે બધા સાથેજ જઇશું."

"એવું તે શું કામ છે કે મારા જેવાને સ્ફુર્તિ આવે છે છતાં તમે આમ કરો છો? હુંતો મારી મેળેજ એનો કંઈ પત્તો મેળવીશ." ગણુપતિરામે ગર્વમાં મલકાતાં કહ્યું.

"અરે ભાઈ! અમને તો કાંઈ હરકત નથી. પરંતુ અમે રહ્યા ચાકર. સાક્ષી બનવાનો પ્રસંગ આવે તો વળી પીડા."

"ત્યારે તમે બન્ને જાઓ." ગણુપતિએ કહ્યું, "આ કામ ભયંકર તો છે. તમારે માથે સાક્ષીનો પ્રસંગ ન આવે, એવો હું પ્રયત્ન કરીશ. પછી જો તેમ છતાં—"

"પણ તેમાં શું છે? પ્રસંગ એવો આવે તો જોઈ મૂકેલું સારૂં."

પાસે આવતાંજ માલમ પડયું કે તે ગાંસડી કંઈ નાની નહતી. એક જાડા ધોતીઆથી બાંધેલી કંઈ ચીજ સ્પષ્ટ દેખાતી હતી.

" હવે કાંઈ શંકા નથી." ગણપતિ બોલ્યો. "એમાં મુડદું છે, એમ સાધારણ બુધ્ધિનો માણસ........"

તે ગાંસડી છોડવા લાગ્યો.

" પણ જોયા વગરજ...."

એટલામાં તો એણે પેલા પોટલાનું સુતળીથી સીવેલું મોં તોડી નાંખ્યું, અને બોલી ઉઠયો:—

" હ્યો. જુઓ. મેં કહ્યું તે ખરૂં છે કે ખોટું?"

વિહારી અને બિહારી બન્ને પોટલાંમાંની વસ્તુ જોતાંજ સ્તબ્ધ થઈ ગયા—પાછા હઠ્યા.

" અરે આ તો કોઈ સ્ત્રીનું મુડદું છે!"

" મને તો પ્રથમથીજ લાગ્યું હતું. કારણ એ મનુષ્યં એકલો પુરૂષનું શબ લઈ દોડે, એટલો શક્તિવાન ભાગ્યેજ હશે. વળી લુચ્ચાએ અન્દર થોડા પત્થર રાખ્યા છે કે જલદી નીચે બેસે."

" અરે ગણપતિરામ! બડબડવાનો આ સમય નથી. પોલિસને બોલાવો! લાલબિહારી? બેસી રહેવું કામનું નથી."

" પણ એમાં બરાબર જોવા તો દો. હજુ તો મોં તોડયું છે. બધા ટાંકા કયાં તોડયા છે? તમે પુરૂષ થઈને

કેમ ડરો છો ? એકવાર બરાબર ચ્હેરો જોઇ લેવા દ્યો કે શું. તમે પકડો કે હું ટાંકા તોડું."

"અરે ! આપણે કાંઈ એને ઓળખી શકવાના હતા ?"

"કેમ નહિ. ઓળખી શકાય પણ ખરૂં."

ટાંકા તોડી નાંખી ગણપતિ બોલ્યો "અરે આતો બહુ પકકો ખૂની જણાય છે. લુચ્ચાએ શિર પણ નથી રાખ્યું. આતો **માથા વિનાનું મુડદું** છે. બહુ અક્કલવાન હશે એમ હું ન્હોતો ધારતો."

બૂમ પાડી વિહારી બોલ્યો "બાપરે ! બહુ ભયંકર છે !"

લાલબિહારી એવો બીધો, કે જો વિહારીએ, ઝાલી રાખ્યો ન હોત તો એ પડી જાત. ગણુપતિના કથન પ્રમાણે એ શબ સ્ત્રીનું અને માથા વિનાનું હતું. ધડમાંથી રક્ત પણ ગળતું ન હતું. શિર એટલી સફાઇથી કાપ્યું હતું કે જાણે યંત્રથીજ !

ગણુપતિરામ ગાંભિર્યપૂર્વક તે શબની તપાસ કરતો હતો. તમાંજ તેનું ચિત્ત લાગી રહ્યું હતું. થોડીવારે 'બહુ બહાદુર છે ખૂની' એમ બોલી તે ઉભ્યો. અને મિત્રો પ્રતિ વળી બોલ્યો.

"ગમે તેમ પણ આ બાબત ભયાનક છે. માટે તમારે સાક્ષીના પ્રસંગથી બચવું હોય તો અહિંથી જાવ પણ પેલા

સિપાઇને મોકલતા જજો. ત્યાં આગળ 'ખૂનખૂન' એમ બૂમ પાડશો એટલે એ આવશે. એટલે હું કહીશ એને સર્વ. તમારૂં નામ નહિ દઉં."


વિહારી તરતજ બોલ્યો. "ચાલો અમે જઇએ છીએ ત્યારે."

"પછી જો, નાઇલાજ થઇશ તોજ. નહિ તો હું નામ પ્રકટ ન કરૂં. પરન્તુ તમારે પણ એ વાત કહેવી નહિ. તમે જાણે જોયું નથી એમજ ધારી આપસમાં પણ વાત કરશો નહિ."

"અરે અમે નહિ કહીએ. પણ હવે તમે શું કરશો?"

"પોલિસના ગણામાં ભેરવી હું પણ આવ્યો."

વિહારી અને લાલબિહારી ચાલતા થયા અને તેમણે પાસે ઉભેલા સિપાઇને ગણપતિરામ પાસે મોકલી આપ્યો. સિપાઇ પણ ધીમે પગલે ગણપતિ પાસે જઇ ઉભો.



પ્રકરણ ત્રીજું.

વિચિત્ર દૃશ્ય.

"ચાલ હવે પેલો કૃષ્ણલાલ આવ્યો હોય તો જોઇએ." વિહારી સિપાઇને મોકલ્યા પછી બોલવા લાગ્યો.

"અરે પડવા દેને તેને. તે તો ગયોએ હશે, ગણિકાને લઇને થીએટરમાં."

"અરે પણ ચાલ તો ખરો જોઈ આવવામાં આપણું શું જાય છે?" એમ કહીને તેનો હાથ ખેંચવા લાગ્યો.

"મને તો હવે ઉંઘ આવે છે" કહી બિહારી એક નવિન નાટકની ત્રુટક લીંટીઓ લલકારવા લાગ્યોઃ—

"રે આ આંખલડી ઘેરાયે
નિદ્રાને વશ એ થાએરે આ૦"

"હવે રહેવા દે તારૂં કવિત્વ."

"એ કંઇ મારૂં નથી."

"ત્યારે રહેવા દે તારૂં ગાયકત્વ........પણ અહ્યા ભાઈ! આ ગણપતિરામ તો કંઈ એજન્ટ બેજન્ટ નહિ હોય. ડિટેકટિવજ છે. હોં"

"મને પણ એમજ લાગે છે." બિહારીએ કહ્યું, "એની સંગતિ જેમ બને તેમ ઓછી કરવી. કારણ કેઃ—

બદરી ફળનું વૃક્ષ હોય જો દ્વારની સામે
કે સિપાઈ શું સ્નેહ ધારી નર વ્યથાજ પામે"

જાગૃતાવસ્થાનું ઘેન ચડયું હોય તેમ બિહારી આ સાદા રાગને પણ લલકારવા લાગ્યો. અને "પામે"ના છેલ્લા 'એ'નો પ્લુત ઉચ્ચાર કરી લંબાવવા લાગ્યો. કંઈક વારે તે શાંત થયો.

બન્નેનાં પગલાં કૃષ્ણલાલે મુકરર કરેલાં સ્થાન પ્રત્યે વળ્યા.

"મારો પણ એને છોડવાનોજ નિશ્ચય છે. આપણે અત્યંત સાવધ રહેવું પડશે. વળી આ કેસમાં શું થશે? કોણ જાણે........પરંતુ એ યુક્તિબાજ તો ખરો. ભપકો મારે છે તે ખોટો તો-નહિજ હોય....પણ—" તે બોલતો અટકયો.

બિહારીએ તેની સામે જોયું.

"કેમ ભાઈ અટકયા કેમ?"

"અરે કંઈ નહિ. પણ તું આટલો ઉદાસ કેમ દેખાય છે?" તેમનું સ્થાન તો ક્યારનું દેખાવા માંડયું હતું. તે તરફ આંગળી કરી તે બોલ્યોઃ—

"જો પેલા બધા બેઠેલા દેખાય છે. ચાલ વહેલો પગ ઉપાડ."

બિહારીને કાંઇ કહેવાનો વિચાર હતો; પણ એટલામાં કુંજવિહારી બોલી ઉઠયો "જો! જો! પેલો અનંતરાય આવે. હવે તો બહુ ગમ્મત પડશે."

ખરેખર! અનંતરાય આવતોજ હતો. તેણે તેમને જોયા ન હતા. તે વિચારનિમગ્ન હતો અને તેથીજ તેણે વિહારીને જોયો કે બોલતાં સાંભળ્યો નહિ. એટલુંજ નહિ પણ એમને અથડાવાનો પણ પ્રસંગ આવ્યો. અને છતાંય તેણે દૃષ્ટિ ઉન્નત ન કરી. પણ ભાન આવતાંજ ઉંચુ જોઈ તે બોલી ઉઠયો. "અરે! આવી ઘોર રાત્રીમાં તમે અહિં મળશો એનું મને સ્વપ્નેય ભાન ન હતું."

"અમે તો આજે ઠાકુરદ્વારમાં થયેલી ગમ્મત જોવા ગયા હતા. હવે અમે કૃષ્ણલાલ પાસે આપણી બેઠકે ઉજાણી જઇએ છીએ. કૃષ્ણલાલેજ ઉજાણી આપી છે અને મને તમને તેડી લાવવા તેણે આગ્રહ કર્યો હતો. ચાલો આવો છો કે?"

"આવી અન્ધકારભરી રાત્રીમાં—"

"ચાલને વળી કાલાવાલા શેને કરાવે છે.?"

થોડીવારે અનંતરાય આવવાને કબુલ થયો અને પાછી ત્રિપુટી બંધાઈ.

થોડે ગયા પછી વિહારી બોલ્યો "અનંતરાય! આજે તમે ક્યાં ગયા હતા? તમારૂં મન અસ્થિર અને મુદ્રા નિસ્તેજ અને મસ્ત દીસે છે. ખરૂંને લાલબિહારી."

"અરે કાંઈ મને નથી થયું. એ તો એવું દેખાતું હશે કામની ચિન્તાને લીધે." અનંતરાયથી આભર ભૂલી જવાયું.

"વારૂ. ન કહે તો ચાલ્યું. પણ મોડું થયું હોવાથી ત્વરિત ગતિએ ચાલો."

તેઓ જ્યાં ઉભા હતા, તેની સામુંજ થોડે દૂર બેઠક હતી. સર્વ થોડીવારમાં ત્યાં પહોંચી ગયા. જોયું તો જણાયું કે કૃષ્ણુલાલ અને બે સ્ત્રીઓ ત્યાં બેઠાં હતાં અને ઉજાણી ચાલતી હતી. તેઓ જઈ પહોંચતાજ, કૃષ્ણુલાલ અને પેલી બેમાંની એક, જે પાછળથી નિર્લજ્જ જણાઇ તે બોલી ઉઠી.

"આવું મોડું કરવું તમને શોભે નહિ."

થોડીવાર પછી કૃષ્ણુલાલનો બ્રાહ્મણ રસોયો, ચ્હા, મશાલાનું દુધ વગેરે લાવ્યો. અને સર્વેએ તેને પુરતો ઈન્સાફ આપવા માંડયો. થોડીવારે કૃષ્ણુલાલ બોલ્યો. ...?

" લાલબિહારી! તમને આટલું મોડું કેમ થયું એ હું સમજી શકતો નથી. આટલો બધો સમય તમે ક્યાં ગાળ્યો ?"

લાલબિહારીએ જવાબ આપ્યો. "શું કરીએ? રસ્તામાં એક સ્નેહી મળ્યો. તે પણ અહિં આવનાર હતો. તેથી જરા મોડું થયું."

કૃષ્ણલાલે કહ્યું " કોણ ગણપતિરામ કે? એને તો મેં ખાસ નિમંત્રણ આપ્યું છે. પરંતુ તેને કેમ ન લાવ્યા ?"

પેલી નિર્લજ્જ ગણિકા જેનું નામ મોહમાલિકા હતું તે બોલી " પેલો પોતાને એજંટ કહેવડાવે છે તેજ ગણપતિરામ કેની? એ નહિ આવ્યો તે ઠીક થયું. એ કાંઈ એજંટ નથી. ડિટેક્ટિવ છે. મને સંપૂર્ણ ખાત્રી છે."

લાલબિહારી પેલા શબની વાત કોઇ ન જાણે એ ઇચ્છાથી બોલ્યો. " મને તો તેમ નથી લાગતું."

કૃષ્ણલાલ બોલ્યો " એ ગયે વર્ષે પુનામાં હતોને ?"

" હા. એટલુંજ નહિ પણ" મોહમાલિકાએ ઉત્તર આપ્યો " એ ગયે શુક્રવારે મારે ત્યાં આવ્યો હતો. એ ગયા પછી શંકા પડવાથી મેં તપાસ કરી તો માલમ પડયું કે એ મુંબઇનો ડિટેક્ટિવ હોઈ, શેઠ માણેકલાલ ગંભિરદાસને ત્યાં ઝવેરાતની ચોરી થઈ ત્યારે તપાસ કરવા રોકાયો હતો."

આ સમયે દ્વિતિય વેશ્યા કમલાક્ષીએ મુખ ખોલ્યુ. "તે નહિ આવ્યો તે તો સોનાથી પીળું."

કૃષ્ણલાલને બધી વાત ખબર હતી. પણ તે ખુલ્લી ન થાય એ હેતુથી તેણે વિષય બદલવાનો પ્રયત્ન કર્યો.

એટલામાં મોહમાલિકાને કાંઈ યાદ આવવાથી તે બોલી ઉઠી. "પરન્તુ તે આવ્યો હોત તો ઠીક થાત. આજે અમે એક અતિ વિચિત્ર દૃશ્ય જોયું છે તે તેને કહેત તો વળી એ તપાસ કરતે."

લાલબિહારીને ભાન ન રહેવાથી તે બોલી ઉઠયો "હેં! હે! તમે પણ કોઈ વિચિત્ર દૃશ્ય જોયું છે?"

એ ગૃહસ્થને પોતાની વાતમાં રસ પડતો જોઈ મોહમાલિકા સહર્ષ બોલી ઉઠી. "હા. અમે અતિ વિલક્ષણ દેખાવ જોયો છે. અમે ગાડીમાં બેસી આવતા હતા ત્યારે ફણસવાડીના નાકા આગળ, વિદ્યારામની વાડી પાસે વળતી વખતે, મગભાત ગલીને નાકે ઉભેલી એક ગાડી સાથે, અમારી ગાડીને અથડાવાનો સમય આવી લાગ્યો હતો. એટલામાં અમારા ગાડીવાને સમયસૂચકતાથી ગાડી બાજુએ લીધી એટલે અમે બચી ગયા. ડોકું બ્હાર કાઢી અમે જોયું તો ભિંતની બાજુમાં એક જંગી ગાડી ઉભી હતી. તેનું દ્વાર ઉઘડયું અને એક

સિપાઈ જેવો દેખાતો માણસ અન્દરથી કાંઈક કાઢતો જ-ણાયો. શું હતું તે કાંઈ હું બરાબર નિહાળી શકી નહિ. ગાડી સાહુકારી હતી. જે ચીજ તે કાઢતો હતો તે કાંઈ ગાંસડી જેવું હતું."

વિહારી જે આટલી વાર સુધી ધ્યાન આપતો ન હતો, તે ગાંસડી શબ્દ સાંભળી ચમક્યો. અને આગળ સાંભળવા ઉત્સુક થયો. લાલબિહારી કાંઈ થોડો ઉત્કંઠિત ન હતો. માત્ર અનંતરાય ધ્યાન ન્હોતો આપતો. પેલી બીજી ગણિકા કમલાક્ષી અનંતરાય પ્રતિ કાંઈ ચામત્કારિક દૃષ્ટિથી જોતી હતી પરંતુ તે તેના ધ્યાનમાં ન હતું. તેનું ચિત્ત અન્ય સ્થલે રમતું હતું. અને વિચારમાં તે તલ્લીન થઈ ગયો હતો.

વિહારી અત્યૌત્સુક્ય ધારી બોલી ઉઠયો "હું—પછી? ચલાવો આગળ."

મોહમાલિકા સાનંદ કહેવા લાગી "પછી શું વળી? તે સિપાઇએ પોટલું લઈ દ્વાર બંધ કર્યું અને ગાડી પાછી વળી ગઇ. હાય! એના ઘોડા પણ કેવા ચપલ! કોચમેને ચાબુકને હાથ લગાડયો એટલામાંજ વાયુવેગે દોડી ક્ષણાર્ધાંત અદૃશ્ય થઇ ગયા."

"અને પેલો પોટલાવાળો ક્યાં ગયો?."

"તે તો, હું ગાડીની ખટપટમાં પડી, એટલે ક્યાં ગયો તે જણાયું નહિ."

વિહારી બોલ્યો "વિલક્ષણ વાત તો ખરી. રાત્રે દશ વાગે વળી કોણ પોતાની ગાડીમાંથી પોટલું લઈ જાય ?

"એ ગાડીનો કોચમેન સિદ્દી હતો" કૃષ્ણલાલે ધીમેથી કહ્યું.

એ શબ્દ સાંભળી અનંતરાય જાગૃત થઈ વધુ લક્ષ દઇ સાંભળવા લાગ્યો.

વિહારી ત્વરાથી બોલ્યો, "એતો પેલા પરભુ ભાટિઆ-ની ગાડી હશે. એનો કોચમેન સિદ્દી છે."

"પેલી કોઇ સંસ્થાનની રાણીની ગાડીનો કોચમેન પણ સિદ્દી છે" કૃષ્ણલાલ બોલ્યો.

"પણ તે ગાડીમાં પોટલું લઇને મગભાત ગલી આગળ શા માટે આવે?" વિહારીએ પૂછ્યું.

"છટ્! છટ્! એ ગાડી એની નહિ હોય." કૃષ્ણલાલે કહ્યું. "અને જો હોય તો તેનો શો હેતુ હોવો જોઇએ?"

અનંતરાય તો સ્તબ્ધજ થઈ ગયો હતો. તે બોલી ઉઠ્યો:—

"હેતુ તો શું ? પણ હું. ઠીકજ છે....તમને તો બધું ખબર હોય એમ લાગે છે."

"ના. રે. ના. આખી દુનિઆને જે ખબર છે, તે મને છે." કૃષ્ણે કહ્યું:—"મને વિશેષ શું માહિતી છે? પણ તમે તેનો આટલો બધો પક્ષ કેમ તાણો છો ?"

અનંત આનો ઉત્તર દેવાને ફાંફાં મારતોજ હતો. પણ એટલામાં કંઈ વિચાર આવવાથી તે અટકયો. બિહારી તે કળી ગયો. તેણે પણ વિષય બદલવાનો પ્રયત્ન કર્યો. પરંતુ વિહારીને તો પેલાં પોટલાંની વાત સાંભળી ચેન પડતું નહિ.

સમુદ્ર તીરે જે દૃશ્ય તેણે જોયું હતું, તે હજુ તેની આંખ સમીપ તરવરતું હતું. આ ગાડીની વાત સાથે તે બંધ બેસતી આવતી હતી. તે આથી એ ગાડીની વાત વધુ જાણવા માટે ઉત્સુક થયો, અને પેલી કલાવતી (નાયકણી)ને પ્રશ્ન પર પ્રશ્ન કર્યેજ જતો હતો. અનંતને તે ગમતું નહતું.

"વિહારી! હવે તો હું જઇશ." અનંત જાતેજ થોડીવારે બોલી ઉઠયો, "તમે આવો છો કે નહિ? બે કલાક તો નિદ્રા લેવી જોઇએ."

બિહારીએ પણ ત્વરા કરી. આથી વિહારીને ઉઠવું પડયું. આખરે સર્વ ઉઠયા. કૃષ્ણ અને પેલી બે (ગણિકાઓ) પોતાની વિકટોરિયામાં બેઠાં.

વિહારી એ પોટલાંની વધુ બીના જાણવાને બહુ આ-તુર હતો. આથી કૃષ્ણલાલે અને પેલીઓએ થોડો આગ્રહ કર્યો, કે તે પણ તેમની ગાડીમાં વિરાજ્યો. તેની ઉત્કંઠા એટલી બધી વધી ગઈ હતી, કે પોતે ગણિકા સાથે બેઠો છે અને બોલે છે, તે પણ તેને યાદ ન રહ્યું.—એનો વિચાર સરખો પણ તેના હૃદયમાં ઉદ્દ્ભવ પામ્યો નહિ.



પ્રકરણ ચોથું.

ચરિત્ર કથન.

અનંતરાયે અને લાલબિહારીએ જતાં જતાં પ્રથમતો બિહારીની વર્તણુક ઉપર ટીકા કરી. તે પછી કૃષ્ણલાલ અને પેલી વેશ્યાઓનો વારો પણ આવી ગયો.

"પોતાની પરિણિત પત્નીને સુખ આપવું તે આના કરતાં ઘણુંજ સારૂં."

બન્નેએ પૂરી કૃષ્ણલાલની સાથે ન પૂરવાનો નિશ્ચય કર્યો.

તે પછી લાલબિહારી બોલ્યો, "હવે તો મેં નિશ્ચય કર્યો છે કે જો લગ્ન કરવું તો ઇચ્છિત બાલા સાથેજ લોક નિન્દાને ગણકારવીજ નહિ"

"તું તારે ગમે તે કર." અનંતરાય નિરાશ હૃદયે બોલ્યો. "જો તમે મને આજે ન મળ્યા હોત, તો હું આત્મઘાત કરવાનો હતો. સમુદ્રમાં પડવાનો હતો."

લાલબિહારી ચમકયો. " હેં ! હેં !. અરે જા ગાંડા !. તું એ શું બોલે છે ?. તારો વિચાર શું છે ? તું એમ કરશે તો મધુરીનું શું થશે ?. "

" તેજ વિચાર મને ગભરાવતો અકળાવતો હતો. તેનું જો લગ્ન થઇ ગયું હોત, તો હું એક પીડામાંથી બચ્યો હોત. તારા જેવો સુશીલ પતિ તેને મળે તો કેવું સારૂં !"

આ અંતિમ શબ્દોએ લાલબિહારીના ચિત્તને વિલક્ષણ બનાવ્યું. તેને ભવિષ્ય કાંઇ સુન્દર ભાસ્યું. જે વાત તે ઇચ્છિતો હતો, તેજ અનંતરાયને મોંઢેથી નીકળ્યાથી હવે સ્પષ્ટીકરણ કેમ કરાવવું તેના વિચારમાં તે પડયો. જો અનંતરાયને પોતાના વિચારની ખબર હોત, તો એ એમ બોલતજ નહિ. થોડીવાર શાંતિ ધર્યા પછી ત્રુટક ત્રુટક શબ્દોમાં તે વિચિત્ર રીતે બોલવા લાગ્યો.

" અનંતરાય ! તું મારો જીવશ્ચકંઠશ્ચ સ્નેહી છે, તોયે આ વાત કહેતાં મારૂં ચિન્ત શરમાય છે—સંકોચાય છે. હું તને મારૂં હૃદય ખોલી બતાવીશ તો તને જણાશે કે ત્યાં તેં કહેલી વાતનાજ વિચારો ભમે છે. "

" લાલબિહારી! તું મારૂં ચિન્ત સાંત્વવા એમ બોલે છે, કે ખરીજ વાત કહે છે ?. "

" અનંતરાય, જ્યારે તને કહીશ કે આ વાત મારા ચિત્તમાં છ માસ થયાં ઘોળાતી હતી તો તું શું કહેશે?."

" શું કહીશ? કહીશ કે મધુરી ભાગ્યવાન છે."

" પણ અનંત!" લાલબિહારીના મુખપર ગાંભિર્યની છટા પ્રસરી રહી. " આપણે એમાં મધુરીનો મત પૂછવો જોઇએ. તે ચતુર છે, અને પોતાનું હિતાહિત કળી શકે છે, માટે તેને પૂછયા પછી આગળનો વિચાર! આપણા સંસારમાં ભાવી પતિ માટે બાલાનો અભિપ્રાય પૂછાતો નથી તો આપણે તેની પ્હેલ કરીએ."

" અત્યાર સુધી મેં સર્વમાં પૂછી છે. અને હવે પૂછીશ. હું ખાત્રી પૂર્વક કહું છું કે તે હા પાડશે. અને વળી સાનંદ!"

બીજી થોડી વાતો થયા પછી અનંતરાય બોલ્યો. " તમારૂં લગ્ન થયું કે સર્વ તમને સોંપી જરૂરજોગા રૂપીઆ લઇ હું પરદેશ જઇશ."

" કેમ? શા માટે? તને શું દુઃખ છે અહિં.? આ એક પીડા ન હોત તો તારા જેવો સુખી કોણ હોત.? પણ તું લગ્ન માટે ના પાડે છે, પછી અમે તે શું કરીએ.?

શ્રીમંત છે તરૂણ છે અને સ્વરૂપસુન્દર છે છતાં તું ના શા માટે કહે છે?

આ સમયે તેઓ ગિરગામ આગળના પોર્ચ્યુગીઝ દેવળ આગળ આવી પ્હોંચ્યા. ત્યાં કોઇ માણસ ન હોવાથી અનંતરાય બોલ્યો "લાલબિહારી! તને શું કહું? આજે કહેવા માંડયું છે તો સર્વજ કહીશ. મારી સ્વામિનીજ મહેરને મારો અવતાર ધૂળમાં મેળવ્યો છે."

અનંતરાયના આ કથનથી લાલબિહારીને કાંઇજ આશ્ચર્ય થયું નહિ. તે તો સ્તબ્ધજ હતો.

અનંતરાયે આગળ ચલાવ્યું. "તેણે મારો નાશ કરવાનો નિશ્ચય કર્યો દીસે છે. મારા સર્વ સમ્બન્ધીઓને તે દ્વેષે છે અને મારો પણ તિરસ્કાર કરે છે. આજે જે હકીકત કહીશ તે પરથી સર્વ તારા ધ્યાનમાં આવશે."

કોઈ સાંભળે છે એમ લાગવાથી બિહારી બોલ્યો. "હવે તો ચાલ તારે ઘેર અથવા મારી ખોલીમાં. ત્યાં જઇ વાત કરીએ."

અનંતરાયને તે ઠીક લાગવાથી ઝડપી પગલાંએ ઉભય અનંતને બંગલે ગયા અને સ્વસ્થ થઈ પાણી પી બેઠા. અનંતરાયે વાત શરૂ કરી.

"હું જ્યારે તને મળ્યો ત્યારે રૂ૦ લઈ જતો હતો. પછી હું મહેરન્‌ને બંગલે ગયો. પરમ દિને અમાસ વચ્ચે ટંટો થયો હોવાથી, મેં એને કહ્યું હતું કે હું રાજીનામું આપવાનો છું. પણ મેં આપ્યું નહિ. મારો વિચાર રૂ૦ આપી આવી જમીને મધુરીને ઠાકુરદ્વારની ગમ્મત અને પછી 'સુકન્યા સાવિત્રી'નો ખેલ જોવા લઈ જવાનો હતો. તેણે તે જોયો ન હોવાથી એક દિન લઈ જવાનો મારો વિચાર છેજ. બંગલાપર જઈ મહેરન્‌ની વિશ્વાસુ દાસી ગુલનારને મળી રૂ૦ આપી પાછા વળવાનો મારો નિશ્ચય હતો, પરન્તુ કમ્પાઉન્ડમાં જતાંજ ખબર મળી કે મહેરન્ મારી વાટ જુએ છે. પછી હું શું કરૂં? અન્દર જઇને રૂપિઆ આપ્યા અને કોર્નિસ કરી પાછો આવવાની તૈયારીમાં હતો એટલામાં રૂ. ફેંકી દઈ તેણે કહ્યું 'અનંત! આજે મારી સાથે ફરવા આવવું પડશે.' મેં બહુ ના કહી અને બ્હાનું કાઢયું કે મારે કામ છે. ત્યારે 'શું કામ છે?' કહી પિંછો પકડયો. હું મારી બ્હેનપર વ્હાલ રાખું છું એ જોઈ તેને વિષાદ થાય છે. તેણે કહ્યું. 'ફરવા આવવુંજ પડશે."

"અને તું ફરવા ગયો કે?" લાલબિહારીએ આતુરતાથી પૂછયું.

"નહિ તો શું કરૂં? તેણે ચાકરોને કાઢી મૂકી મને

ચિઠ્ઠી મારી. મને નિર્દય, કઠોર, કહ્યો. અને કહ્યું કે " આપણે બે નાસી જઇએ." વધુ શું ? તેણે કહ્યું ' અનંત ! મારા પ્રાણ ! મારા પ્યારા ! આજે રાત્રેજ આપણે નાસી જઇએ.' એવો નાટક તેણે મને પૂરવા લઈ જવા માટે ભજવ્યો. નિરૂપાયે મેં હા કહી અને મધુરીને ચિઠ્ઠી લખવા માંડી તો તેની પણ તેણે ના કહી. " આમ બોલી અનંતરાય થોડીવાર સ્તબ્ધ બેસી રહ્યો.

લાલબિહારી બોલ્યો " પછી શું થયું. ? "

" બિહારી ! તને કહેવા માંડ્યું છે તો હવે સર્વ કહીશ. મેં કેવી રીતે કારભાર મેળવ્યો તેની તને ખબર છે. કારભાર થોડા દિન ચલાવ્યા પછી એક દિન એણે પોતાનો મારા તરફનો પ્રેમ પ્રકટ કર્યો. મારૂં ચિત્ત પણ પીગળ્યું. અને અમે ગાંવદેવીમાં એક બંગલો લીધો કે જ્યાં મળી શકાય."

" હવે અમે એપોલો બન્દર પર પૂરવા ગયા. ત્યાં ગયા પછી તેણે મને ઉતરવાનું કહ્યું. ' તું બીજી ગાડી કરી બંગલે જા. મારે કામ છે.' એમ કહી મને ઉતારી તે ગાડી દોડાવી ગઈ. હું ઘેર જવું કે એને ત્યાં જવું એનો વિચાર કરતો હતો, એટલામાં એનો સિદ્દી નોકર આવ્યો,

અને કહી ગયો કે ' બાઈ સાહેબ ગામ જનાર છે. માટે એને બંગલે તમને બોલાવ્યા છે.' હું ગાડી કરી ત્યાં ગયો તો એ ન્હોતી. આવશે આવશે કરતાં દશ વાગે તે આવી અને જે બોલી તે શબ્દો મને હજી યાદ છે. તેણે કહ્યું:—

'મૂર્ખા! પાજી! તારા જેવો દુષ્ટ કોઇ નથી. મારો તારામાં આટલો પ્રેમ અને તું કપટ કરે છે. હું જો હોઉં તારે સ્થળે તો જાનની પણ પર્વા નહિં રાખું. અત્યાર સુધી તને નચાવ્યો તેમ તું નાચ્યો, એ તારો દોષ! હું મુસલમાન છું. મને એવા ડરપોક લોક ગમતા નથી. આજે હું ગામ જાઉં છું તે ઘણે દિને આવીશ. ત્યારથી તારે મારી દેવડીપર પગ મૂકવો નહિ. મારી સાથે હવેથી બોલતો નહિ.' એમ તે ઘણું યદ્વાતદ્વા બકી. થોડીવારે તે ચાલતી થઇ. સ્તબ્ધ થયેલો હું, સ્વસ્થ થઇ પાછો આવવા નીકળ્યો."

"અત્યંત વિલક્ષણ વાત છે, એ" લાલબિહારી બોલ્યો.

"અરે! તને કહીશ તો તું અજાયબી પામશે કે એણે મારૂં પારખું જોવા ખોટી સહી કરવાનું કહ્યું અને તે કરાવી સુદ્ધાં. અને તેણે વશીકરણ કર્યું કે શું તે હું તૈયાર થયો, એટલુંજ નહિ પણ કરી આપી."

"કેવી ભયન્કર વાત! આજે છૂટયો તે સારૂં થયું. આગળ સંબંધ પાડતાં જરા વિચાર કરવો. હં પછી?"

"આવતાં આવતાં મને એ રાં—ના પ્રાણ લેવાનો વિચાર થયો અને હું ગાંડો બની એને બંગલે પાછો ફર્યો, અને કમ્પાઉન્ડ આગળ ભટકવા લાગ્યો. પણ મને ખબર મળી કે ગાડીમાં બેસી મહેરન્ ચાલી ગઈ છે. એ વાતની બરાબર ખાત્રી કરી હું પાછો વળ્યો."

"પણ એનો વર એનાપર નજર નથી રાખતો?"

"સેત્રંજ રમવામાંથી અને શરાબ પીવામાંથી ફુરસદ મળે ત્યારે કેની? એ પણ વિલક્ષણ છે. પણ હવે હું જરા ડાહ્યો થઇ એ સર્વ વિસરી જઇશ, તેમ કરવા યત્ન તો કરીશજ. મધુરીને પૂછ્યા પછી આ માર્ગશીર્ષમાં તમારા લગ્ન કરાવી આપ્યા કે થયું."

પરન્તુ એટલામાં પ્રકાશ પડયો અને ફાનસ લઈ મધુરી ઉપર આવી. અનંતને જોઈ તેને આનંદ થયો. અને તે કહેવા લાગી "મોટા ભાઈ! તમે કયાં ગયા હતા.? મને ઉંઘજ ન આવી. તમે મને નાટક જોવા લઈ જવાના હતા તેનું કેમ?

લાલબિહારી સામે બેઠો હોવા છતાં દરકાર વિના અનંતરાય બોલ્યો "જૂઓ મધુરી બાઈ! હું તમારા લગ્નની ખટપટમાં પડયો હતો. મેં તમારે માટે એક સુન્દર વર શોધી કાઢયો છે. જો તે તારી સામે બેઠો છે"

તે આગળ બોલતે, પણ મધુરી ચાલી ગઈ અને લાલ-બિહારીએ પણ એને ઠપકો આપ્યો. પછી તે જવા ઉભો થયો ત્યારે અનંતરાય બોલ્યો—

"જો ઠર્યુંજ છે તો લાજ શરમ કેવી ?."



પ્રકરણ ૫ મું.

ડિટેક્ટિવનો ઉપરી.

ત્રણ દિન થઈ ગયા. વાલકેશ્વરમાં એક બંગલાના દિવાનખાનામાં એક યુરોપીઅનની સાથે ગણપતિરામ વાર્તાલાપ કરી રહ્યા છે. આવો પ્રિય પાઠક! આપણે તે સાંભળીએ.

ગણપતિઃ—"મેં તમને કહ્યું કેની કે હમ્મેશના નિયમ પ્રમાણે આ શબ જાહેરમાં જોવા માટે મૂકવું એ અયોગ્ય અને હાનિકારક થઈ પડશે. કારણ કે શિર વિનાના શબને કોણ ઓળખી શકે ? શ્વેત સિવાય અન્ય વસ્ત્ર પણ નથી. શબપર કાંઇ ચિન્હ પણ ન મળે."

સાહેબઃ—"તું કહે છે એ વાત તો ખરી ગણપતિ! પણ ત્યારે શબ કોનું છે, તે જાણ્યા વગર તું ખૂનીઓનો પત્તો ક્યાંથી મેળવે ?"

ગણપતિઃ—"વારૂ. એ વાત તો ખરી છે પણ વિચારો કે જે લોકોએ ખૂન કર્યું હશે તે શિરની વ્યવસ્થા

કરવા ચૂક્યા હશે ? કાંતો તેને બાળ્યું હશે અથવા તો દાટ્યું હશે. બહુ પકકા ખૂની છે." જો આ કેસનો પત્તો હું મેળવી શકીશ તો મને મહા યશ પ્રાપ્ત થશે. અરે ! પેરિસ શહેરના ડિટેક્ટીવ આવું એક ખૂન પકડી શકયા નથી એમ મેં પોલિસન્યુઝમાં વાંચ્યું છે. તો તેના કરતાં હું હુશિઆર ગણાઇશ."

સાહેબ:—"જો આ કાર્યમાં તું સિદ્ધ થશે તો તારા પગારમાં હું નકકી વધારો કરીશ. પણ તું કેવી રીતે પત્તો મેળવશે? તે કહે. તું શું કરે છે, તેની બાતમી મને આપતો જા. રિપોર્ટરોને ખુશ કરી મેં 'અમે આ વાત જાહેર નહિ કરીએ.' એવી કબુલાત કરાવી લીધી છે. શબ ગેટપર મુકવાની તેં ના કહી તો મેં તેમ કર્યું. આ ખૂન થયું છે, એમ જે થોડા જાણે છે તે થોડા સમયમાં ભૂલી જશે. પરંતું શબ જડયું ત્યારે તું એકલો ન હતો. તારી સાથેના બીજા બે ગૃહસ્થ ગડબડ ન કરી મૂકે ?

"નહિ. નહિ. તે માટે ફીકર ન કરો. તેઓ એક પણ અક્ષર બ્હાર ન પાડે. આવા ભયંકર કેસમાં પોતાનો સંબંધ છે. એવું જગ જાહેર થાય તેવી તેમની ઇચ્છા નથી. ઉલટા પોતાનાપર સાક્ષીનો પ્રસંગ આવે તેથી ડરતા રહે છે. કાલે હું એ બેમાંના એકને મળી આવ્યો. મને છોડીને

બન્ને પોતાના એક મિત્રે ઉજાણી આપી હતી ત્યાં ગયા હતા. એ મિત્ર પોતાની સાથે બે ગણિકા લાવ્યો હતો. એ બેમાંની એક તો કાંઈ બોલી નહિ, કિંતુ બીજીએ મને ઘણી અમૂલ્ય માહિતી આપી છે. જેનો તમને ખ્યાલ પણ ન હોય."

"વારૂ! તે સર્વ મને કહી જા. તું જે કરશે તે અમને માન્ય છે."

ગણપતિરામે વિચાર કરવાનો ડોળ કરી કહ્યું. "તમે મારા પર વિશ્વાસ રાખો છો, તેને હું પાત્ર છું એમ થોડાજ સમયમાં દાખવીશ. તમને ખબર છે કે મારી દૃષ્ટિ સુક્ષ્મ અને ચપલ છે. હું અતિ ચાણાક્ષ છુ અને થોડીજ વારમાં આવા ભયાનક કેસના પત્તા મેળવી શકું છું. કોઇને જે બાબતમાં મહત્તા ન જણાય એવી બાબતપરથી કઠિનમાં કઠિન કેસ શોધી શકુ છું. એક વાત ખોળ્યા પછી તે સત્ય છે કે નહિ તે હું નક્કી કરૂં છું. તે નક્કી થયું કે બરાબર પત્તો લાવી નાંખું છું."

આ પ્રમાણે પેલી વાત ગણપતિરામે હવામાં અદ્ધર ઉડાવી દીધી. શી ચતુરાઈ!

"તારી પદ્ધતિ મારા લક્ષ્યમાં આવી. હવે આ કેસમાં તું શું કરશે તે મને કહી જા."

"હવે હું તેજ કરૂં છું. તમને ખબર છે કે ડૉકટરે શબપરિક્ષા સમયે કહ્યું કે એ બાઈ અફીણ ખાનારી હોવી જોઇએ."

"અને એમ પણ, કે એને કાંઈ પીવડાવીને મારી નાંખી છે."

"ડૉકટરે કહ્યુ તે પ્રમાણે એને ખૂબ અફીણ ખવડાવી મારી નાંખી હોવી જોઇએ. વળી એ તો નકકી કે ઘણું ખરૂં મુસલમાન લોકો અફીણ ખાય છે. કેટલાકને તો એના વિના ચાલતુંજ નથી. હું ઉત્તરના ઝોટિંગાબાદના સંસ્થાનમાં ગયો હતો. ત્યાં કોઈ અફીણ ખાવાનું ચૂકતું નહિ."

"પરન્તુ આપણે ઝોટિંગાબાદમાં નહિ કિંતુ મુંબઇમાં છીએ." સાહેબે સ્મિત કરતાં કહ્યું.

"એ ઝોટિંગાબાદની રાણી એક વર્ષથી અહિંજ વાલકેશ્વરમાં રહે છે. તેણે ત્યાં બંગલા લીધા છે."

"ત્યારે શું તું એમ કહેવા માંગે છે કે તે રાણીને કોઇએ મારી નાંખી છે?....... તદ્દન અસંભવિતજ !"

"મારી કલ્પનાઓ તદ્દન અસંભવિત નથી. એટલુંજ નહિ પણ તે બીલકુલ ખરી છે, એમ હું સિધ્ધ કરી શકુ

છું. તમને યાદ હશે કે એ ધડ અત્યંત મનોહર ગૌરવર્ણ છે. અને અત્યન્ત મૃદુ હાથ પગપર મેંદી લગાડેલી છે, આથી તે ધડ કોઇ શ્રીમન્ત મુસલમાન બાઈનું હોવું જોઇએ."

"તે તો ઠીક. પરન્તુ એનુંજ ખૂન થયું છે એમ કેમ કહી શકાય? વળી એ રાણી પડદામાં રહેતી નથી. એટલે વખતે તે અહિંથી કોઈ અન્ય સ્થળે ગઈ હશે."

"મેં શોધી કહાડયું છે, કે ગયા શનિવારની રાત્રિ પછી તે કોઈની દૃષ્ટિએ પડી નથી. વળી તે માંદી પણ પડી નથી. શનિવારે સાયંકાલે તે પોતાના કારભારીને સાથે લઇ ઍપોલો બંદરપર ગઇ હતી. કારભારી પણ વીસ પચીસ વર્ષનો નવયુવક છે. સ્વરૂપે સુંદર છે એમ લોકોમાં કહેવાય છે. નબ્બાબિની પણ વીસેક વર્ષનીજ છે અને તે સૌંદર્યવતી હોય તેમાં તો કાંઈ શકજ નથી."

ગણુપતિરામ બોલતો અટકયો. અટકીને આગળ ચલાવ્યું:—

મારો એક નોકર છે એણે નબ્બાબિની અને કારભારીની એકાંતની જગા શોધવા પ્રયત્નો આદર્યા છે. અને એ નબ્બાબિનીનું મન એ કારભારીપર બહુ લાગ્યું છે. એ બન્ને ફરવા ગયાં

હતાં તે પણ ઉઘાડી ગાડીમાં, અને આવ્યાં તે પણ ઉઘાડીમાં........"

સાહેબે તેને બોલતાં અટકાવ્યો.

" ત્યારે એ પોતાના પતિને ગણકારતી નથી, એમ દેખાય છે."

" નહિજ. એતો એને ફાવે તેમ કરે છે. શનિવારે આઠ નવ વાગે તે તેના કારભારીને મળી હતી. તે પછી તે તદ્દન અદૃશ્ય થઈ ગઇ છે. આટલી ખબર મેં આજે મેળવી છે."

" વાહ! તારા બાતમીદાર મારા કરતાં ચાલાક જણાય છે."

" મેં મારા એક નોકરને તૈયાર કરી મૂકયો છે. એકવાર તેને કામપર છોડયો કે જાણે મેઇલટ્રેઈન. કામમાં ફતેહ થયા વિના રહેજ નહિ. મેં તેને રાણીના ચાકર માણસોમાં જઈ બાતમી મેળવી લાવવાનું કહ્યું છે."

સાહેબે ચીરૂટ સળગાવી, ફુંકવા માંડી.

" તે બાઇ કારભારીની મુકરર કરેલી જગ્યા શોધવાને મેં એને હુકમ કર્યો છે અને હું જાતે એ નવાબને સાધી લઈશ."

" પણ જો એમ એ અદ્રશ્ય થઇ ગઈ હોય તો નવાબે પોલિસને ખબર આપીજ હશે." સાહેબે ચીરૂટ કહાડી ઉચ્ચાર્યું.

" પરન્તુ એ નવાબ એની વાતમાં ડાપું મારતોજ નથી. એકવાર મારો ત્યાં પ્રવેશ થાય કે રાણીની એક વિશ્વાસુ દાસી તેની ઓળખાણ કરી હું સર્વ તપાસી લઇશ. પણ પ્રથમ કારભારી અને રાણીની જગ્યા જોવી જોઇએ. ત્યાંના તાળાંને લાગે એવી એક કુંચી મારી પાસે છે. મારો દામોદર ! અહા ! તેનું મગજ!"

" દામોદર કોણ ? "

" તે કહેવું હું ભૂલી ગયો. તે તો મારા નોકરનું નામ છે. તેનું મગજ પણ બહુ ફાંકડું છે. એને યુક્તિઓ પણ બહુ જડે છે. તાળાંનું માપ લઈ તે કુંચી તૈયાર કરી શકે છે. તેણે કુંચી તૈયાર કરી કે તરતજ હું ત્યાંની ખબર લઈ લઇશ."

" પરન્તુ ત્યારે એનું ખૂન કોણે કર્યું હશે ?. "

" મને તો અનંતરાયપર શક જાય છે. તે ખરૂંજ હશે."

" અનંતરાય કોણ છે. ?"

" એનો એ નબાબિનીનો કારભારી—અથવા આશક કહીએ તોએ ચાલે—લોકોનાં કહેવા પ્રમાણે. "

"પણ તમે કહો છો તેમ હોય તો તો એ હોવોજ જોઇએ."

"હા. તેને અને એ બાઇ સાહેબને ઠીક મિત્રતા જામી છે. એ અનંત બીજો વ્યાપાર પણ કરે છે. તેના ભાગીદારોને હું ઓળખું છું."

"ત્યારે એ કારભારી કેમ થઇ શક્યો?"

"હું ધારૂં છું કે સિફારસથી થયો હશે."

સાહેબે ચીરૂટ ફેંકી દીધી.

"ભાઇ જાતે સુંદર છે અને બાઇ સ્વચ્છન્દી છે. બેનાં મન મળ્યાં પછી શું પૂછવું? તેને એ રાણી તરફથી દ્રવ્ય પણ પુષ્કળ મળ્યું છે અને મળે છે. છ માસમાં સાત આઠ હજાર રૂપીઆ ભેગા કર્યા હશે, એમ કહેવાય છે, એ રૂપીઆપર એ રાણીની છાપ છે તેની એ પૂજા પણ કરે છે."

પ્રકરણ ૬ ઠ્ઠું.

" પણ તે ખૂન શા માટે કરે. ? "

" પણ તે ખૂન શા માટે કરે. ? "

" પ્રથમ મને લાગ્યું, કે શનિવારે તેણે કોટમાંથી રૂ. આણ્યા હતા. તે ઉચાપત કરવા ખૂન કર્યું હશે. પણ હવે તેમ નથી લાગતું. કારણ એ રૂ. તો મહેરનને મળ્યા છે. અને તેની રિસીટ પણ અપાઈ છે. વળી એમ પણ લાગ્યું કે તે બનાવટી હોય પણ એ તેવો માણસ નથી. મત્સરે આ કાર્ય કરાવ્યું છે. કારભારીને લાગ્યું હશે કે નબ્બાબિની પોતાની સાથે બેવફા થઈ છે. અને એ માટે એની સાથે તેણે ટંટો કર્યો હશે અને ખિજવાઈ જઈ ડોકું ઉડાવ્યું હશે."

" તારૂં કહેવું બની શકે તેમ છે. પણ ખૂન કરી માથાનું શું કર્યું. ? પેલું પોટલું, સફેદ વસ્ત્ર વગેરે કાંઇ પ્રથમથી તૈયાર કર્યા ન હતા. અને જો તેમ હોય તો એ બહુ બ્હાદુર ખૂની હોવો જોઇએ. "

" એવી તૈયારી કરનાર ખૂની ઘણું ખરૂં નવિન હોય છે. જે લોકો પ્રથમ પ્રામાણિક હોઇ પાછળથી એવા કામમાં

પડે છે. તે ભયથી એવી તૈયારી કરી મૂકે છે. ખૂની અનુભવી હોય તો તે નિર્ભય રહે છે."

"વારૂં. પણ એ કાર્યમાં અનંતનો કોઇ સાથી હોવો જોઇએ. એકબે પર ગાંસડી લઈ આવનાર અનંત ન હતો."

"ખરી વાત છે. મારા હાથમાંથી નાસી ગયેલ મનુષ્ય કાંઈ અનંત ન હતો. એ મનુષ્ય અનંત ન હોવાના કારણો પણ છે."

"તે દિને મારો એક સ્નેહી ઉજાણી કરવાનો હતો; અને તેણે બે ગણિકા આણી હતી એ વાત તમને ખબર છે. તેમાંની એકે કહ્યું હતું કે," અહિં ગણપતિરામે પેલી અધ્ધર ઉડાવેલી વાત જણાવી. "વિદ્યારામની વાડી આગળ તેણે કાંઈ **વિચિત્ર દૃશ્ય** જોયું હતું. તે એ હતું કે એક મનુષ્ય એક ગાડીમાંથી ઉતર્યો અને તેણે એક પોટલું કાઢયું. તે ઉતર્યો એટલે ગાડી ચાલી ગઈ. અને તે માણસ એકબે આગળ આવ્યો. હવે એતો ખુલ્લું જ છે કે અમને મળેલો માણસ અને એ એકજ વ્યક્તિ હતી. વળી તે વેશ્યાએ કહ્યું કે 'ગાડીનો કોચમેન સિદ્દી હતો અને ઘોડા કેંપ હોર્સિઝ જેવા ચપળ અરે કેંપનાજ હતા.' હવે એટલું શોધવામાં આવ્યું છે કે—"

ગણપતિરામે એક ખોંખારો કરી સાહેબની આંખપર એક તિરછી દૃષ્ટિ નાંખી.

"—કે તે રાણી અને અનંત ગાંવદેવીને બંગલે મળ્યા ત્યારે રાણીએ પોતાની ગાડી પાછી મોકલી દીધી; અને અમુક સમયે પાછી લાવવાનો કોચમેનને ઓર્ડર આપ્યો. તેથી કોચમેન તેટલે વાગ્યે લઈ ગયો."

"એ બધું ખરૂં પણ—" સાહેબે જરા ટહુકો પૂરવા માંડયો. ગણપતિરામના લાંબા લેકચરથી તે જરા કંટાળ્યો હતો. પરન્તુ ગણપતિરામ એમ નમ્યું આપે તેમ નહતું.

"જરા થોભો. એ રાણીપર એનો એક પણ ચાકર ખૂશ નથી. કારણ મુસલમાની રીવાજ પ્રમાણે તે પોતાના ચાકરને ગમે તે શિક્ષા કરી શકે છે. અને પૈસા પુષ્કળ મળતા હોવાથી તેઓ તે સહન કરે છે. પરંતુ તેનાપર સર્વ વૈર રાખે છે. અને તેમાં કોચમેન અને એ બેને તો એના પર અત્યંત તિરસ્કાર છે. એ વિષે મારી પકકી ખાત્રી છે. એક દાસીપર તે ઘણો પ્રેમ રાખે છે. પણ એ પણ તેના જેવી હોવાથી એનાપર પણ સર્વ અસંતુષ્ડ છે. હવે આવ્યું તમારા ધ્યાનમાં કારણ ?"

"નારે બા. જો તે કોચમેન, ખાજદાર કે નોકરે રાણીને મારી હોય એમ તું કહે તો તે કાંઇક ખરૂં છે.

પણ એમ જો કહે તો આગળનાને અને આને જરાએ મેળ બેસે નહિ." સાહેબે વાંધો કાઢયો.

"સાંભળો તો ખરા, હું તમારા મગજમાં એ વાત બરાબર ઠસાવીશ. અનંત અને રાણી બંગલામાં બેઠા છે. ગાડી બ્હારવાટ જૂએ છે. અનંત મહેરનને મારી નાંખે છે. માર્યા પછી પ્રેતનું શું કરવું તેનો વિચાર આવે છે. એ જાણે છે કે રાણી મરી ગઇ જાણી ચાકરો ખૂશ થશે. બ્હાર જઈ એ વાત તેમને સર્વને કહે છે. વખતે એમ કહે કે તે ઉભી હતી, એટલામાં તાણુ આવવાથી પત્થરપર પડી મરી ગઇ અથવા તો પોતેજ ખૂન કર્યું એમ પણ પ્રકટ કરે અને મહેરન્ ઘણી વખત કોઇને કહ્યા વગર ગામ ચાલી જઈ મહિનાઓ સુધી રહેતી હોવાથી નોકરોને એમ કહેવાનું સૂચવે કે તેઓ એને સ્ટેશનપર પહોંચાડી આવ્યા છે. તે પછી નોકરો ધડની વ્યવસ્થા કરવાનું કબુલ કરી ગાડીમાં પોટલું લઈ જાય છે અને વિદ્યારામની વાડી આગળ તે પોતાની ખાંધપર લઈ બેકબે તરફ જાય છે. હવે તો સમજણ પડી.?"

"પરન્તુ માથાનું શું કર્યું. ?"

"મારૂં એવું ધારવું છે કે તેને બાળી મૂક્યું. પણ આપણે એ વાત જવા દઈ એક પોઈન્ટને સર્જેડ પકડી રાખીએ. આપણે અનંતને પકડીએ. પેલા બે ગૃહસ્થ મારી

પાસેથી, પોટલું મને સોંપી ગયા પછી તેમને એ મળ્યો. ત્રણે ઉજાણીમાં ગયા. જ્યારે વેશ્યાએ પેલી વિચિત્ર દશ્યની વાત કહી ત્યારે એનો ચ્હેરો તદ્દન ગભરાયલો હતો. એ બોલી શકયો નહિ અને પુરતું ખાઈ શકયો નહિ. અને જલદી ઉઠવાનું કરવા લાગ્યો, કારણ તેનું ચિત્ત ઠેકાણે ન હતું. તે બ્હાવરો જણાતો હતો. આટલી મને ખબર છે અને હવે આગળ તપાસ ચલાવવી છે. મને હુકમ જોઇએ છીએ."

"ગણપતિ! ખરૂં કહું તો આ સર્વ નિવ્વળ કથા જેવું મને લાગે છે પરંતુ તું આગળ તપાસ ચલાવ. મારૂં તને પૂર્ણ અનુમોદન છે. માત્ર તું શું કરે છે તે મને કહે તો જા. વળી બે વાત તારે ચોક્કસ કરવી પડશે. (૧) એ ધડ ઝોટિંગાબાદની રાણી, નબ્બાબિની મહેરનનુંજ છે. અને (૨) તેનો ખૂની તેનો કારભારી અનંતરાયજ છે."

"વારૂ. આજે નવમી તારિખ ખરૂં? એકવીસમી તારિખ સુધીમાં હું પત્તો મેળવીશ. નક્કી નહિ. પછી તો જોઇશું. હજુ બહુ સમય છે. એટલામાં નવાબ સાહેબ પાસે જઈ હું યુક્તિ પ્રયુક્તિ રચી એની સાથે દોસ્તી બાંધું છું."

પ્રકરણ ૭ મું.

કામે વળગ્યો.

સાહેબની રજા લઈ ગણુપતિરામ ઘેર ગયો. અને ન્હાઈ કરી, તે પી સ્વસ્થ થઇ જરા વિચાર કરવા લાગ્યો. પૂછતાં તેના નોકર તરફથી ખબર મળી કે એ, અનંત અને મ્હેરનની એકાંત બંગલીના તાળાની કુંચી બનાવી લાવ્યો હતો. થોડીવાર વિચાર કરી પછી તેણે પોતાના વિશ્વાસુ નોકરને બુમ પાડી કહ્યું.

" દામોદર ! આગળ તપાસ કરવાનો મને હુકમ મળ્યો છે. અને બધું કામ સફાઇથીજ કરવું પડશે. જો તપાસ બરાબર થઇ ખૂની પકડાશે, તો આપણને ૭૦૦ ૮૦૦ રૂ. ઇનામ દાખલ મળશે. તેમાંથી ૨૦૦ રૂ. હું તને આપીશ ને તારો માસિક પગાર પણ વધારીશ. "

" વાહ ! વાહ ! ત્યારે તો—" દામોદર ખુશ થતો બોલ્યો. " મને રૂપિઆ મળ્યા કે હું તરત લગ્ન કરી નાંખીશ. "

બિચારાને લગ્ન કરવાની બહુ હોંશ હતી !

એ જાતીનો મરાઠો હતો. અને સતારા તરફનો રહે-વાસી હતો. પરંતુ તે બરાબર કાનડી, હિંદી બોલી જાણતો. તે સાથે મુંબઈમાં રહેવાથી તે ગુજરાતી પણ શીખ્યો હતો તે અત્યન્ત બુદ્ધિમાન અને ચાલાક હતો. અને જે કામમાં પડતો તે પૂર્ણ કરીનેજ ઉઠતો.

મુંબઇમાંજ એની ગણપતિરામ સાથે ઓળખાણ થઇ અને તેણે ડિટેક્ટિવના કામમાં એને હુશિઆર જોઈ પોતાના વિશ્વાસુ નોકર તરીકે રાખ્યો. એ તેને ઠીક પગાર આપતો અને ઉત્તેજતો. આથી તેની બુધ્ધિ બહુ વિકસી અને જાતજાતના વેશ લેવામાં તો એ એકકોજ હતો.

"પણ હવે—" ગણપતિરામે કહ્યું. "બહુ ઝડપ કરવી પડશે. કારણ મુદ્દત **દશ દિવસનીજ** છે. એટલા-માંજ સર્વ **દોડધામ** કરી લેવાની છે. આજેજ પેલા વાલ-કેશ્વરના બંગલામાં રહેતા ઝોટિંગાબાદ સંસ્થાનના નવાબને ત્યાં જઇ તું નોકરીની ત્રેવડ કર. તેને એક ચાકર જોઇએ છે. અને ત્યાં શું ચાલે છે. તેની પકકી ખબર મેળવ, જા તું ત્વરાથી. એના નોકરોને. ઉપરીને ગમે તો પૈસા કે દારૂ ગમે તે આપીને તું નોકરી લઈ લે એટલે થયું."

"હા. હા! એતો હું સમજ્યો. ખૂબ શરાબ પાઈશું કે ફતેહ! ફતેહ!!."

"વખત પડે એને બનાવટી હકીકત પણ કહેજે. પગારની ભાંજગડ કરતો નહિ. અને જલદી કામપર રજુ થઇ જજે. એ મહેરનના કોચમેન અને ખાજદાર સાથે દોસ્તી બાંધજે."

"એ સર્વ હું કરી શકીશ."

"અને એક વાત રહી ગઈ. પેલી એની દાસી સાથે પણ મૈત્રી રાખજે અને પૈસા વેરીને પણ હાથમાં લેજે. જરા ભપકાને દમામમાં કામ કરજે એટલે થયું."

"એ તમારે શીખવવું પડે તેમ નથી."

"પણ અલ્યા! એ નવાબના એ દાસી ઉપર ચારે હાથ છે એમ મેં સાંભળ્યું હતું. તને ઉર્દુ આવડે છે એટલે તે પણ ઠીક થશે."

"પણ મને લાગે છે કે મને હિંદી આવડતું જ નથી એમ બતાવીશું તો વધુ લાભ થશે કારણ મારા તરફ ધ્યાન આપ્યા વગર તેના ચાકરો પોતપોતામાં હિંદીમાં વાત કરશે તે હું સાંભળી શકીશ."

ગણપતિરામ પોતાના નોકરની ચાલાકી જોઈ અજાયબી પામ્યો અને વાંસો ઠોકી બોલ્યો.

"શાબાશ! શાબાશ! ચાકરોનો નાયક પૂછે, તો કહેજે કે હિંદી આવડતું નથી. બીજી વાત એ કે તું મને રોજ મળતો રહેજે. પણ તેનું કેમ કરવું.?"

એટલું બોલી ગણપતિરામ વિચાર કરવા લાગ્યો.

"હું ઠીક." વિચાર કરી તે બોલ્યો. "વ્હેલો ઉઠીને છ વાગ્યા પહેલાં તું મને પોલિસ ચોકી આગળ મળજે."

થોડીવાર ઉભય શાંત રહ્યા. આખરે ગણપતિરામે ચલાવ્યું.

"વારૂ. પણ જો નોકરી નજ મળે તો કાલે સાયંકાલે મને ચોપાટી આગળ મળજે. હું હવે ગમ્મતી પોશાક કરી નવાબ પાસે જાઉં છું."

દામોદરે ગણપતિરામે માગેલો સામાન આણી આપ્યો અને પછી તેને વસ્ત્ર પહેરવામાં મદદ કરી. જો કે ગણ-પતિરામે પોતાનો હમ્મેશનોજ પોશાક પહેર્યો.

જતાં જતાં તે બોલ્યો. "વારૂ ત્યારે આજે રાત્રે તો તું મને મળે કે નહિ મળે. કાલે સવારે હું હોઉં કે ન હોઉં તો પેલા બાલુ ને તું રજાપર જાય છે એમ કહેતો જજે."

મૂછના આંકડા આમળતો આમળતો. અને પોતાની

ચાણાક્ષતા ઉપર હસતો ગણુપતિરામ ડગલાં ભરતો ગયો અને ગયો. અનેક રસ્તા ઓળંગી તે ગાંવદેવી તરફ આવ્યો.

કારભારી અનંતે ખાસ ભાડે રાખેલો બંગલો જોવાનો તેનો મુખ્ય આશય હતો. એ ઘરનો દેખાવ બંગલા જેવો ન હતો, અને અંદર સર્વ સગવડ રાખવામાં આવી હતી. ગણુપતિએ એ ઘરનો પત્તો પ્રથમથીજ મેળવ્યો હતો.

એ બંગલાવાળી ગલીને નાકે એક પીઠું હતું. પીઠાની સામે બહુ ભીડ રહેતી; આથી કોઈ જુએ નહિ એ હેતુથી ધીમે ધીમે પગલાં ઉંચકતો તે આગળ ચાલ્યો.

એના મનમાં કંઇ કંઇ તરંગ વહેતા હતા. અને એક એક તરંગની સાથે એનાં પગલાંની તાલ પડતી હોય એમ લાગતું હતું. પોતાના પરાક્રમથી મળતી શાબાશી ઉપર કંઈક કંઈક હસી દેવાતું હતું. તેને ભવિષ્યમાં મળવાની શાબાશી ઉપર શેખચલ્લીના વિચારો દોડતા હતા. રસ્તામાં બિચારાને કેટલીએક ઠોકર વાગી હશે. પણ શૂરવીર લોકો કંઈ એમ હઠે. ?

તરંગોના ઉંછાળામાં ઉભરાતા ડિટેક્ટિવરાજને એક નવા નાટકનું ગાયન યાદ આવી ગયું. તે પોતે તો ભાગ્યેજ નાટક જોવા જતા; પણ જતા ત્યારે તે નાટકને બરાબર

ગોખીજ નાંખતા. કે કોઇ નાટકવાળાનું પાત્ર વચકી જાય તો તેમની ભરતી કરી શકાય.

એ યાદ આવેલું ગાન આ સ્થળે અને આ સમયે પોતાને બરાબર લાગુ પડે છે, એમ માની કંઇક અભિનય સહિત તે લલકારવા લાગ્યો:—

ગાયન.

મુજી કો માર ડાલું,
શીર કાટકે ઉડા દું ઉઉઉઉ ......મુજી.
લટપટ સબ ખુટાડું,
સબ અમન ચમન હું તોડું,
ખડ્ગ ચલાવું ખનનનનન્ ....મુજી.

“ખનનનનન્” શબ્દો બોલતાંજ જાણે એ શબ્દો સંભળાયા હોય–તરવારના અવાજ થતા હોય તેમ ભણકારા એના હૃદયમાં વાગ્યા. ચમકીને પાછું જોયું. કંઈ પણ નહતું. પોતાનીજ ભયગ્રસ્તતા ઉપર હસ્યો. “ગાન વાધ્યું:—”

ગાયન.

“સબ ચોરોકું મિટ્ટીમેં મીલાદું,
આ આ આ આ...........મુજી.

ધર્મકિ પરતાપ બતાદું,
દગાબાજકું ફૂલ મીલવાવુંઉંઉંઉંઉં....મુજી."

આલાપ સાથે પગલાં ભરતો ડિટેક્ટીવ વાઘની માફક વધ્યો જતો હતો. એટલામાં નિશ્ચિત સ્થાન આવ્યું.

એ ગલી બહુ ગંદી હતી. કેટલેક ઠેકાણે કચરા પેટીથી કચરો લેવાતોએ ન હતો. અને ઉકરડાઓ ભરાયા હતા. ઘરો બહુ નીચાં હતાં. કોઈ કોઈ બારીએ વેશ્યાઓ ડોકીઆં કરતી બેઠી હતી અને બ્હાર પાનની પીચકારીઓ મારતી હતી.

નીચે મખ્ખીચુસ મારવાડીઓની દુકાન હતી. તેના વેપારીઓ આખો દિવસ "દશ આપ્યા ને પાંચ લીધા"ની ભાંજગડ કર્યાજ કરતા. અને કંઇકનાં ગળાં રે'સી વ્યાજનાં વટંતર ક'ડાવતા.

ગણપતિરામને બહુ આશ્ચર્ય લાગ્યું કે આવી ગંદી ગલીમાં નબ્બાબિની કેમ આવતી હશે.!

જે ઘરમાં એને જવાનું હતું તેને બે મજલા હતા. અને તે રોનકદાર હતું. એને બન્ને બાજુ દરવાજા હતા. પાછલા ભાગમાં એક નાનકડું ઉદ્યાન હતું. બ્હારથી હાલ એમ દીસતું હતું કે જાણે અન્દર કોઈ ન હોય. ગલીનું

સ્વરૂપ જોઇ ગણુપતિરામ બબડયો "વાહ! આવી જગા ખૂનયોગ્ય છે. આવે સ્થલે ખૂન થાય એમાં આશ્ચર્ય શું.?"

એમ બબડતો તે ઘર પાસે ગયો, અને "અન્દર જઈ તપાસ કરીશ એટલે આ ખૂનની ઇત્થંભૂત હકીકત જડી આવશે." એમ બોલતો તે, ઘરનું, બહારના ભાગથી નિરીક્ષણુ કરવા લાગ્યો.

"હું! ઠીક છે. હવે દામોદરે આપેલી કુંચી કાઢી કામે લાગવું જોઇએ. પણુ આગલે દ્વારથી નથી જવું. પાછલે દ્વારથી જવું ઠીક પડશે. પરંતુ જો પાછલે દ્વારે એ કુંચી નહિ બેઠી તો તો ફજેતીના ફાળકા. અને કોઇ મનેજ ઘરફાડુ કહી પકડશે તો! તો તો ભોંયજ ભારી પડશે.! ના! ના! હું એમ શાનો ગભરાઉં છું. મારો પટો છે ને મારી પાસે. પરંતુ—"

વિચાર માળમાં ભંગ પડયો. કારણુ તેને લાગ્યું કે કોઈ પાછળથી આવે છે. જોતાં માલમ પડયું કે એ તેનો ભ્રમ હતો. તેણે વિચાર માળાના મણુકા ફેરવવા માંડયાઃ

"પરંતુ જેટલું તે બતાવવાનું ન આવે તેટલું સારૂં. હવે બહુ થયું. વખત ગુમાવવો ન જોઇએ. એટલી ચોકસાઈ રાખવી પડશે કે હું ઘરની તપાસ કરી ગયો એમ કોઇને માલમ પડે નહિ................

ઝટપટ ચિર ડાકૂં."

વિચાર માળા ફેરવતાંજ એક લીટી ગણુપતિરામે લલકારી. આ લીટી તો પોતેજ બનાવેલી જણાઈ અને ડિટેક્ટિવરાજ' કવિ બન્યા. ગણુપતિરામ પોતાનું જીવન સફલ થયું સમજ્યો.

આ ઉપરથી જણાશે કે ગણુપતિરામ એક વિચિત્ર વ્યકિત હતી. એ વ્યકિતના વિચારોજ હવાઈ હતા. અત્યારે પણ તે સુખના સ્વપ્નાં જોતો હતો.

હવે તે પાછલે દ્વાર જવાની શેરીમાં પેઠો.



પ્રકરણ ૮ મું.

ગાંવદેવીને બંગલે; સ્નાનગૃહ.

પાછળના દ્વાર પાસે જઈ પોતાની પાસેનો કુંચીનો ઝુમખો કાઢી તેમાંથી એક કુંચી વડે તેણે દ્વાર ઉઘાડયું અને અંદર પ્રવેશ કર્યો.

અન્દર ગયા પછી તેણે પોતાના ચોર ફાનસથી આમ-તેમ જોયું, તો તેને બગીચાનાં 'ખીલ્યાં વેલી અને વૃક્ષો' સિવાય કશુંજ દેખાયું નહિ. એક બાજુએ પતરાનું છાપરૂં બનેલું દેખાયું. આપણા ગણપતિરામ ચોકસ કામ કરનાર હતા. તેથી એ છાપરૂં શું છે તેની તપાસ કરવા ત્યાં પ્રકાશ પાડયો તો બેએક બારીઓ કિંચિત્ ખુલ્લી જણાઈ. વિચારમાલા ફેરવાવી શરૂ થઈઃ—

" ખૂન પછી અહિં કોઇ આવી ગયેલુંજ. તે સિવાય આ બારીઓ ખુલ્લી ન રહે. શનિવારે મહેરન્ અને અનંત અહિં આવ્યા; ત્યારે ખુન કરવાનું હોવાથી બારીઓ તો બંધજ કરવામાં આવે. નહિ તોય ચેનબાજી ઉડાવવાની હોવાથી

કકળાણને લીધે બારી તો બંધજ કરે. તેથી આ બારી તો શનિવારે ખૂન થયા પછીજ ઉઘાડવામાં આવી છે. ત્યારે કોણે ઉઘાડી હશે? અનંત કે એનો કોઈ સાથી હોવો જોઇએ. એના સિવાય બીજું કોઈ અહિં આવી શકે એમ નથી! હું! સાથીદાર તો રાણીનો નોકર. એટલે અહિં આવેજ નહિ. કારણ મહેરનનું જ્યાં ખૂન થયું ત્યાં તે ફરી શા માટે આવે? ઉલટું એ તો કહે કે આ રસ્તે હું કદી આવ્યો નથી, અને આ ઘર તો જન્માંતરે પણ જોયું નથી. તે કહેશે, 'અમારી નબ્બાબિનીને સ્ટેશનપર મૂકી, અમે પાછી આવ્યા. તે કયાં ગઇ તે અમને ખબર નથી.' ત્યારે કોણ અનંત આવ્યો હશે? શા માટે? અહિંનો સામાન લેવા? ના. ના. એ સામાન તેનો હોય કે નબ્બાબિનીનો—ના પણ મહેરનનોજ છે. એ લેવા આવેજ નહિ. ઉલટો જો કોઈ સ્નેહી તેને પૂછે તો એમ કહે કે એ કોઈ ગામ ગઈ છે. વળી વધારામાં કહે, 'કે કયાં ગઈ છે, અને કયારે આવશે' તે જાણતો નહિ હોવાથી હું પત્ર પણ લખી શકું નહિ; ચાલો હવે એ વાત જવા દઇ આપણે આપણું કામ કરો. પાછું પેલા નવાબ પાસે જવાનું છે. તે વેળાસર જવુંજ પડશે. હવે એ છાપરા તળે શું છે તે જોવું જોઇએ. બાગ તો જોઇ લીધો. જમીન કશે ઉખડેલી જણાતી નથી કે જ્યાં મહેરનનું શિર દાટયું હોય."

આમ વિચાર કરી તે છાપરા તળે ગયો. ત્યાંના દરવાજાને એક તાળું હતું, જે પોતાના ઝુમખામાંની ભિન્ન ભિન્ન કુંચી લગાડી ઉઘાડયું, અને પછી અન્દર પ્રવેશ્યો. અન્દરનું દશ્ય જોતાંજ તે સ્તબ્ધ થઇ ગયો.

એ બહારથી ખરાબ દેખાતાં પત્રાના છાપરાની અન્દરના ઓરડાઓ અત્યંત ભપકાદાર અને સુસજ્જીત હતા. ત્યાં આગળ એક છોબંધ ચોકડી હતી. અને તેની પર 'શાવર બાથ' બનાવ્યો હતો. ભિંતપર વાગાના સુગન્ધીદાર પડદાઓ લટકાવ્યા હતા અને દૂર તરફ કાશ્મીરી મોંઘા મૂલ્યની શાલ લટકાવી દીધી હતી. એક નાનકડા નાજુક કાચના કબાટમાં અત્તરો, તેલો અને મર્દનસાહિત્યો હતાં. એ સર્વ જોઇ ગણુપતિરામને વિચાર થયાઃ—

" અરે! વાહ! આ અનંત તો બહુ મોજીલો માણસ જણાય છેને. પણ આતો પારકે પૈસે પરમાનંદ! સર્વ મહેરનને ખર્ચે કેની! હવે આપણી તપાસ ચલાવીયે. અહિં તો કાંઇ જણાતું નથી. કારણ સઘળું સ્વચ્છ છે. કશે જરાય ડાઘ નથી. ત્યારે એ દુષ્ટે ખૂન અહિં કર્યું નથી. વારૂ. સંચામાં પાણી છે કે નહિ તે તો જોઇએ." એમ કહી એણે ચકલી ફેરવી તો પાણી પડવા લાગ્યું.

તેણે પાછું વિચારવા માંડયું.

"મહેરન્ કાંઈ શીતલ જલે ન્હાય નહિ; માટે પાણી ગરમ કરવાના સાધનો હોવાજ જોઇએ." પોતાનુ ફાનસ ફેરવતો ફેરવતો અને બારીક તપાસ કરતો, તે બીજી ઓરડીમાં ગયો. તેની કલ્પના ખરીજ હતી. જલ ઉષ્ણ કરવાના સર્વ સાધન ત્યાં હતાં. એકબે ડોલ પણ પડી હતી. છાંટેલા અને અર્ધદગ્ધ લાકડાં પણ પડયાં હતાં. વળી ત્યાં પુષ્કળ સુવાસીક પદાર્થો, સાબુઓ, ટુવાલો, પડયાં હતાં.અને ન્હાવાની એક પણ ચીજ અહિં ન હોય એમ લાગતું નહતું.

ગણપતિરામ બબડયો.

"અહિં સર્વ તૈયારજ છે. આટલી બધી જેણે ન્હાવા માટે તૈયારી કરી છે તે નબ્બાબિની પોતાને ન્હવડાવવા કોઇને સાથે લાવતી હોવી જોઇએ. ઘણું ખરૂં તો તે પેલી દાસી ગુલનારનેજ લાવતી હશે. કારણ તે એની વિશ્વાસુ અને માનીતી દાસી છે. એ ઉભયની જલક્રિડા ચાલતી હોય તો તે સમયે પણ ગુલનારને ઉભા રહેવામાં કાંઈ હરકત ન હોય. પરંતુ ગયા શનિવારે મહેરને ગુલનારને કેમ ન આણી? જો આણી હોત તો. ખૂન અટકાવાયું હોત. પણ ઇશ્વરને એ કેમ ગમે! મારા જેવા હુશિઆરને ઇનામ અપાવ્યા વગર કાંઈ ચાલે! બંદા કેવા હુશિઆર."

વિચારમાં ને વિચારમાં એનાથી હસી પડાયું.

"ધારો કે ખૂન ન અટકાવી શકત; કિંતુ ખૂનીના નામ ઠામ સર્વ કહી શકત. ના ના પણ એ ન આવી તેજ સારૂં થયું. નહિ તો પછી મારી હુશિઆરી કેમ બતાવાય.? એક સાક્ષી લાવ્યા ને કેસ પકરાયો એમાં આપણો શું શુક્કરવાર વળ્યો! એમાં મારી શું ચાતુરી જણાઇ? અસ્તુ."

એ ઓરડી પણ હતી તો સ્વચ્છ. ચૂલામાં રાખ હતી. તેથી પાંચ છ દિનપર તેને સળગાવ્યો જણાતો હતો. નળ નીચેની કુંડી પાણીથી ભરપૂર હતી. શોવર બાથનું પીપ પણ છલાછલ હતું. આપણા ગણપતિરામે જોયું તો જણાયું કે એક ભીંતપર મનુષ્ય જેટલી ઉચાઈમાં ત્રણ ડાઘા પડેલા છે.

"હું! હું! એનાપર ડાઘ પડયા હોવા જોઇએ. પરન્તુ જો મહેરનનો જીવ લઈ પછી ગળું કાપ્યું હોય તો તો છોળ ન ઉડતાં રક્ત વહ્યું જાય અને ફરસબંદી તો તદ્દન સ્વચ્છ છે. એમ બબડી એણે નીચે તપાસ કરી તો કાંઈ વિશેષ જણાયું નહિ. પરન્તુ જરા દૂર નજર ગઇ તો ફરસબંધીમાં બે પત્થર નથી એમ જણાયું. તે સ્થલે પત્થરની થોડી ઝીણી કચ્ચરો પડી હતી.

"અરે વાહ! પેલા પોટલામાંના પત્થર અહિંથીજ લીધેલા જણાય છે! ખૂબી તો ઠીક વાપરી છે. પત્થર

ફ્રસબંદીના છે એમ ન ઓળખાય તેથી કટકા કર્યા અને વધેલી કચ્ચરો અહિં ભરી! શી સફાઈ! પરંતું એ સફાઈ આ ગણપતિરામ આગળ નહિ ચાલે. ઓહો! લાવ પેલી ખૂરશી તપાસીએ."

ખૂરશીનો દેખાવ ભૂત જેવો હતો, કારણકે બેઠક— બેસવાની જગ્યા તેમાંથી કાપી નાંખવામાં આવી હતી. અને માત્ર હાડકાં પાંસળાંજ રહેવા દેવામાં આવ્યાં હતાં. તેના ઉપર તાજોજ રંદો માર્યો હતો.

" ખરૂં જોતાં તો આ ખુરશી એણેજ બાળીજ મૂકી હોત. પરન્તુ બહુ ઉતાવળ થઇ હશે. કદાચ દિવાસળીની પેટી જડી નહિ હશે. ગમે તેમ. પણ રંદો કયાંથી આણ્યો? "

હોઠ પર આંગળી મૂકી વિચારમાં પડયો.

" હં સુઝયું. "

આંગળી લઈ લીધી હર્ષિત થયો. ગર્વથી ચાલવા લાગ્યો.

" હં. કામ પર આવનાર સુતાર અહિં મૂકી ગયો હશે. પણે પેલો પલંગ સુધારવા માંડયો હોય એમ લાગે છે. "

પલંગ પાસે જઇ તેને તપાસી જોયો.

" હા. હા. એમજ છે. મારી કલ્પના ખોટી પડતી નથી, પ્રભુ કૃપાથી—" કંઇક અચકયો—વિચારતો બંધ રહ્યો—પાછો હઠયો.

" પણ ખૂન સાથે ખુરશીનો શો સંબંધ?. "

વળી વિચાર માળાના મણકા ફેરવવા માંડયાઃ

" હું. તેના પ્રાણ લીધા પછી અને શીર કાપ્યા પહેલાં તેને ખૂરશીપર બેસાડી હશે. ગમે તેમ હો. પણ કેસ તો બહુ વિલક્ષણ છે........ ખૂરશીને ડાઘ તો છે નહિ. પણ પેલી રહી વાદળી. એનાથી લૂછી નાંખ્યા હશે. અહિં તો બધો બાદશાહી ઠાઠ દેખાય છે. ગમે તેવી નબાબિની—રાણી—નવાબની રાણી કેની!. "

ધીમાં પગલાં ભરવાં માંડયાં.

બે ડોલ પાસે પડી હતી. તેમાં તેણે થોડું થોડું પાણી ભર્યું. એકને ફરસબંધી પર ઢોળી દીધી. અને બીજીમાં વાદળીનો કકડો નાંખ્યો. ફરસબંધીના એક ખૂણામાં નળવાટે બાગમાં પાણી વહી જાય એવી વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યાં પાણી તરતજ વહેવા માંડયું.

ગણુપતિરામ વાંકો વળ્યો. બારીક તપાસ કરવા લાગ્યા. ગજવામાંથી ચપ્પુ કહાડી તેણે મટોડી ખોદવા માંડી. હાથમાં લઇ પ્રકાશમાં લાવી જોયું તો માલમ પડયું, કે તેની 'સાથે કેટલીક ઘાસની સળીઓ પણ આવી હતી. તેનો રંગ વિચિત્ર હતો.

ગણુપતિરામે તેને ઘણી વાર સુધી નિહાળી પણ કંઇ વધારે જાણી શકયો નહિ. તેને નાક પાસે સુગંધ લેવાને બેચાર સબડકા ખેંચ્યા પણ વ્યર્થ. પછી તે બ્હાર બાગમાં તે સ્થળે ગયો. અને ત્યાં પણ એવુંજ કર્યું.

"હું. બસ બરાબર છે. આ ઓરડીમાંજ ખૂન થયું છે. લોહીના ડાઘા તો ધોઈ નાંખ્યા હશે. અથવા નખ્ખાબિની નહાતી હશે, ત્યારે તેને મારી નાંખી હશે. પછી તેને ઓરડીમાં લાવી ખુરશીપર ગોઠવી ડોકું કાપી લીધું હશે. આખું ઘર તપાસીશ ત્યારે એ સર્વ નક્કી થશે."

પુનઃ તે ઓરડીમાં આવ્યો. ટેબલમાંથી પેલો સ્પંજ (વાદળી) નો કકડો હાથમાં લઈ તેને દાબ્યો. તરતજ રાતું પાણી પડવા માંડયું. ગણુપતિરામ ખૂબ હર્ષ પામ્યો.

"હઠ; લુચ્ચાઓ ! આજ કે તમારૂં પાણી ?." હર્ષમાં બોલાઈ ગયું. ફરી ફરી પાણી બોળીને વાદળી નીચોવ્યા.

કરી. તેની બરાબર ખાત્રી થઇ કે ડાઘા એ સ્પંજથી કહાડી નાંખ્યા હતા.

"ખૂન ક્યાં થયું અને કેમ થયું તેતો નક્કી થયું."

એટલું થયા પછી તે બ્હાર આવ્યો અને ઘરમાં પેઠો. નીચેના મજલાની ખોલી જોવા લાયક નહતી, અને ત્યાં સામાન પણ નહતો. આથી—

તે ઉપર ચઢી ગયો.



પ્રકરણ ૯ મું.

બંગલો.

ત્યાં જોયું તો બે સામસામે ઉત્કૃષ્ઠ સામાનથી સજેલી સુન્દર ઓરડીઓ તેની નજરે પડી. એકમાં ખૂરસી ટેબલ વગેરે ઠાઠમાઠ હતો અને બીજામાં પલંગ ઇત્યાદિ હતું. જે ખોલીમાં ખૂરસી ટેબલ હતાં તેને 'દિવાનખાનું' અને જેમાં પલંગાદિ હતું, તેને 'શયનગૃહ' એવુ નામ આપણે આપીશું.

એ દિવાનખાનામાં એક ફાંકડો આલ્મિરા હતો. તેને નાના મોટા ઘણા ખાનાં હતાં. આપણા ગણુપતિરામ અચાનક ત્યાંજ જઇ ચઢ્યા. અને તેના હૃદયમાં આશાનું કિરણ ઝળકયું કે જે જડશે-ખૂનની જે માહિતી મળશે તે સર્વ આમાંથીજ મળવાનો સંભવ છે. આથી તેણે એક પછી એક ખાનાં ઉઘાડવા માંડ્યા. એક પણ ખાનાંમાંથી કાંઈ નવિન બાતમી મળી નહિ. હવે એક છેલ્લું નાનું ખાનું રહ્યું હતું. એ ખાનું ઉઘાડતાં પહેલાં ગણુપતિરામ વિચારમાં પડયો.

પોતાના હોઠપર એક આંગળી અડકાડી તે ઉભો રહ્યો.

વિચારમાંથી ચમકતાંજ સંભાળપૂર્વક ધીમેથી હાથ ખાનાંને લગાડયો. અને બહુજ કાળજીથી, (જાણે સહજ ભાર પડવાથી ભાંગી જશે,) તેને બહાર ખેંચ્યું, અને અન્દર એક દૃષ્ટિ ફેંકી.

અફસોસ ! ત્યાં કાંઈજ નહતું.

પરંતુ ગણપતિરામ બહુ ચોકકસ કામ કરનાર માણુસ હોવાથી તેણે સર્વ ખાનાં પાછા ખેંચી જોઈ જવાનો વિચાર કર્યો. પરંતું પ્હેલા ખાનાથી શરૂ કરવું તેને ગેરવાજબી લાગ્યું. તરત તેણે આંખ વીંચી દીધી અને એક ખાનાને હાથ લગાડયો. પછી નેત્રો ખોલી તેણે તે ખાનું ઉઘાડયું. એ ખાનું બીજું હતું.

બરાબર તપાસ કરતાં અન્દર એક નાનકડી પેટી દીસી.

આહ ! એ અવાજ શેનો થાય છે ! અરે એતો ગણુપતિરામ કૂદે છે. એને એ પેટી જોઇ એટલો તો આનંદ થયો કે અવર્ણ્ય ! એને લાગ્યું કે એક કાગળમાં એ ખૂનની સર્વ વિગત લખી બધાના નામઠામ સાથે લખી એ પેટીમાં મૂકી હશે. ત્રણેક મિનિટ સુધી તો એ પેટીને તે અડકયો પણ નહિ.

તે પછી અન્દરથી એણે એ નાજુક પેટી બહાર કાઢી. અને તેને ઉઘાડી.

અફ્સોસ ! ત્યાં કાંઇજ દૃષ્ટિએ પડયું નહિ.

પેટીની પરિક્ષા લેવાનો ભગ્નાશ ગણપતિરામને વિચાર થવાથી તેણે અન્દર હાથ ફેરવ્યો.

એ શું થયું ?

એતો પેટીમાંનું એક છુપું ઢાંકણું ઉઘડયું. કારણ ગણપતિરામનો હાથ એક ચાંપને લાગ્યો અને તેનો એ પ્રભાવ !

પરન્તુ પેટીમાં જે ચીજ હતી તે જોઇને એ ચમકયો.

પ્રિય પાઠક ! એવી તે શી ચીજ હશે કે જે ગણ-પતિરામને આશ્ચર્ય પમાડે !

એતો થોડી નોટો-કરન્સી નોટો હતી.

એવી નોટ જડશે એવો એને સ્વપ્ને પણ વિચાર ન હતો. એ નોટ જડવાથી એના સર્વ તર્કગઢ ત્રુટી પડયા.

ખૂનના પત્તાની જે સાંકળીઓ તેણે બેસાડી હતી,, તેમાં આ નોટને લીધે વાંધો આવ્યો.

" આ દ્રવ્ય અહિં આવ્યુંજ ક્યાંથી ? " તે વિચારમાં પડયો. શાંત ઉભો.

" શું રાણીએજ–નબ્બાબિનીએજ અહિં મૂક્યા હશે ? અનંતે તો મૂક્યાજ નથી, કારણ કે તે તો કાર્યભારી છે. નબ્બાબિનીએજ મૂક્યા હશે. પણ તે વખતે અનંતે આ દ્રવ્ય અહિં મૂકવાની ના કેમ ન કહી ? તેની ફરજ હતી. તેણે અટકાવવીજ જોઇએ........"

વળી કંઈ વિચારો ઉત્પન્ન થયા; તેનું વહન જુદીજ દીશામાં થયું.

" હં. પણ એમ હશે કે નબ્બાબિનીએ એને જણાવ્યા વિના અહિં મૂક્યા હશે ...આ પેટી પણ બહુ ખુબીદાર છે. અહિંની બનાવટ નથી. ફ્રાંન્સની–ઓહ, લે આ ઉપર લખ્યું છે. Paris પારીસ–ફ્રાંન્સનીજ બનાવટ. (હિંદમાં તો શું શું બને છે તે હિંદ વાસીઓનાં દીલ જાણે છે.) "

વિચારો અટક્યા. બબડાટ શરૂ થયો:—

" મને લાગે છે કે આ ચોરખાનાંની વાત અનન્ત પણ જાણતો ન હશે, પણ તે કેમ બને ? પોતાના પ્રેમીને–હઠ, પ્રેમી શાનો ?–યારને પણ આવું બતાવે નહિ ? કોણ જાણે ભાઈ. નબ્બાબિની છે. સ્ત્રીનાં હૃદયને કોણ ઓળખે છે ? "

વળી કંઈક સાંભરી આવ્યું:—

ગાયન.

"નારી હૃદય, છે પ્રેમની પ્યાલી
કે શૂન્ય છે પાષાણુ ભારી૦
જ્યાં શૂર ગોથાં ખાય છે.......નારી૦
કોણુ જાણે, મહત્તા, કોણુ જાણે
સ્રીઓનાં દીલડાં તણી...........નારી૦"

"તો વળી આટલું એ અનન્તથી છુપાવે તેમાં શી નવાઇ? કોણુ જાણે એ કેવી હશે? એક વાર જોવી તો જોઇએજ. પણ હવે શું? હવે મુદ્દું જોવાથી શું વળે?"

કેટલીક વાર પછી તેને વિચાર આવતાં તેણે નોટો ગણી જોઈ તે ૫૦૦૦૦ ની થઈ.

"પચાસ હજાર! અધધધ આટલી મોટી રકમ; આવે સ્થળે; દરકાર વિના! હરિ!! હરિ!!!" તે બોલી ઉઠયો—બબડયો.

"હં. હં. બરાબર છે. ગયા શનિવારે અનન્ત કોટમાંથી જે રૂપીઆ લાવ્યો તે તેણે પોતાની માલિકણુને આપ્યા હતા; તે પણ પચાસ હજારજ હતા, તે નબ્બાબિનીએજ—"

વિચાર બદલ.યા.

" હું. રાણીનું ખૂન અનન્તે દ્વેષથી નહિ પણ આ દ્રવ્ય પચાવી પડવાના હેતુથીજ કરેલું. આહ! કેવો પકડાયો. જાણે તેનું ચિત્રજ મારા સમીપ ઉભું રહે છે. તેણે નોટો લાવીને રાણીને સોંપી હશે અને તેણે પોતાના ઝભ્ભાના ગજવામાં મૂકી હશે. પછી બન્ને સાથે ઉઘાડી ગાડીમાં ફરવા ગયાં. "

વિચારોની સાંકળ પાછી ગંઠાવા માંડી;

" પછી બન્ને પાછાં આવ્યાં. તે વખતે પણ ગાડી ઉઘાડીજ રાખી હતી. અહિં આવ્યા પછી તેનું અનન્તે ખૂન કર્યું. ખૂન કરતાં તેનો હાથ પેલીની છાતી પર પડયો હશે. આથી તેને આ નોટોવાળાં ગજવાનો સ્પર્શ થયો હશે. પછી તેને એ નોટો પચાવી પાડવાનો વિચાર આવ્યો હશે. તેણે નોટો કાઢી લીધી હશે. પણ પછી પાછી અહિં કેમ મૂકી. ? "

વિચારોનું ગાડું અટક્યું. વળી થોડીવારે ખટારો ચાલ્યોઃ—

" હું. એટલામાંજ તેને ભય લાગ્યો હશે કે ન કરે નારાયણને મારા ઉપર સંશય આવે.......પણ નારાયણ કેમ ન કરે ? પાપનો ઘડો ક્યાં સુધી આખો રહે ? કહ્યું છે કેઃ—

ગાયન.

પૂર પામ્યો પાપનો,
ઘટ ના ઘણું આખો રહે. પૂર૦
વાતો મહિં છળ બળ અને,
સૌ કપટ કયાં સુધી રહે? પૂર૦"

(યુવાવસ્થામાં ગણુપતિરામે સાહિત્યક્ષેત્ર ઠીક ખેડયું હોય એમ લાગે છે! અને આ અનુભવીની અવસ્થા આવી, ત્યારે પણ પેલો ચેપ ઉડી જતો નથી. તે આમ ઘણી વાર કંઇ કંઇ કવિઓનાં કાવ્યો લલકારી આ શાંતિશૂન્ય ધંધાના ખળભળાટમાં પણ આનંદ શોધતો, એજ એની હુશીઆરી.)

થોડીવારે તે ચમકયો. નાટકનું ગાયન બોલતાં બોલતાં ખરા વિચારો ગુમ થયા તે પાછા લાવવા પ્રયત્ન કરવા લાગ્યો.

તે પાછા આવ્યાઃ—

"પોતાની પાસે આટલા બધા રૂા૦ એકદમ આવે તો સંશય ઉત્પન્ન થાયજ. 'એ પીડા શા માટે વ્હોરવી?' એમ ધારી તેણે આ સ્થાનેજ થોડા દિવસ રહેવા દેવાનો વિચાર કર્યો હશે. અને એ રૂપિઆ આ નબ્બાબિનીના આલ્મીરામાં–આલ્મીરાના ખાનાંનાં ચોર પડમાં મૂકયા."

"શનિવાર પછી અહિં કોઈ આવ્યું હશે. એમ શક લાગ્યો હતો, તે ખરોજ છે. અનન્ત જાતેજ અહિં આવ્યોજ હશે. પોતાની નોટો સુરક્ષિત છે કે નહિ તે જોવાને માટે. હશે ! હવે બરાબર પકડાયો ! લુચ્ચો સપડાયો છે ગણપતિરામની જાળમાં."

નોટનું શું કરવું એવો વિચાર આવતાંજ તેને લાગ્યું કે અહિંજ પાછી જેમની તેમ મૂકી જઇશ તો ઠીક પડશે. તેણે નોટો ત્યાંજ ઠેમવી દીધી.

(અમે અમારા વાંચકોને પ્રાર્થના કરીએ છીએ છાનાંમાનાં ત્યાં જઈ એ નોટો લઈ ન જાય. !)

એટલામાં પાસેનાં એક આરસીવાળાં ટેબલપર ધીમે ધીમે 'ટક્ ટક્' અવાજ થતો તેને સંભળાયો. પાસે જઈ જોયું તો માલમ પડ્યું કે ત્યાં એક નાનું ઘડીયાળ પડ્યું હતું.

બીજી તપાસ કરતી વખતે પોતાનું લક્ષ ત્યાં ગયું નહતું. તેથી અજાયબ થયો. છતાં પોતાની એકાગ્રતા ઉપર તેને ઠીક ભરોસો આવ્યો. કંઇક હર્ષ પામ્યો.

'ટાઇમપીસ' ને બરાબર જોવાથી માલમ પડ્યું કે તે ચોવીસ કલાકની ચાવીવાળું 'પૉકેટ વૉચ' છે.

'ખરૂંજ છે. મારો તર્ક ખરોજ છે, એમાં સંદેહ

નહિ. શનિવાર પછી તો શું પણ ચોવીસ કલાક પહેલાંજ અહિં કોઇ આવ્યું છે. એમ ન હોય તો આ ઘડીઆળ ચાલે કેવી રીતે? જે મનુષ્ય અહિં આવ્યું હશે તે અહિંજ રાત્રી ગાળવાના ઉદ્દેશથી આવ્યું હોવું જોઇએ. એમ ન હોય તો તેને ઘડીઆળને કુંચી આપવાનું શું કારણ?."

"એ આવનાર અનતંજ હોવો જોઇએ. પણ તે આટલો બધો સાહસિક હશે?. શું વજ્ર-હૃદયી હશે?. ના. ના. એમ તો નહિજ હોય. જે સ્થળે પોતે ખૂન કર્યું તેજ સ્થળે આવી ઉભવાની તેની હિંમતજ કેમ ચાલે?. અને તે વળી ઘોર રાત્રીએ?."

ગરબડ-ઘોંટાળાને બહાર જવાનો માર્ગ ન મળ્યો.

વળી વિચાર વાધ્યાઃ

"હં. હવેજ સર્વનો સ્ફોટ થયો. પોતાના પૈસા સુરક્ષિત છે કે નહિ તે જોવા અહિં આવ્યો. પછી તેને એમ લાગ્યું કે પૈસાના રક્ષણ માટે અહિંજ રહેવું પડશે. અને રહ્યો પણ ખરો. કિંતુ રાત્રિ જેમ પસાર થતી ગઈ તેમ તેને બ્હીક લાગવા માંડી. તેની સમક્ષ પોતે કરેલાં ખૂનનો દેખાવ આવી ઉભો રહ્યો અને નબ્બાબિનીનું ભૂત દેખાવા લાગ્યું. તેની સમક્ષ ભૂતડાં નાચતાં જણાયા. અને

એ ભયેજ એને આ ગૃહ ત્યજાવ્યું. ભાઈ ડરપોક રહ્યા.”

બહુ ઉશીર થયું છે એમ આપણા ગણપતિરામને લાગવાથી તેણે એ ઓરડીનું જલદીથી નિરીક્ષણ કરવા માંડ્યું. પરંતુ કાંઈ મહત્વભરી બાબતો જણાઈ નહિ. તે ત્યાંથી જવાના વિચારમાં હતો; એટલામાં એને કોઈના પગલાંનો ધ્વનિ સંભળાયો.

આપણા ગણપતિરામના કર્ણ બહુ તિક્ષ્ણ હતા. અરે તે એટલા તો ચપલ હતા કે માતા પિતાની ખાનગી વાતો પણ ગણપતિરામ વિનાપ્રયત્ન જાણી શકતા. એમના બીજા કેટલાક મિત્રો એમને તિક્ષ્ણકર્ણ પણ કહેતા. અને એથી કાંઇ તે ચિઢવાતા નહિ. ઉલટું એ નામ એમને ભૂષણરૂપ લાગતું. અને કેટલીક વાર તો એણે કેટલાકને પોતાનું નામ એ પણ કહેલું. સ્કુલમાં એણે માસ્તરે પૂછતાં તિક્ષ્ણકર્ણ કહ્યું. અને એના માતપિતાએ ગણપતિરામ લખાવ્યું. માસ્તરે ધાર્યું કે તિક્ષ્ણકર્ણ અને ગણપતિરામ એ બે જોડીઆ ભાઇઓ હશે. અને તેથીજ તેમની મુદ્રામાં એટલો મેળ હતો. એ પ્રમાણે એ નામને લીધે કેટલાક સજ્જડ ઘોંટાળા થયા હતા. અને એ ઘોંટાળામાં તો આપણા ગણપતિરામને ઠીક મજા પડતી. એવા ઘોંટાળા ન થતા હોય, તો કરવા એ તત્પર રહેતો. કેટલીક વાર જૂદા જૂદા વેશ

લઈ એમણે પોતાના મિત્રો અને માબાપને સુધ્ધાં મ્હીવડાવેલા.

અરે પણ કલમ ! તું એટલી બધી કેમ મ્હેકી જાય છે. ? ચાલ રહેવા દે તારો પીંજણ પાટલો. !

હવે આપણે મૂળ બાબત પર આવીશું.

એમના કાન બહુ તિક્ષ્ણ હોવાથી રસ્તાપરના (બ્હારનો) દ્વારના તાળાંમાં કુંચી ઘાલી કોઈ ફેરવે છે. એવો ધ્વનિ તેમને સંભળાયો. એ ભયભિત તો થયાજ નહિ, કારણ એમની પાસે હથિઆર હતાં. કિંતુ એવા કેસમાં જેટલું ગુપ્ત રહે તેટલું સારૂં. તેથી એ પલંગવાળી ઓરડીમાંથી કોણ આવે છે તે જોવા લાગ્યો.

નબ્બાબિનીનો ખુની કોણ છે. તે હવે સત્વર અને વળી ખાત્રી પૂર્વક શોધી કઢાશે. એમ એને લાગ્યું. આનંદની છટા તેમની ખૂબસુરત મુદ્રાપર છવાઈ રહી.

હવે તેને લાગ્યું કે આ આવનાર, પ્રથમ પલંગ વાળી ઓરડામાં જશે. તેથી એ બીજી ઓરડીમાંજ ન જતાં બન્ને ઓરડી વચ્ચે જે જગા હતી. તેમાં એક સ્થળે છૂપાઈ રહ્યા.

હવે એની રચના એમ હતી કે, દાદર મારફતે એક ચાલીમાં અવાતું એ ચાલીની બે બાજુએ બે ઓરડી હતી.

આ ચાલીમાંજ ગણુપતિરામ સંતાઈ રહ્યા હતા. તે અતિ ઉત્સુકતાથી આવનારની માર્ગ પ્રતિક્ષા કરતા હતા. એટલામાં કોઇ પોતાના પગના ધ્વનિ થાય તો તેની દરકાર કર્યા વગર ધબધબ ઉપર ચઢી આવ્યું અને દિવાન-ખાનામાં ગયું; ગણુપતિરામે બરાબર જોયું; અને તેને ઓળખી કાઢયું.

તે અનંત હતો.

"મારો તર્ક જે કદી ખોટો પડતો નથી તે અહિં (દાદરપરથી) પડે? પરંતુ એ અહિં શા ઉદ્દેશથી આવ્યો હશે?........"

એ પ્રમાણે વિચાર કરતો એ કોઇ ન જાણે તેમ દિવાનખાનાની સામેની ઓરડીમાં ઘુસી ગયો. એ ઓરડીમાં એક નાનકડી જાળી હતી. જેની બરાબર સામે, પેલી ઓરડીમાં પણ એક જાળી હતી. તે વાટે એક ઓરડીમાં થતું સર્વ, બીજીમાંથી જોઈ શકાતું.

"ખોલીમાં ન આવે તો સારૂં. બરાબર છે. એ તો એલ્મિરા પાસે જાય છે."

પરંતુ અનંત એલ્મિરા પાસે ન ગયો. તે તો ધીમે ધીમે પગલાં મૂકતો હતો. તેનું મુખ મ્લાન હતું અને નેત્રમાંથી અશ્રુ ખરતાં હતાં.

"અરે વાહ! મારી કલ્પના સત્ય છે! ખૂની બહુ પ્રેમાળ જણાય છે! પ્રથમ ખૂન કરી હવે પશ્ચાતાપ કરે છે! પરંતુ એ તો પેલી નોટ લેવા આવ્યો જણાય છે. જો એ નોટ લેશે તો મારે એને અહિંથીજ પકડવો પડશે. હવે એ નબ્બાબિનીનુંજ ખૂન થયું છે એમ ચોક્કસ કરવું જોઇએ એટલે થયું."

તે પછી અનંત ઘડીઆળના ટેબલ પાસે ગયો અને થોડીવાર ઘડિઆળપર દૃષ્ટિ માંડી રાખી. અને પછી તેને ધીમેથી ઉંચકી કુંચી આપી.

ગણુપતિરામ ચમકયો!

તેને લાગ્યું કે પોતાનો સર્વ તર્કવ્યુહ ઢળી પડયો. આ ગૃહસ્થ રોજ અહિં આવતો હોવો જોઇએ; અને તેની નિશાની તરિકે આ ઘડિઆળને કુચી આપતો હોવો જોઇએ! એ ગાંડો તો નહિ થયો હોય?." એમ તેને વિચાર આવ્યા. અનંતનો આ બધું કરવાનો હેતુ તે કળી ન શકયો.

તે આશ્ચર્યમાં પડયો.

અંતે અનંત તે એલ્મિરા પાસે ગયો. તેણે બધા ખાનાં ઉઘાડયા. બીજું ખાનું ઉઘાડી પેટી પણ કાઢી. છતાં તેણે ચોરપડ ન ઉઘાડયું. પાછી પેટી મૂકી ખાનું દઇ દીધું.

આ પ્રમાણે ખાનાં શોધી વળ્યાં છતાં કાંઈ ન જડવાથી તેણે એક દીર્ઘ નિઃશ્વાસ મૂકયો. કાંઈ પણ લેવાનેજ તેણે ખાનું ઉઘાડયું હતું એતો દેખીતુંજ હતું. પરંતુ એને શું જોઈતું હતું તે—

ગણપતિરામ કળી શકયો નહિ!.

એને, પેટી ઉઘાડી તે પાછી મૂકી, ત્યાં સૂધી આશા હતી કે અનંત ચોરપડ ઉઘાડશે. પરંતુ તે આશા નિરાશાના રૂપમાં પલટાઈ.

અનંતે સર્વ ખાના બંધ કરી ખોલીમાં ફરવા માંડયું. તેને, શું કરવું તે સૂજતું ન હતું એમ દેખાયું.

"એ, આ ખોલીમાં પણ શોધ કરવા તો ન આવે? ફીકર નહિ. હું પલંગ તળે સંતાઈ શકું તેમ છું. એ કાંઈ મારી પેઠે ડિટેકિટવ નથી કે નજીવી બાબતપર વિચાર કરે!. તેમાં મને વળી નબ્બાબિનીનો ભૂત તો નહિ ધારે? તો તો ભોગજ મળશે. એ પોતાના હાથમાં આવે તે મારી તરફ ફેંકશે.! પણ ફીકર નહિ. હું છતો થઈશ."

પરંતુ થોડીવારમાંજ અનંત તો નીચે ઉતરી ગયો.

ગણપતિરામ સ્તબ્ધ થઇ ઉભો રહ્યો. અને પછી દિવાનખાનામાં ગયો. બનેલા બનાવથી તે અત્યાશ્ચર્ય પામ્યો.

અનંતે નોટને તો હાથે લગાડયો નહિ તેથી તે અજાયબી પામ્યો અને નોટ ત્યાંજ રાખવી કે પોતાના કબજામાં લેવી એનો વિચાર કરવા માંડયો; તો છેવટે એજ નિશ્ચયપર આવ્યો કે ત્યાં રહેવા દેવી પણ એ ઘરપર પોલિસનો ડોળો રાખવો અને અનંત નોટ લે તો તેને પકડવાની વ્યવસ્થા કરવી.

થોડીવારમાં તે નીચે ઉતર્યો અને બાગમાં કોઈ નથી એની તપાસ કરી બ્હાર નીકળ્યો.

"એ સિપાઈ ઘરપર મૂકીશું. ખૂન કયાં થયું; અને કોણ અહિં રોજ આવે છે તે જાણ્યું. અનંતે નોટ જોઈ કે નહિ અને ખાના શા માટે ઉઘાડયા તે શોધવાનું. હું એ ગયા પછી એકવાર ખાનાં તપાસ્યા હોત તો ઠીક થાત. છટ્! છટ્! પ્રથમ મેં તપાસ્યાંજ હતા તો."

એમ વિચાર કરતો ત્વરાથી ચાલતો તે ગિરગામ આગળની એક ગલીમાં આવેલા એક પડિઅલ, તૂટેલા ઘરમાં પેંઠો.

પ્રકરણ ૧૦ મું.

પર્દનખાં.

વાલકેશ્વરના મલબાર હીલ્સ આગળથી ભપકાદાર દાઢી અને સુન્દર પોશાકથી સજ્જ એવો એક મુસલમાન ગૃહસ્થ જતો દેખાતો હતો.

રાત્રી બહુ ગઇ ન હતી. અને ચંદ્રે પોતાની શિતભરી પ્રિયતમા કૌમુદીને જગત્‌માં શૈત્ય વર્ષાવવા મોકલી હતી.

એ ગૃહસ્થ અસ્સલ મુસલમાન દેખાતો હતો. તેની ચાલવાની રિત પણ ભપકાદાર હતી. એટલામાં એ એક વિસ્તિર્ણ બંગલા આગળ આવી પહોંચ્યો.

બંગલાના ઓટલા ઉપર એક બાંક પર બે મનુષ્ય બેઠેલા એની દૃષ્ટિએ પડયા. બેમાંનો એક સિદ્દી અને બીજો મુસલમાન હતો.

એ સિદ્દી સામે જોઈ ખાનસાહેબ બબડયા. “ આ ગૃહસ્થ [!] દગાબાજ અને ખૂની છે. એમ એની મુદ્રાજ કહી આપે છે. ”

સિદ્દી સાથેનો માણુસ જરા જાડો હતો. તેના માટેના ખાનસાહેબના ઉદ્દગાર જાણુવા જેવા છે. " હું. લુચ્ચાઓ! કરી લો જેટલી દગલબાજી કરવી હોય તેટલી. સમુદ્રપર હું તનેજ મળ્યો હતો એ નકકી. પુરાવો પણ મળશે. હરામખોર ! થોડા સમયમાં—

ગાયન.

તને કર્મફળ મળેરે,
કર્મ તણાં ફળ મળે...........કર્મ.
બીજ વાવીને તાડ કવચનું,
કયાંથી પામે સુપુલ.
કટંકનું વાવેતર કરીને,
કેરી ઇચ્છવી ભૂલ.
પાપનો બદલો મળેરે...............કર્મ.
સદ્દગુણે સુખ મળેરે...........કર્મ. "

આ પ્રમાણે ખાનસાહેબે પેલા મુસલમાનપર ટીકા કરી.

આટલું બબડી ખાનસાહેબ તેમની પાસે ગયો. તો તેમની વાતચિતમાંનો " બેગમ સાહિબા " એટલો એક શબ્દ સંભળાયો. એ સાંભળતાં પણ ખાનસાહેબ કાંઇક

ઓળખડ્યા. એટલામાં એમની નજરે બે બાટલી પડી. તેના પર પણ એમણે ટીકા કરી. અસ્તુ.

આપણા ખાનસાહેબ તેની વધારે પાસે ગયા. અને હિંદીમાં પૂછવા લાગ્યા. "કેમ સરકાર શું કરે છે. ?"

સવાલ પૂછવા છતાં એમણે ઉત્તરની પરવા ન રાખી; અને જાણે રોજનાજ આવનાર હોય તેમ અંદર પ્રવેશ કર્યો.

જે ઓરડામાં ખાનસાહેબ આવ્યા તેમાં કેટલીક કોટડીઓ હતી. તેમાં નોકરોનો વાસ હોય એમ જણાયું. ત્યાં જરા સરખી દૃષ્ટિ ખાનસાહેબે ફેંકી તો કોઈ જણાયું નહિ. એ ખોલીઓની પાસેજ એક દાદર હતો. આપણા ખાનસાહેબે એના ઉપર ચઢવા માંડયું.

દાદર ઉપર ચઢી જઇ એક નાની સરખી ગલીમાં ચાલવાનું હતું. જોકે દાદરની પાસે એક દિવાનખાનું હતું; પણ તેમાં કોઈ ન જણાયાથી ખાનસાહેબે એ ગલીમાં જવું યોગ્ય ધાર્યું. ગલીમાં થોડું ચાલ્યા પછી સામેજ એક દ્વાર હતું. દ્વાર પાસે એક પ્હેરેગીર ઉભો હતો. એના એક હાથમાં એક પ્યાલી હતી. અને બીજામાં બાટલી હતી. ખાનસાહેબને જોતાંજ એણે તે સંતાડવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ખાનસાહેબના ચપલ નેત્રોએ જોયું કે પ્હેરેગીરના હાથમાં શરાબની બાટલી હતી.

ખાનસાહેબે પૂછયું. "કેમ નવાબસાહેબ શું કરે છે.?"

દ્વાર બન્ધ હોવાથી આ સમય તો અન્દર ઘુસી જવાય તેમ ન હતું.

પ્હેરેગીરે દમામમાંજ જવાબ આપ્યો. "નવાબ સાહેબ કામમાં છે. હમણા નહિ મળે."

"શું બોલ્યો? હમણાં નવાબ સાહેબ ઘેર છે કે નહિ તેનો સિધો જવાબ આપ."

"છે. પણ મને આજ્ઞા કરી છે કે કોઈને આવવા દઈશ મા. એમની આજ્ઞા પ્રમાણે વર્તવાની મારી ફરજ છે." જરા નમ્ર થઇ—નમ્રતાનો ડોળ ઘાલી—પ્હેરેગીર બોલ્યો. "અમે શું કરીએ.? અમે તો ચિઠ્ઠીના ચાકર."

"જા જઈને કહે કે મિઆં ખાનબ્હાદૂર પર્દનખાં પધાર્યા છે. એટલે ના નહિ કહે." દમામમાંજ ખાનસાહેબે ફરમાન કાઢયું.

એ ભપકો પ્હેરેગીરને જરા પચ્યો. એટલે તે અન્દર ગયો. બાટલી અને પ્યાલી ત્યાંજ પડી રહ્યા અને દ્વાર વાટે પ્હેરેગીર ચાલ્યો જતાંજ ખાનસાહેબે એક બારી વાટે તે બ્હાર ફેંકી દીધાં. એટલામાં પ્હેરેગીર આવ્યો અને કહેવા લાગ્યો.

"જાઓ આપને જીનાબ બોલાવે છે." એમ કહી તેણે બાટલી તરફ નજર ફેરવી તો કાંઈ માલમ પડયું નહિ. એટલે તે ક્રોધભરી દૃષ્ટિથી ખાનસાહેબને નિહાળવા લાગ્યો.

"હુવેથી જો દારૂ પીતો જોઇશ તો નવાબ સાહેબને કહી દઇશ. યાદ રાખજે. આ પર્દનખાંનું પાયલું પાણી નવાબ જેટલું પીશે તેટલું બીજાનું પીવાના નથી. તને મોટું નાળિએરજ પકડાવીશ. યાદ કરજે." એમ કહેતાં ખાન સાહેબ તિરસ્કારયુક્ત હાસ્ય કરી અંદર ગયા.

જે હાલમાં એમણે પ્રવેશ કર્યો તે પણ અતિ સુસજ્જીત હતો. તેમાંથી એક દાદરપર ચઢયા. એ દાદર પરથી તેઓ એક બારણા પાસે આવ્યા એ બારણામાંથી નવાબ પાસે જવાતું હતું. આ સમયે ખાનસાહેબને અંદર થી અવાજ સંભળાયો. ધ્યાન દેતાં માલમ પડયું કે કોઈ નર્તકીનું નૃત્ય ગાનસહ ચાલતું હતું. ખાનસાહેબને લાગ્યું કે મારા જવાથી ખલેલ પડશે અને એવું મધુર સંગીત સાંભળવું રહી જશે. માટે એક ફાટમાંથી તેઓ સાંભળવા અને જોવા લાગ્યા.

તે ગાન આ પ્રમાણે હતું:

ગાયન.

વાલમજી વ્હાલા (૨)
છેલા છબીલા રૂપે રઢિઆળા.......વાલમજી
કામણુગારાં નયનો તમારાં
હાંરે નયનોસેં નયનાં મિલાયા.......વાલમજી
આ..........આ.... ....આ........વાલમજી
ગોરા ગુલાબી ગાલ તુમારા
ખૂબ તલપે છે મુખડા હમારા.......વાલમજી
આ..........આ..........આ.... ....વાલમજી
દાંત તુમારા સુંદર સોહે છે
દાડમ કળીને લજાવે એવા
નાથ રસીલા..........વાલમજી

ખરેખર! આ ગાન સાંભળી આપણા ખાનસાહેબ કુરબાન કુરબાન થઇ ગયા; છતાંય સમય ન હોવાને લીધે બારણું ઉઘાડી તેમણે અંદર પ્રવેશ કર્યો.

તે ગણિકા, દ્વાર ઉઘડતાંજ પાસના ઓરડામાં ચાલી ગઇ.

નવાબ સાહેબ એક કોચપર પડયા હતા. તેના ઉશિકા પાસે બે બાજુએ બે સ્વરૂપસુંદર દાસીઓ ઉભી હતી. એકના હાથમાં એક ફાંકડો પંખો અને બીજીના હાથમાં

એક કાચની સુન્દર પ્યાલી તથા બાટલી હતાં. નવાબ સાહેબના મુખમાં હુક્કાની નળી રહેતી છતાં પાંચ પાંચ સાત મિનિટે નળી મોંમાથી કાઢી, એ, "દાસી! શરાબ!" આટલા પાંચ અક્ષર બોલતા અને દાસી આપે તે પ્યાલો લઇ ગટગટાવી પાછું ગુડુડુડુડુ કરવું શરૂ કરતા.

એક ટેબલપર સેત્રંજના રત્ન જડીત સામાન પડેલો હતો. એ ટેબલથી થોડે દૂર એક કોચપર બે યવનો બેઠા હતા.

ખાનસાહેબે પ્રવેશ કરતાંજ નવાબ સાહેબને કોર્નિસ કરી. નવાબે તેને બેસવાની ઇશારત કર્યા પછી ચાકરોને 'હુમકુ ઉઠાવ' એવો હુકમ આપ્યો. બેઠા થયા અનંતર આમ વાતચિત થઇ.

"કાલે જે પત્ર આવ્યો હતો તે તમારોજ હતો કે?."

"હાજી! પણ પત્ર પાઠવ્યા પછી હું રહી ન શકયો. તેથી ઉત્તરની રાહ જોયા શિવાય ચાલ્યો આવ્યો. એથી આપને જે રોષ ચઢયો હશે, તે મારી ચતુરાઇ જોઇ ટળી જશે."

"એટલે? શું આપને મારી પેઠે બરાબર સેત્રંજ ખેલતાં આવડેછે?."

ખાનસાહેબે મૂછના આંકડાને વળ આપતાં કહ્યું. "સેવક સેત્રંજની રમતમાં પોતાની જીંદગીમાં કદી હાર્યો નથી. જો તમારી સાથે રમતાં હારૂં તો તે પહેલી વારજ. (જગત્‌માં એવો કયો મૂર્ખો હશે જે પ્હેલી વાત ખરી છે એમ જાણ્યા પછી બીજી વાત ન જાણી શકે?) તમારી સાથે રમતાં હારીશ તોય આપની મુલાકાતથીજ મારૂં જીવન સાફલ્ય પામ્યું છે. એથી મને સંતોષ થશે."

"મારી સાથે રમનારને હું ઘણાં સારાં ઈનામ આપું છું, એમ સાંભળી આવ્યા છો કે?"

"ના! ના! આપની એ ધારણામાં ભૂલ છે. જો કે આપના જેટલો નહિ કિંતુ, હું એ શ્રીમાન છું. મને દ્રવ્યની જરૂર નથી. મારા બાપદાદા મારે માટે પુષ્કળ રળી ગયા છે, એ-ટલે સેવક મોજ મારે છે. હું શોખ માટેજ રમું છું. હું સુરત તર-ફનો રહેવાશી છું. ત્યાં મને તમારી ખ્યાતિ સંભળાઈ, કે ઝોટિંગાબાદના નવાબ. મીરજાફરઅલિખાન સેત્રંજ રમવામાં એકકા છે. આથી ઝોટિંગાબાદ જવા નીકળ્યો. તો રસ્તામાં જણાયું કે આપ નામદાર અહિં તશરીફ લાવ્યા છો. આથી હું અહિંજ આવ્યો."

આ સાંભળી નવાબ જરા ખૂશ થયા; કારણ પોતાની સેત્રંજ રમવા માટે આટલી બધી ખ્યાતિ થઇ, તેનું તેમને

ભાન ન હતું ! જરા ચકિત થયા. તેમણે કહ્યું. "તમે પ્રથમ આ બે મુસલમાન ભાઇઓ સાથે રમત શરૂ કરો. જો એ લોકોને હરાવી શકશો, તોજ મારી સાથે રમવાની પરવાનગી તમને મળશે.

"બસ ! એટલુંજને ! ઓહ ! એમાં શું છે. ?" પર્દનખાં બોલ્યા.

તે પછી પર્દનખાંએ પેલા બેમાંના એક સાથે રમત કરી. એ રમતમાં પ્રથમ તો પર્દનખાં ઢીલા જણાયા, પણ પાછળથી એ બાજીજ બદલાઇ. પર્દનખાંએ થોડીવારમાંજ તેને હરાવી નાંખ્યો. નિરાશ થઇનેતે બિચારો કોચપર જઇ બેઠો. અને એ નિરાશા મટાડવા તથા મગજને ખિલાવવા શરાબનો ઉપયોગ કરવા લાગ્યો.

બીજો આવ્યો. બીજાની સાથે રમતા તો પર્દનખાંને જરા કઠિન પડયું. છતાં પેલાએ ગફલત કરી. જયાં મૂકયું હતું ત્યાંથી એક પ્યાદું ખસી ગયું. અને એ એણે જોયું નહિ. પાછળથી પુરાવો દઇ શકયો નહિ. તે પણ હાર્યો.

"ઠીક છે. હવે—" નવાબ સાહેબ ખૂશ થઈ બોલ્યા. "હવે હું તમારી સાથે રમીશ. તમે સારા રમનાર જણાવ છો. પણ શરત નકકી કરો. તમે હારશો તો મારી દેવડીએ ચઢવા પણ નહિ દઉં. બોલો છે કબુલ. ?

" હું. પણ જીતું તો. ?"

" તો તમને બક્ષીસ મળશે. "

" નવાબ સાહેબ ! આપ જાણો તો છોજ. હું પૈસા માટે રમતો નથી. પરમકૃપાળુ પરમેશ્વરની કૃપાથી હું પૈસેટકે સુખી છું. તમે જેવી શરત કરો છો તેવી હું કરીશ. હારૂં તો અહિં નહિ આવું અને ૫૦૦થી ૫૦૦૦ સુધી દંડ આપું. "

" અને જીતો તો. ? "

" જીતું તો ? તો મને તમારો પ્યારો દોસ્ત બનાવવો પડશે. જ્યારે આવું ત્યારે આવવાની છૂટ આપવી પડશે. બંગલામાં ગમે ત્યાં ફરવાની રજા આપવી જોઇએ. અને ઈતર સાધારણ લોક જેવો મને નથી ગણતા, એવી સાક્ષી આપવાને એક વાર્તા તૂર્ત કરવી પડશે. "

" તે કયી ? કહો મને !."

" મારૂં સાંભળશો અને વચન આપશો તો કહીશ."

" અચ્છા મારૂં વચન છે. બોલો."

નબ્બાબિની સાહેબ મહેર-ઉન-નિસા મારી માતા સમાન છે. તેના દર્શનનો લાભ આજે અને તે પછી નિત્ય મળવો જોઇશે. હું આપના પુત્ર સમાન છું. આ પ્રમાણે

કરશો, તો તમે મને સામાન્ય લોક પેઠે નથી ગણુતા, એમ હું માનીશ. ” ખાનસાહેબે શરત દર્શાવી.

“ અરે શું ?. આ માણુસ ગાંડો તો નથી થયો ?. ” નવાબ બરાડી ઉઠયો.

“ એમજ થયું લાગે છે જનાબ. ” દ્વેષથી બળી રહેલા પેલા બે મુસલમાન ભાઈઓ બોલી ઉઠયા.

“ ના ! નામદાર ! હું પૂર્ણ શુદ્ધિમાં છું. રાણીસાહેબ મારી માતા છે. અને વળી મેં સાંભળ્યું છે કે તેઓ પરદેનશીન નથી. ગમે ત્યાં હરે છે, ફરે છે; માટે જનાબ એટલી સગવડ—”

નેટિવરાજા! ‘નવાબ સાહેબ !’ જેવા ઘડી ઘડીના વિચાર !. મરજી પ્રાવે તેમ કરવું!. પરંતુ આ બહાદૂર ખાનનું નસીબ ફરી ગયું. નવાબે હા કહી, કે “ એમ થશે; કિંતુ જો હાર્યો, તો નોકર પાસે ચાબકા મરાવી કાઢી મૂકાવીશ. યાદ રાખજે. ”

ખાને કબુલ કર્યું.

પેલા બે ભાઈઓના હૃદયમાં તો ભડભડ અગ્નિ બળી રહ્યો હતો. તેમને તો નખશિખ જ્વાળા સળગી રહી હતી. એક અજાણ્યા પુરૂષનો નવાબપર આટલો બધો

પ્રભાવ !. આ સ્થળે એ બે કોણ હતા, તે જાણવું ઠીક થઇ પડશે.

એ બે ભાઇઓ સેત્રંજ રમવામાં કુશળ હતા; જો કે ખર્દનખાં જેવા તો નહિજ. અને એમને નવાબે પોતાની સાથે રમવા માટે પગાર બાંધી આપી રાખ્યા હતા. બન્ને રવડતા અને ધંધા વગરના હતા. પ્રથમ તો પૈસાદાર હતા; પણ જુગારમાં સર્વસ્વ ખોઈ બેઠા. ફક્ત સેત્રંજ રમવાની કળા બચાવી રાખી, જે હમણાં એમને ગુજરાનનું સાધન થઈ પડી હતી.

નવાબે બીજી કેટલીક એવીજ શરતો કરી અને ઉભય રમવા લાગ્યા. અરે ! બન્નેમાંથી કોઈ પ્રથમ તો હાર્યું નહિ; પરન્તુ નવાબ તો પંચાક્ષરી મંત્રનો જપ કરી મદિરાપાન કર્યા કરતો; તેથી તેનું રમતમાં ચિન્ત ન રહ્યું અને કંટાળી ગયો; આથી તે હાર્યો.

હાર્યા પછી તે બોલ્યો; “ મારૂં ચિન્ત આજે ઠેકાણેજ નહતું. ” પર્દનખાં બોલ્યા.

“ હરકત નહિ. (એમાં વળી એને શાની હરકત હોય ? એતો ખૂશજ થાયતો ?) મને વચન આપ્યા પ્રમાણે કરવું પડશે. ”

“ બરાબર છે. ” નવાબે કહ્યું. “ પણ તે ઉંઘે છે કે

જાગતી છે; અથવા તો અહિં છેકે, બ્હારગામ ગઈ છે, તેની શોધ કરવી પડશે. મને ખબર નથી. " એમ કહી તેણે દાસીને પૂછયું. " કેમ ?! દાસી રાણીસાહેબ અહિં છેકે?. "

" બેગમસાહેબ આજ બે ચાર દિન થયાં બ્હારગામ ગયા છે. અહિં નથી. "

" બ્હારગામ ? વારૂ કયે ગામ?. "

" તે મને ખબર નથી. "

નવાબને જરાય આશ્ચર્ય ન લાગ્યું.

" એ કયારે ગઇ?. "

" ગયા શનિવારે સિદ્દી સુલેમાને તેમને સ્ટેશન પર મૂકયાં. "

" હું પણ નવો નોકર આવ્યો?. "

" હા. સરકાર ! આવ્યો છે. "

" કેમ છે, ? કેવો છે?. "

" એને હિંદી નથી આવડતું, જનાબ!. ".

" કંઈ ફીકર નહિ. "

એ પછી નવાબે પરનખાંનું સમાધાન કર્યું. તે જરા ગડબડ કર્યા પછી ચાલ્યો ગયો.

પર્દનખાં સિધો ગણુપતિરામની ખોલીમાં ગયો. ત્યાં દામોદર સિવાય કોઈ નહતું. ખાનને જોતાંજ તે ચમકયો; પણ પછી ખડખડ હસી પડયો. "વાહ ! વેશ તો ઠીક ભજાવ્યો છેને !."

ગણુપતિરામ દાઢી વગેરે કાઢી નાંખતાં સહર્ષ બોલ્યો. "ભાઈ! હું તો ફાવ્યો. તું ફાવ્યો તે પણ મને ત્યાંથી ખબર મળી. પણ પ્રથમ શું થયું. ?"

"થાય શું વળી ?. પૈસા વેર્યા કે થયું કામ."

"પૈસા જોઇએ એટલા વેરજે. પણ પેલા સિદ્દી મુસલમાન સાથે દોસ્તી બાંધી કે નહિ !. મહા હરામખોર દેખાય છે."

"મેં યત્ન કર્યો. એ લફંગો છે. એ લોકો જે વાત કરે તે હું સાંભળું છું પણ તેમાં આજે કાંઈ નવિન ન હતું."

"વારૂ. હવે તું પાછો જા. પરમ દિને મને મળજે. સવારે હું સાહેબને ત્યાં જઇશ. કહી શકે કાલે ગાંવદેવીના બંગલાપર પ્હેરો રખાવે." એમ કહી ગણુપતિરામે, સ્નાનગૃહની, એલ્મિરાની, પેટીની, નોટની, અનંત આવ્યાની, પર્દનખાં બન્યાની ને નવાબને જીત્યાની, વગેરે સર્વ વાર્તા

વર્ણવી બતાવી. એણે એવું તો રસભર વર્ણન કર્યું, કે દામોદર તો ઠરીજ ગયો.

"ત્યારે કામ ફ-તેહ કે ?."

"એટલે ?. બે દિનમાં ખૂનીને પકડીશ. હવે અનંત ખૂની નથી, એવો જરાય શક નથી. અરે! હવે તો બક્ષીસ ગજવામાં પડી સમજ."

ગણપતિરામના મોંઢામાં લાપશી આવી ગઇ.

થોડીવારમાં દામોદર ચાલ્યો ગયો. ગણપતિરામે જમી લીધું. પણ તેને ઉંઘ ન આવી. ઉંઘને માટે વલખાં મારતાં છેવટે નિદ્રાદેવી તેના પર પ્રસન્ન થયા.

પ્રભાતે આઠ નવ વાગે એક વિક્ટોરિઆ મંગાવી તેમાં પગ મૂકતાં તે બોલ્યો:

"હવે અનંતરાયજી! તમારા બાર વાગ્યા સમજી લો".



પ્રકરણ ૧૧ મું.

નાટ્યગૃહમાં.

બીજો શનિવાર આવ્યો. આ સમયે પણ અનંતરાયે પોતાની ભગિનીને ખેલ જોવા લઇ જવાનું વચન આપ્યું હતું. અને આ સમયે તો તે ખાસ લઇ જવાનો હતો. એટલુંજ નહિ પણ વધુ મોજ પડે તે માટે લાલબિહારીને પણ તેણે આવવાનું કહ્યું હતું.

અનંતરાય અને મધુરીનો ઘણો ઇતિહાસ વાંચકોને ખબર છે. તે ઉપરાંત લાલબિહારી અને અનંતરાય વચ્ચે કેવી જીવશ્ચકંઠશ્ચ મૈત્રી હતી, તે પણ તેમનાથી અજ્ઞાત નથી. મધુરબાલા અને લાલબિહારી ઉભય એક બીજા સાથે અનેક વિષયોપર મોકળા મનથી વાત કરતા હોવાથી, ઉભયના ચિત્તમાં ગુપ્ત પ્રેમાંકુર ફુટયાં હતાં; જેથી તે પોતે પણ અજ્ઞ હતા. જોકે તેઓ તદ્દન અજ્ઞાત નહતાં. તેમની વૃત્તિ એક બીજાને જોતાંજ ઉછળતી, જે તેઓના સંયમમાં રહી શકતી.

અનંતરાય પક્કો સુધારક હતો; અને લોક નિંદાને તે ગણકારતો નહિ. લોક લજ્જાની દરકાર સિવાય તેણે મધુરબાલાને (પરણ્યા સિવાય) મોટી થવા દીધી હતી; અને સુશિક્ષિત બનાવી હતી. તે હજુ પણ શાળામાં જતી. તેનું ગુજરાતી જ્ઞાન પૂર્ણ થઈ જઇ તેણે થોડો ઘણો અંગ્રેજી અભ્યાસ પણ કર્યો હતો. સાધારણ, 'ગ્યુલીવર,' 'સેન્ડફર્ડ એન્ડ મર્ટન' જેવાં પુસ્તકો તે વાંચી શકતી.

તેને પુસ્તકો વાંચવાનો શોખ ઘણો હતો. તેણે ઘણાં ગુજરાતી પુસ્તકો વાંચ્યા હતા અને હજુયે તે વાંચતી. ગૃહની સર્વ વ્યવસ્થા પર તે દેખરેખ રાખતી, અને તેના કારભારમાં સઘળું સ્વચ્છ, સુઘડ તથા સારી સ્થિતિમાં જણાતું. તેની ગોઠવવાની રિતથીજ જોનાર આકર્ષાતા.

વળી ગુંથવામાં તો તે નિપુણ હતી. તેનો સ્વભાવ સુયોગ્ય અને અનુદ્ધત હતો. નાનપણથી સ્વતંત્ર હોવા છતાં તે શિક્ષણથી નમ્ર અને સદ્ગુણી બની હતી. તે ઉપરાંત ફિશીયારીખોર કે ફેશનના ફંદમાં ફસી નહતી. ભાગવત, પુરાણ ઇત્યાદિ ગ્રંથો તેને પ્રિય હતા. અનંતરાય પણ તેને અવાજ ઉત્તમ પુસ્તકો આણી આપતા.

લાલબિહારી પણ સુધારક હતા અને ૮ ૯ વર્ષની પોરગી સાથે પરણવાનું પસંદ કરતા નહિ. જોકે કોઇએ

પ્રકટ કર્યું ન હતું, છતાં એ અને મધુરબાલા પ્રણયબંધને બંધાયા હતા. લોક અતિ નિન્દા કરતાં પણ કોઈ તેને ગણકારતું નહિ.

કિંતુ ગયા શનિવારે સર્વ સ્ફોટ થઈ ગયો હતો, અને લગ્ન ઠર્યું હતું. મૂહૂર્તનીજ વાર હતી. અસ્તુ.

આજે–શનિવારે આઠેક વાગ્યાને શુમારે લાલબિહારી અનંતરાયને ગૃહે આવ્યો, અને અનંતરાય એક વિક્ટોરિઆ બોલાવી લાવ્યો. તેમાં મધુરબાલા અને અનંતરાય તથા લાલબિહારી બેઠા. રસ્તામાં વિવિધ વાતો ચાલી.

થિએટર આગળ ગાડી આવી પહોંચી. અનંતરાય ઉતરતાં બોલ્યો:—

" હવે તમે ઉભય અન્દર જઈ ડાબી બાજુનોજ પ્હેલો રિઝર્વ્ડ બોક્સ લો. મેં પ્રથમથીજ રિઝર્વ્ડ કરાવ્યો હોવાથી, આપણને ભીડની હરકત નહિ થાય. "

મધુરબાલા એકદમ બોલી ઉઠી. " અને મોટાભાઈ! તું નથી આવતો ?."

" હું આવીશ. લ્યો આ ટિકિટ. અન્દર બેસો નાટ્ય-નો પ્રારંભ થતાંજ હું આવી લાગીશ. મારે જરા પાસેજ કામ છે. તમે જાવ. "

"હવે રાત્રીએ કામ નીકળ્યું ?. હું તારા સિવાય જવાની નથી. એ તે શું ?. લોક પાછળ કેવું બોલે !. એ મારાથી સહેવાય નહિ ને એકલા જવાય પણ નહિ."

લાલબિહારીએ ટાપશી પૂરી. "બરાબર છે. તને પણ એ ખરાબ નથી લાગતું ?."

અનંતરાયે જવાબ આપ્યો. "હું કોઇ અજાણ્યા સાથે તો એને મોકલતો નથી !. લોકનું મોઢું કાંઈ બન્ધ કરાય છે !. જગત્‌ને મોંઢે કાંઇ તાળાં દેવાય છે !. આપણું ચિત્ત શુદ્ધ હોય તો કોઈની બ્હીક નહિ ! ને મને વાર નહિ લાગે. ફક્ત વીસ પચ્ચીસ મિનિટ થશે !. લોક તો બધાનીજ વાતો કરે છે !."

એના જવાબમાં કોઇ કંઇ બોલ્યું નહિ. લાલબિહારી આગળ અને મધુરબાલા પાછળ થયાં. એટલે અનંતરાય જતાં જતાં મશ્કરીમાં બોલ્યો. "અરે ! અન્દર બોકસમાં જઈ પ્રણયકલહ ચલાવશો કે પ્રેમગોષ્ટી કરશો તો હું યાદ પણ નહિ આવું."

. મધુરબાલા ધીમેજ "અરે ! એ શું બોલે છે—" એમ બોલતી હતી પણ એને અટકાવીને અનંતરાય બોલ્યો. "હવે પછી હું આવીને તારૂં બધું કહેવું સાંભળીશ."

લાલબિહારી અધિક બોલ્યો નહિ; પણ નાખુશ જણાયો. એને આ બીલકુલ પસન્દ પડયું નહિ. પોતાની અવિવાહિત ભગિનીને, લોકદૃષ્ટિએ તદ્દન પારકા માણુસ સાથે, નાટયગૃહમાં નાટક જોવા, અનંતરાય મોકલે તે એને ગમ્યું નહિ. તે ઉપરાંત આવે સમયે અનંતરાય ગયો કયાં હશે તે પણ એ કળી શકયો નહિ.

તેના મનમાં વિચાર ભમવા લાગ્યા:

" પેલી નબ્બાબિની તો ન આવી હોય ? ના. ના. એમ હોય તોતો એ ઘેર પણ આવ્યો નહોય !. કેવો ગાં-ડો માણુસ !. "

આવા અનેક વિચારોથી એનું ચિન્ત ક્ષુબ્ધ થયું; છતાં તેણે જેમ તેમ કરી મધુરબાલાને બોકસમાં બેસાડી. એ બોકસ સ્ટેજ પાસેજ આવ્યો હતો.

એણે કહ્યા પ્રમાણે ઘણા લોક એનીજ સામે જોવા લાગ્યા, પણ એણે તે તરફ ધ્યાન આપ્યુંજ નહિ. સર્વ એના બોકસ સામેજ જોવા લાગ્યા. મધુરબાલા તો સવિનય નીચું મોઢું ઘાલી લાલબિહારીથી થોડે દૂરજ બેઠી.

થીએટર ભરપૂર હતું. હાઉસ ચિકાર હતો. ફક્ત એક બે રિઝર્વ્ડ બોકસ ખાલી હતા. અતિશય ગડબડાટ

ભડભડાટ શરૂ થઈ ગયો હતો. છતાં એ ગડબડાટ તરફ મધુરબાલાનું ધ્યાન નહતું. કારણ તેના ચિત્તમાં ભિન્ન ભિન્ન વિચારોનું પૂર ચાલી રહ્યું હતું. પોતાનો બન્ધુ આવે સમયે ક્યાં ગયો હશે એ વિષે એને ઘણા તર્ક વિતર્ક થતા હતા. તેના મનમાં પુષ્કળ વેળા લાલબિહારીને પૂછવાનું મન થયું પરન્તુ તે સારૂં દેખાશે નહિ એમ લાગવાથી તે કાંઇ બોલી નહિ.

કર્મધર્મસંયોગે એમની પાસેની બોકસમાં આવીને બેઠેલી બે સ્ત્રીઓ ગયે શનિવારમાં કૃષ્ણલાલની સાથે ઉજાણીમાં આવેલી બે ગણિકાઓ હતી. એ જોતાંજ લાલબિહારી ગભરાયો. તેને લાગ્યું કે "એ ગણિકા જો મારી સાથે એક પણ અક્ષર બોલશે, તો મધુરબાલાને મારા વિષે કેવો કેવો વિચાર આવશે !."

આવી તેની સંદિગ્ધ સ્થિતિ હતી ત્યારે એ ગણિકાઓ શું કરે છે તે જોવાનું એને મન થયું; અને તેણે એ તરફ મુખ ફેરવ્યું તો નજર એક થઈ. કમલાક્ષીએ તેની સામે જોઇ હાસ્ય કર્યું. અને મોહમાલિકાના મુખપર સ્મિત રમી રહ્યું.

તરતજ લાલબિહારીએ મોઢું ફેરવી નાંખ્યું. અને પછી મધુરબાલાનું એ તરફ ધ્યાન હતું કે નહિ તેની

તપાસ કરી. સારે નસીબે મધુરબાલા પોતાનાજ વિચારમાં હતી. એ પછી ગણિકાઓ તરફ ન જોવાનો એણે નિશ્ચય કર્યો.

એટલામાં એની દૃષ્ટિ જરા દૂર નીચે ગઈ. તો નીચે કુંજવિહારી જણાયો. તેને સલામ કરવાના વિચારમાં હતો. એટલામાંજ આપણા ગણુપતિરામનું દર્શન થયું.

“ અરે રામ ! ” એમ લાલબિહારીના મુખમાંથી નિરાશાસૂચક ઉદ્ગારો નીકળી પડયા.

એ માણુસ ગણુપતિરામ વિષે એનો અભિપ્રાય સારો ન હતો. અને જ્યારથી એમ માલમ પડયું, કે એ ડિટે-કિટવ છે ત્યારથી તો એ એને ધિકકારતો. એટલે એ મોં ફેરવી નાંખવાની તૈયારીમાં હતો. એટલામાંજ ગણુપતિરામે એને સલામ કરી. એટલે તેને સામી કરવીજ પડી.

પછી તે કુંજવિહારીને શોધવા લાગ્યો તો તે કાંઇ દેખાયો નહિ. અને ગણુપતિરામ પણ અદૃશ્ય થઈ ગયો.

એટલામાં મધુરબાલાએ ધીમેથી લાલબિહારીને પૂછયું “ મોટાભાઇને કેમ જવા દીધો ?. મને કેવું ખરાબ લાગે છે. ! ”

આમ બોલતાં તેનાં નેત્રો અશ્રુપૂર્ણ થયાં. લાલબિહારીને કાંઇ બોલવાનું સૂજ્યું નહિ. પરન્તુ કાંઇ બોલવુંજ જોઇએ. એમ લાગવાથી બોલ્યોઃ "મારૂં સાંભળ્યું હોત તો હું આગ્રહ કરત કે'ની! પરન્તુ મને લાગ્યું કે એને કાંઈ જરૂરી કામ છે; અને કહીશ તો સાંભળશે નહિ. આથી મેં કહ્યુંજ નહિ."

"ખરૂં પણ મને નથી લાગતું, કે આપણી આ રાત સુખમાં જાય. આજે કાંઈ પણ સંકટ આવનાર છે. એમ લાગે છે."

"અરે! એવું કાંઈ નથી!. એ તો ખૂશીમાં છે."

"હા. અહિં આવતાં સુધી તો ખુશીમાં હતો. પરંતુ ગાડીમાંથી ઉતર્યા પછી એનો ચ્હેરો આનંદી રહ્યો નહતો. ગમે તેમ પણ કાંઈ ગંભીર કાર્ય છે. સહજ એ જાય એવો નથી."

"અરે! એ શું તમારા મનમાં આવે છે? કાંઇ સંકટ આવે એમ નથી. અનંતરાય એવો માણસજ નથી."

"ગમે તેમ હોય પણ મને લાગેછે કે કોઈ સ્ત્રી—"

તે આગળ બોલી શકી નહિ.

લાલબિહારી સર્વ કળી ગયો.

પ્રકરણ ૧૨ મું.

ફજેતીના ફાળકા.

એટલામાં પાસેના બોકસમાંથી નીચલા શબ્દો કર્ણ ગોચર થયા.

"હું! પેલી અનંતરાયની બ્હેન. એનું નામ મધુરબાલા છે. એ જેની સાથે બેઠી છે તે અનંતરાયનો ભાવી બનેવી છે."

આટલું સંભળાયા પછી લાલબિહારીએ વધારે સાંભળવા કાન માંડયા.

મધુરબાલા નીચે મોંઢે અશ્રુવર્ષણ કરતી હતી.

એટલામાં ઘંટડી વાગી અને નાટકનો પડદો ઉપડયો. સુત્રધારથી પ્રારંભ થવાથી પેલું બોલવું—પેલી ટીકા અધુરીજ રહી. પ્રારંભનો સુત્રધાર—નટીવાળો પ્રવેશ સમ્પૂર્ણ થયા પછી તે દિને 'અનસૂયા' નાટક હોવાથી અનસૂયાનું આત્મગત લેકચર શરૂ થયું. પાસે બેઠેલાંઓ તો

ખડખડાટ કર્યાજ કરતા હતા કારણ આ ખેલ જોવાની તેમને નવાઈ ન હતી.

લાલબિહારીનું લક્ષ્ય એ ખખડાટ પર ગયું.

મધુરબાલાતો સ્તબ્ધજ હતી કારણ આજે એને નાટક જોવો ગમતો નહતો.

એટલામાં ગણપતિરામ પાસેની બોક્સ્‌માં આવ્યો. તેને મોહમાલિકાએ કહ્યું.

"કેમ ? તમને લોકનો ડર લાગતો નથી ? તમે કેમ અમારી પાસે આવો છો ? એતો જૂઓ, બા, કે અમારે ત્યાં આવીને લોકો ગમે તે કરે. અને કોઇ બીજે સ્થલે અમારી તરફ ઝૂકીને જૂએ પણ નહિ. એજ લોકોના અમારા ઘરમાંના કૃત્ય તેમની સ્રીઓ જૂએ તો બીજેજ દિને છૂટા છેડા કરવા પડે."

"કેમ ? આજે લોકોને વાગ્બાણ મારવા માંડયા છે?" ગણપતિરામ હસતો બોલ્યો.

એ પ્રમાણે ઘણી વાતચિત ચાલી. એટલામાં કમલાક્ષી બોલી: "હું ને એકજ દાખલો આપીશ. ગયે શનિવારે અમે બે કૃષ્ણલાલની ઉજાણીમાં ગયા હતા. ત્યાં બીજા બે

ત્રણ સદ્ગૃહસ્થ આવ્યા હતા. તેમાંનો એક અહિં આવ્યો છે, અને અમારી સામે જોતાં શરમાય છે. એ ગૃહસ્થોમાં-નો એક, બીજા એકની બ્હેન સાથે પરણવાનો છે, એમ સંભળાય છે. જુઓ—"

આગળ શું બોલી, તે લાલબિહારી કળી શકયો નહિ. પણ આટલા શબ્દોએ તેના હૃદયમાં કંટક રૂપે પ્રવેશ કર્યો હતો. તેને થયું કે મધુરબાલા સાથે ચાલ્યો જાઉં ?. ઉભયને નાટક જોવાનું ગમતું ન હતું. પરન્તુ તે એકલો મધુરબાલા સાથે જાય, તો લોકો કેવી ટીકા કરે, એનું ભાન થતાંજ તેને કમને બેસી રહેવું પડ્યું.

ગમે તેમ પણ ગણપતિરામે વાતનો વિષય બદલ્યો. જુદા જુદા વિષયપર વાત ચાલ્યા પછી સંગીતપર વાત ચાલી; ત્યાં ઉત્તરહિંદ, ઇંદોર, ઝોટિંગાબાદનું નામ આવતાંજ કમલાક્ષી બોલી, "ઝોટિંગાબાદનું નામ આવ્યું એટલે મને યાદ આવ્યું તે હું તમને કહીશ. તમને ખબર તો હશેજ કે પાસેના બોકસમાં બેઠેલીનો ભાઇ એ સંસ્થાનની રાણીનો કારભારી છે. ખરૂં ? વળી એ બેને કાંઇ ખરાબ સમ્બન્ધ છે, એમ પણ કહેવાય છે."

"ભાઇ મને તો ખબર નથી. તમને કોણે કહ્યું ?."

"અરે તમને ખબર નહોય ! આખું ગામ જાણે છેને!."

કમલાક્ષી અને ગણુપતિરામનો આ સંવાદ સાંભળતાંજ મધુરબાલાની મુદ્રા નિસ્તેજ થઈ ગઇ. તેણે પોતાના ભાઈ માટે શું સાંભળ્યું ? તે રડવા લાગી.

લાલબિહારીની સ્થિતિ પણ ચામત્કારીક થઈ, અને તેણે જવાનું કહ્યું. પણ એટલામાં પાસેના બોકસમાંથી સંભળાયું:—

કમલાક્ષી બોલી. " મેં કહ્યું એ ખરૂં હોય તો એ ભાઈશ્રીના કારભારની ઇતિ થઈ સમજી લો. એ નબ્બાબિની બહુ જહાંબાજ છે. ઝોટિંગાબાદનો એક તબલચી ત્યાં આવે છે. તેણે કહેલી મહા ભયંકર વાતો સાંભળશો. તો થર થર ધ્રુજશો. એ સાંભળી તે કોને ક્યારે શું કરશે, એ કળવું કેટલું મુશ્કેલ છે, તે તમે સમજી શકશો. હું તો અત્યારેજ કંપુ છું."

આ સાંભળી મધુંરબાલાની શું સ્થિતિ થઈ હશે, તેનો વાંચકોએ વિચાર કરી લેવો. બિહારી ગભરાયો. મધુરબાલાની આંખોમાં આંસુ ઉભરાયાં. તે રડવા લાગી.

પોતાની આંખોમાંથી નિર્ભર આંસુ ઉભરાતાં છતાં તેણે તે લોકોને કળવા ન દીધું. બે હાથે મોં છુપાવી દીધું. અને સુંવાળી સાડીના પાલવથી અશ્રુ દૂર કર્યાં.

ફરીથી લાલબિહારીએ તેને જવાનું કહ્યું. પરન્તુ પોતાનો ભાઇ આવે ત્યાં સુધી ત્યાંજ બેસી રહેવાની તેણે હઠ લીધી. બન્ને ભાઇ બ્હેનને એક બીજા પર અત્યંત હેત હતું.

અહા ! એવું એવું કયા હિંદવાસી કે વાસિનીનું હૃદય બોલે છે ?

ગણપતિરામ અને પેલી ગણિકાઓ તો હજુ પોતાની વાતો ચલાવ્યાંજ જતાં હતાં, તેમનો ઇરાદો આ આગળની સીટ પર બેઠેલીને સંભળાવવાનો હોય એમ લાગતું હતું.

“ ગણપતિરામ ! ” એટલામાં કમલાક્ષી બોલી: “ આજ બે ત્રણ દિન થયાં મુમ્બઈમાં જે ખૂનની વાત ચાલી રહી છે તેની આપને તે ખબર હશે....”

“ શું ખૂન ? ખૂન કેવું ? ” ગણપતિરામે ચમકયા જેવો દેખાવ કરી કહ્યું, “ તમને તો જાણે આખા ગામની ખબર છેને શું ! ” પાછું જોઇ તે બબડયો; ” ગમે તેવી પણ ગણિકા તે ગણિકાજ. ”

“ આખા ગામની તો શું ? પણ આતો ખરી વાત છે. ” કમલાક્ષીને અટકાવી મોહમાલિકા બોલી;

“ હાં. વળી ખરી વાત છે કે બૅકબે પર એક પો-ટલામાંથી શિરહીન શબ નીકળ્યું છે.”

ગણપતિરામ સાવધ થયો, કે પોતાની વાત બ્હાર નીકળી પડે નહિ. બિહારી જરા ચમકયો, કારણકે તે ધા-રતો હતો કે જે વિલક્ષણ પ્રસંગમાં તે આવી પડયો હતો, તેની લોકોને કાંઈજ ખબર નથી.

પણ આતો તેનાથી ઉલટુંજ નીકળ્યું. અને એને ભય લાગ્યો કે વાતમાંને વાતમાં પોતાનું નામ પણ બહાર નીકળી આવે.

કેટલીક વારે ગણપતિરામ બોલ્યો,

“ હં. હં. તે ખૂન કે ? તેની મને બરાબર ખબર નથી. મને નથી લાગતું કે તે ખૂન હોય.”

“ શું ? ” મોહમાલિકા ચમકીને બોલી ઉઠી.

“ શું તે ખૂન નથી ? અરે હોવુંજ જોઇએ. આટલા બધા માણસો માને છે, તે કંઈ મૂર્ખા નહિ હશે. અરે ! પેલી વિદ્યારામભાઈની વાડીની વાત જો અમે પોલિસને જણાવીએ તો તરતજ એ ખૂનનો પ-તો લાગે.”

“ પણ તેને અને આને શો સંબંધ ? ”

"સંબંધ તો હોવોજ જોઇએ. ત્યાં પણ એક ભયંકર પોટલું આવતું હતું, અને તે લઇને પેલો માણસ બેકએપર ગયો હોવો જોઇએ."

"બેસી રહો, બેસી." ગણપતિરામ બોલ્યોઃ

"એમ કંઈ ખૂન પકડાતાં હશે? બહુ ગડબડ કરવા જશો અને તમેજ પોલિસને કહેવા જશો, ઉલટું તમનેજ ભારી થઈ પડશે ભારી. એતો રહ્યાં પોલિસનાં કામ."

"કેમ તેમાં અમે શો ગુન્હો કર્યો?"

"તમે ન કર્યો તેમાં શું? પણ થતાં જોયો ખરો કની? એટલે પછી તમને સાક્ષી માટે પકડી જાય એજ."

"પણ તેમાં શું થયું? ખરૂં હોય તે કહી દેવાનું."

મોહમાલિકાએ આટલું બોલતાં ગણપતિરામના ખભાપર હાથ મૂક્યો. અને એનો હાથ પોતાના હાથમાં લઇ પોતાના ખભાપર મૂકવાની તૈયારીમાં હતી, એટલામાં તેણે તે ખેંચી લીધો.

જો એમ કર્યું ન હોત તો એ ગણિકાગત સફળ થતે; અને ગણપતિરામને તે વખતથીજ ડિટેક્ટિવનો ધંધો ત્યાગવો પડતે.

"હા. એતો મોંઢાની વાત છે." ગણુપતિરામે ચલાવ્યું: "પણ તમને ખબર નથી, કે સાક્ષી થનારના કેવા દમ નીકળી જાય છે. હુવે જવા દ્યો એ વાત. એવી બાબતમાં માથું ન મારવું, તેજ સારૂં."

પ્રવેશ પર પ્રવેશ રંગભૂમિ ઉપર ભજવાતા જતા હતા. પણ આ વાતોમાં ગુંથાયલાંઓનું ચિત્ત તેમાં નહતું.

પહેલો અંક સમાપ્ત થયો. અને અંકનો પડદો પણ પડયો.

ગણુપતિરામ ઉઠીને જવા લાગ્યો.

કમલાક્ષી તેનો હાથ પકડી અટકાવતાં બોલી: "કેમ તમે પણ ચાલ્યા? કંઈ પાન પટ્ટી—"

"ના. હું પાન ખાતો નથી. એક બે ગૃહસ્થોને મળવું છે. પેલા નીચે ઉભેલા કુંજવિહારીને પણ મારે મળવું છે."

હાથ છટકાવી તે ચાલતો થયો.

"હાશ! ગણિકાઓની જાળમાંથી છૂટયો."

લાલબિહારી તેની પાછળ જોઇજ રહ્યો હતો; તેને માલમ પડયું, કે ગણપતિરામ વિહારી પાસે નજતાં એક બીજા ગૃહસ્થને જઈ મળ્યો, અને તેની સાથે વાતોમાં ગુંથાયો.

બીજો અંક શરૂ થતાંજ તે પાછો આવ્યો.

મધુરબાલા અને લાલબિહારી અનંતરાયની વાટ જો-ચાંજ કરતાં હતાં. અને લાલબિહારી તો દ્વાર પ્રત્યેજ દૃષ્ટિ નાંખી રહ્યો હતો. એટલામાંજ,

" આવ્યો તો ખરો. " એમ તે બોલી ઉઠયો.

મધુરબાલાએ ઉંચું જોયું. તે ચમકી. અનન્તરાય થીએટરમાં પ્રવેશી તેમની પાસે આવ્યો. અને જાણે પોતે ગયો, તેમાં કાંઇજ નવાઇ ન હોય, તેમ ઉભયની વચ્ચેની સીટ પર બેઠો.

મધુરબાલા બોલી;

" વાહરે ભાઇ ! ખરી તારી વીસ પચીસ મીનીટ ! બે અઢી કલાક થયા, તોયે તારી વીસ મીનીટ પૂરી ન થઇ ! "

લાલબિહારીએ અનંતરાયના કાનમાં કહ્યું,

" તું કેટલો મોડો આવ્યો ! આ પાસેના બોકસમાં જોઇ પેલી બે ?—એને તેં ઓળખી હશે.— એ રાંડોએ મને કેટલો ત્રાસ આપ્યો છે. હરિ ! હરિ ! એની વાત ચિત તો હું તને પછી કહીશ. ત્રણ વાર મને અહિંથી ઉઠીને ઘેર જવાનું મન થયું. "

અનંત બોલ્યો,

" કોણ પેલી બેકબે વાળી ગણિકા કે ? "

" હા. અને ગણપતિરામ પણ અહિં આવ્યો હતો. હું તને બધી વાત પછી કહીશ. "

" કોણ ? ગણપતિરામ ? મને એના ઉપર બહુ ક્રોધ ચઢે છે. એ માણસ, હું જ્યારે તમને છોડી ગયો, ત્યારે મારી પાસે ફરતો દેખાયો હતો. આવતી વખતે પણ તેમજ. દ્વાર પાસે આવ્યો, તોયે તે મારી ઉપર નજર નાંખતોને નાંખતોજ. મને લાગે છે કે એ બે ત્રણ દિવસ થયાં મારી પાછળજ ભમે છે. અને જાસુસનું કામ કરે છે. મારો તો એક વાર એની ફજેતી કરવાનો વિચાર છે. "

લાલબિહારી ચમકીને બોલ્યો,

" જા. જા. એવું હમણાં કરતો નહિ. અહિં મધુરબાલા છે તે ખબર નથી. ? "

" પણ જો કાલે એને મારી પાછળ ભમતો જોઈશ, તો એનો કાન પકડીને અમળાવ્યા વિના નહિ રહું. "

આ બધી વાતચિત ધીમેથી થતી હોવાથી, મધુરબાલા તે સાંભળી શકી નહિ. તેના મનમાં એ જગ્યાએથી ચાલ્યા જવાના વિચાર ચાલતા હતા. આખરે તેજ નિશ્ચય કર્યો.

તેણે અનન્તરાયને કહ્યું. અનન્તે બિહારીને કહ્યું. અને સર્વ ઉઠયા. લાલબિહારી દ્વાર આગળ ગણુપતિરામની સાથે વાત કરનાર મનુષ્યને જોતો ચાલ્યો. તેની ખાત્રી થઇ, કે ગણુપતિરામ અને તેનો સાથી નક્કી જાસુસનું કામ કરે છે.

અનંત વગેરે જવા દ્વાર પાસે આવ્યાં, તેવોજ તે મનુષ્ય અદૃશ્ય થઈ ગયો. લાલબિહારીને એ વિષય પર અનંતરાય સાથે વાત કરવાનું મન થયું. પણ મધુરી સાથે હોવાથી તે અટક્યો.

બ્હાર જઈ તેમણે એક વિકટોરીઆ ભાડે કરી. અને મધુરી ઝટ તેમાં ચઢી બેઠી. લાલબિહારી પણ બેઠો.

અનન્તરાય બેસવા જતો હતો, એટલામાં એક અપરિચિત વ્યક્તિ ત્યાં આવી પહોંચી, અને કહેવા લાગીઃ

"થોડી વાત કરવી છે. જરા દૂર આવશો, તો કૃપા." તેને જોઇ અનન્ત બહુ આશ્ચર્ય પામ્યો. જવું કે ન જવું? તેનો વિચાર થયો. પરન્તુ એ વ્યક્તિની સભ્યતા જોઇ તે તેની સાથે જરા દૂર ગયો; અને થોડીજવારમાં પાછો આવી, મધુરબાલાને કહેવા લાગ્યો.

" એક ગૃહસ્થને મારે બહુ અગત્યના કામ માટે મળવું છે. માટે તું લાલબિહારી સાથે ઘેર જા. " આટલું

ક્હેતાં તેનાં નેત્રમાં હર્ષાશ્રુ જણાયાં. મુદ્રા કંઇક સતેજ થઈ.

મધુરીના પેટમાં ધ્રાસ્કો પડયો; 'વળી એ ક્યાં જાય છે?'

તેના તરફથી કાંઇજ ઉત્તર ન મળવાથી તે બોલ્યોઃ 'કેમ બ્હેન! રડે છે કે શું? આમ ગાંડાવેડા શું કાઢે છે? ઘેલી બની છે કે શું? લગ્ન થયાં પછી કાંઇ હું સઘળે નથી આવવાનો.' તેણે કંઇક હસતાં કહ્યું.

લાલબિહારીને આ ગમ્યું નહિ. અનન્તરાયનું બ્હાનું પણ તેને ખરૂં લાગ્યું નહિ. તેણે કહ્યુંઃ

"વારૂ તમે જલદી આવો. અમે અહિં થોભીએ છીએ."

"ના. ના. તે નહિ ચાલે. મને બહુ વાર લાગશે. મધુરીને સમજાવી તું ઘેર લઇજા. એટલે થયું."

એમ કહી તે ચાલતો થયો. તેના છેલ્લા શબ્દો ભાગ્યેજ ગાડીમાં બેઠેલાંથી સંભળાયા હશે.

પ્રકરણ ૧૩ મું.

અનંતરાયની તપાસ.

જે ગૃહસ્થ સાથે એને જવાનું હતું તે જરા દૂર ઉભો રહ્યો હતો. તેની પાસે જઈ અનંતે પૂછ્યું.

" એ ક્યાં છે ?. "

" સ્ટેજ પર છે. તેને આવતાં મોડું થયું. સ્ત્રીઓની જગા ભરાઈ હતી. એક પણ બોકસ ખાલી નહતી. આથી મેનેજરે એમને વિંગમાં પડદા આડે બેસાડયા છે. "

" પરન્તુ હું અહિં આવ્યો તે એમણે કેમ જોયું ?. મેં તો એમને જોયા નહિ. "

" ગમે તેમ પણ એણે તમને જોયા; અને તમે ગયા ત્યારે મને મોકલ્યો. નિશાની બરાબર આપી, એટલે હું ઓળખી શકયો. હું એકટર છું. તસ્દી માટે, અને તમારી પાસે આવી એકદમ બોલ્યો, તે માટે માફ કરશો. તેમાં તમે એકલા ન—"

" હું. તેમાં હરકત નહિ. એતો મારા બેન બનેવી હતા."

" ચાલો. અહિં ઉભા રહેવા કરતાં પાછળની બાજુથી જઇએ. આગળ જરા ગિર્દી છે."

એમ કહી તે ગૃહસ્થ અનંતરાયને થીએટરમાં લઈ ગયો; અને તેને ડ્રેસીંગ રૂમમાં બેસાડયો. તે ખોલીમાં એક બાંક અને બે ખૂર્સીઓ શિવાય કાંઈજ ન હતું, એકટર, એને ત્યાં બેસાડી ગયો, તે કહેતો ગયો કે 'હું એમને અહિં લાવું છું.'

અનંતરાયનું ચિન્ત ચામત્કારિક બન્યું. એટલામાં હાથમાં ચાબુક, માથે પીળી ટોપી, કમ્મરે પટો, અને કાળો ડગલો પ્હેરેલા એક ગૃહસ્થે અન્દર પ્રવેશ કર્યો. અનંતરાય વિચાર કરતો હતો, એટલામાં પેલો એકટર આવ્યો. તેણે કહ્યું. " બાંક પર બેસો. ખુર્સી પર નહિ."

આ અવાજ અસભ્ય અને ધમકીભર્યો હતો.

અનંતરાય ચિઢવાયો પરન્તુ વખત વિચારી બેસી રહ્યો.

એટલામાં એક હવાલદાર ત્યાં આવ્યો. એકટર ચાલ્યો ગયો. હવાલદારે દ્વાર દઇ અનંતને કહ્યું. " સામેના બાંક પર બેસો."

" એટલે ? હું અહિં બેસવા અને તમને મળવા નથી આવ્યો. હું તો, ' નબ્બાબિની મહેરન્ મને બોલાવે છે, ' એમ જણાવવાથી, તેને મળવા આવ્યો છું. "

" અને તે અહિં મળશે એમ તમને લાગ્યું ? " કોન્સ્ટેબલ બોલ્યો.

" અલબત્ત !. તેમ નહોત, તો હું અહિં આવ્યોજ નહોત. "

" પરન્તુ તે જીવતી નથી એમ તમને ખબર છે. "

" જીવતી નથી ?. એ શું મશ્કરી કરો છો ?. "

" વારૂ ત્યારે તમે તો ' નિર્દોષ છું ' એમ ઢોંગ કરશોજ. પણ જ્યારે એકટરે એમ કહ્યું કે, ' નબ્બાબિની તમને બોલાવે છે, ' ત્યારે તમારી મુદ્રા શ્વેત કેમ પડી? વિચાર કેમ કરવો પડયો ? નહિ જવું એ ખરાબ છે, અને એમ કરવાથી આપણે ખૂન કર્યું, એ તરત સાબીત થશે એમ લાગવાથી તમે આવ્યા. "

" તમે મને પૂછનાર કોણ ?. હું ઉત્તર નહિ આપું. "

" એટલે ? મને ઓળખતા નથી ?. હું કોન્સ્ટેબલ છું. તમારા પર મહેરન્ના ખૂનનો ચાર્જ છે. "

" કેવું ખોટું તોહમત !. "

" તું ગુન્હો નાકબુલ કરે છે ? વારૂ. તારો મહેરન્ સાથે શો સંબંધ તે તો કહેશે ?. "

" હું તેનો કારભારી છું. બીજું શું વળી ?. "

" યાદ રાખ. ૨૫–૫૦ સાક્ષી એવું કહેનારા નીકળશે કે તમે એની સાથે ફરવા જતાં; અને ગમેતેમ વર્તતા."

" હું તેની ખાનગી તહેનાતની વ્યવસ્થા કરતો; એજ અમારો વધુ સમ્બન્ધ !. "

" વારૂ. તેમ તો તેમ; પણ એ સંબંધ તૂટયો કેમ ?."

" તૂટયો ?. મને એટલી ખબર છે કે હું એનો કાર-કારભારી નથી. "

" વારૂ. હવે તમે કદી એને બંગલે કેમ નથી જતા? તેનું કંઈ કારણ હશેને ?. "

" કારણ ?. એ પ્રવાસે ગયાં છે. એમને તેમ કરવાનો શોખ હોવાથી, તે ગમે ત્યારે ગમે ત્યાં જાય છે. "

" તે પ્રવાસે ગઇ છે, કેમ ?. ઠીક. વારૂ કેટલા દિવસથી ?. "

" લગભગ આઠ દિવસ. "

" એટલે એ ગયા શનિવારે ગયા કેમ ? બરાબર. તે દિને સાયંકાલે તમે બે ફરવા ગયા હતા. એના ઘણા સાક્ષી છે. બોલો પૂરીને ગયા પછી શું થયું. "

" તેને છોડી ગયા પછી શું થયું, તે હું કેમ જાણું ?. "

" નથી જાણુતો, એજ તમારો જવાબ કે ?. "

" હું જવાબ નથી આપતો. મારી ઇચ્છા નથી. "

" જૂઓ. ઉ-તર દેશો તો તમને લાભ છે, બોલો. શનિવારની રાત્રિ પછી તમે એને કદી મળ્યા છો ?. "

" ના. " " વારૂ તમારા પર એનો પત્ર છે ?. "

કોઈ પણ ન પૂછે, એવો પ્રશ્ન સાંભળી અનંત ગભરાયો. તેને શરમ લાગી. તિરસ્કારથી બોલ્યો " તમને તેનું શું કામ છે ?. "

" એટલું-સમજતા નથી ?. શનિવાર પછી તમને એનો પત્ર મળ્યો છે, એટલું સિદ્ધ્રશો, તો તમે આ ચાર્જમાંથી છૂટશો."

અનંતે ગુંજામાં હાથ ઘાલ્યો. કોન્સ્ટેબલ બોલ્યો. " પરંતુ તેપર પોસ્ટનો સિક્કો, તારિખ વગેરે હોવા જોઇશે. તમારે એટલું સિદ્ધવાનું છે કે શનિવાર પછી મહેરન્ જીવતી હતી."

" આ પરથી જણાય છે કે શનિવાર પછી તમને તેનો પત્ર મળ્યો નથી. તનને છોડયા પછી એ ક્યાં ગઈ તે પણ તમે જાણતા નથી. પણ તમે ક્યાં ગયા તે તો કહેશો? બોલો છો કે અમે કહીએ? ચાલ હું કહું. તું બેકબે પર ગયો. એક સ્નેહી સાથે ઉજાણી કરી. પછી ત્યાં થોડો સમય ગાળી એક ગૃહસ્થ, જે તારો બનેવી થનાર છે, તેની સાથે તું ચાલ્યો આવ્યો."

અનંત અત્યન્ત સંતપ્ત થયો.

" આ સર્વ એને ક્યાંથી ખબર ?. બિહારી કહેજ નહિ. કુંજવિહારી જરાક બોલે. કૃષ્ણલાલ હોઈ શકે. હં પેલી ગણિકા ખરી. તેણે ગણપતિરામને કહ્યું હશે અને એ ગધ્ધો ડિટેક્ટિવ છે." એમ એ વિચારવા લાગ્યો.

એટલામાં કોન્સ્ટેબલ બોલ્યો. " સર્વ વાત ખરી છે. જો તારે ખૂનના ચાર્જમાંથી છુટવું હોય તો એટલું કર. એ શનિવારે સાયંકાલે ત્રણથી રાત્રે ૩ સુધી ક્યાં હતો તે સિદ્ધ. એટલે તું છૂટયો ?. મહેરનનું ખૂન દશેક વાગે થયું છે. બરાબર કહે. હઠ કરે તે નહિ ચાલે."

" વારૂ એ વાત ખરી હોય તો સર્વ વાત મુંબઈમાં

કેમ પ્રસરી નહિ? એ કાંઈ નાની સૂની વાત નથી. વળી ઝોટિંગાબાદનો નવાબ—એનો પતિ—પણ અહિં રહે છે. ચાકર લોકને યે ખબર નહોય કે?." અનંતરાયે વાંધો કાઢયો.

કોન્સ્ટેબલ ચિઢાયો.



પ્રકરણ ૧૪ મું.

૫૦૦૦૦ ની નોટ !

એટલામાંજ ઘડની વાત કરવી, તથા કોચમેન ખાજદાર વગેરેની સર્વ હકીકત એને કહેવી, એ કોન્સ્ટેબલને અયોગ્ય લાગ્યું. હજુ એ બે પર પોલિસની નજરજ જોઇએ તે બોલ્યો. "તે સર્વ તું યોગ્ય કાળે જાણુશે. પરંતુ ગત શનિવારની રાત્રિ કયાં ગાળી તે સાંભળ."

"જોઉં કહોની !." અનંત ઔદ્ધત્યથી બોલ્યો.

"એ રાત્રી તેં ગાંવદેવી પાસે ડામર ગલીમાંના એક બંગલામાં ગાળી. એ બંગલો તેં આજ બહુ દિન થયાં ભાડે લીધો છે. બોલ. એ બંગલામાંનો ફેન્સી માલ તારો છે ?."

અનંતરાથ એ વાકયનો મર્મ સમજ્યો. અપમાન સહન ન થવાથી તે બરાડી ઉઠયો. "ત્યારે શું કોઇ સ્રીનોછે ?."

"વારૂ. તું ઉત્તર આપે છે કે નહિ તે જોવા મેં પૂછ્યું. શનિવારે સાંજે તમે બે ગાડીમાં બેસી ફરવા ગયા.

અને પછી એ બંગલામાં ગયા. ત્યારથી મહેરન્ બ્હાર પાછી આવી નથી."

"એ ખોટું છે. તે તો મને એપોલો બન્દરપરથી ઉતારી ચાલી ગઈ."

"પૂરાવાથી સિદ્ધ થાય છે કે તમે એ બંગલામાં બેસી રહ્યા હતા. તે પછી નબ્બાબિની બહાર આવીજ નથી."

"શું પૂરાવો ?. સાક્ષી છે ? અને હોય તો તેઓ જૂઠા અથવા અન્ધા હોવા જોઇએ."

"ત્યારે તું સઘળું કહી જા."

"મને ગાડીમાંથી ઉતાર્યો પછી પેલો સિદ્દી કહી ગયો કે રાણીસાહેબ પોતાને ઘેર મને બોલાવે છે. હું ગયો તો એ ન હતી. તેથી મારે વાટ જોવી પડી. આવ્યા પછી એણે જે કહેવું હતું તે કહ્યું. તે પછી હું બેકબેપરથી ઘેર જતો હતો, એટલામાં મને મારો મિત્ર મળ્યો."

"વારૂ. એ રાત્રે કયી ગાડીથી ગામ ગઈ ?. રાત્રે દશ વાગે કોઈ ગાડી જતી હોય, તો મને ખબર નથી."

"તે તો મનેય ખબર નથી. જાણવું હોય તો કોચમેન ખાજદારને પૂછો. તે તમને સઘળી વાત જણાવશે. એ એને ગાડીપર મૂકવા ગયા હતા."

“ એ તો તારા સાથીદાર છે. એને પૂછયાથી શું ફાયદો ?.”

“ સાથીદાર ?.” સક્રોધ અનંત આરડયો. “ ત્યારે શું જે બાઇ જીવતી છે તેના ખૂનનો ચાર્જ મારા પર ?. વારૂ મેં કયાં ને કયારે ખૂન કર્યું ?.”

“ ગાંવદેવીના બંગલાના સ્નાનગૃહમાં જેની આગળ પાછળ પત્રું છે.”

“ ત્યારે શું તેનું શબ તમને તે સ્થળે જડયું ?.”

“ તું એવો કાચો ખૂની નથી. તેં બરાબર ચોકસી કરી છે.”

“ વારૂ. ત્યારે તે મરી ગઈ, એમ તમે શાપરથી કહો છો ?.”

“ એ સ્થળે રકતના ઘણા ડાઘા છે.”

“ ઠીક. મારે એ જગા જોવી પડશે.”

“ અમે બતાવ્યા વગર નહિ રહીએ.”

“ વારૂ તેના પ્રાણ લેવામાં મારો શો હેતુ ?. મારે ને તેને તો પ્રેમભાવ છેને ?.”

“ પોતાના પ્રેમપાત્રપર સંશય આવ્યાથી થયેલું આ કંઇ પ્હેલું ખૂન નથી !. તારા હેતુનું કામ શું અમારે ?.

વારૂ. જ્યારે નબ્બાબિની ગામ ગઇ છે, ત્યારે તું ગાંવદેવીને બંગલે શા માટે જાય છે ?. એ વાત તો ખરી છેને ?."

"હા એ વાત ખરી છે. પણ તેથી મેં ખૂન કર્યું એમ તમે કેમ કહો ?. ઉલટું મેં તેમ કર્યું હોય તો હું જાઉંજ નહિ."

"તું નિરપરાધી ઠરે અને આ આળ તારા પરથી જાય એવી મારી ઇચ્છા છે. બોલ તું શા માટે ત્યાં જતો ?."

"હું ત્યાં શા માટે જતો તેનો ઉત્તર તમારે જોઇએ છે. કેમ ? તો સાંભળો. ત્યાં નબ્બાબિનીનો કંઇક પત્રબત્ર મને મળશે એ આશાથી હું ત્યાં જતો હતો; કારણ કે ઘણી વાર કોઇને કહ્યા વિના તે ચાલ્યાં જતાં હતાં. અમે ઠરાવ્યું હતું, કે જ્યારે એને બહાર જવું હોય ત્યારે પોતાની દાસીને પત્ર આપવો અને તેણે આલ્મિરાના ખાનામાં મૂકવો જ્યાંથી મને મળી શકે. એ દાસીપર તેનો અતોનાત વિશ્વાસ છે."

'વાહ ? પત્ર પહોંડવાની એ અત્યંત વિલક્ષણ પદ્ધતિ છે. પોસ્ટમાં મોકલો તો ?."

"નબ્બાબિની મુસલમાન હોવાથી, તેને પોતાની જુની રીતિજ યોગ્ય લાગે છે." અનંતે જવાબ આપ્યો.

"વારૂ તે ગયા પછી તને એક પણ વેળા એનો પત્ર મળ્યો નથી. ઠીક છે. ઉત્તર તો બરાબર ગોઠવી રાખ્યો છે." કોન્સ્ટેબલે ઉત્તર આપ્યો. છેલ્લા શબ્દો બોલતાં, તેણે જે ચાળો કર્યો તે જોવા લાયક હતો. પછી સાહજીકતા દર્શાવતાં તે બોલ્યોઃ—

"વારૂ. તું ત્યાં રોજ જાય છે, અને આજે પણ ગયો હતો. એમાં મને આશ્ચર્ય તો કંઈ લાગતું નથી. તું કહે છે તે ખરૂં છે."

"હું આજે ગયો હતો, તે પણ તમે જાણો છો?." અનન્તે તરતજ પૂછયું.

"અરે! એટલી તો શું પણ બીજી ઘણીએ વાતો ખબર છે." તરતજ તે બોલી ઉઠયોઃ "ઉદાહરણાર્થે તું તારી બ્હેનને નાટ્યગૃહમાં લાવ્યો, અને તેને એકલીને ઉપર બેસાડી, 'હું આવું છું,' કહી તું પત્ર શોધવા ત્યાં ગયો પત્ર તો તને જડયો નહિ. પરંતુ જે કાંઈ બીજું તને જડયું તે હાલ તારી પાસે છે તે પણ મને ખબર છે."

અનંત હબકયો. ગભરાટમાં તે બોલ્યોઃ

"શું?. તમો શું કહો છો આ?."

"હું એમ કહું છું, કે એક પ્રકારની નાની પેટી

અતિ ઉપયોગી હોય છે. તેમાં ઘણી કીંમતી વસ્તુ છુપાવી શકાય છે. તેમાં ચોરખાનાં પણ હોય છે."

"હશે. એવી પેટી હોય પણ ખરી. તેમાં મારે શું?"

"એમ કે?. મને લાગે છે કે તને બધી ખબર છે. ચાલ તારા ગજવામાં શું છે તે અમને બતાવ. એટલે હું જે કહું છું, તે તારા લક્ષમાં આવશે."

આ સાંભળી અનંત ફીકકો પડી ગયો. તે એક પણ શબ્દ બોલી શકયો નહિ.

"ત્યારે શું તું જવાબ નથી આપતો?. વારૂ. હું તને સર્વ કહીશ, ત્યારે તું મને પ્રત્યુત્તર દેશે કેમ? તું આજે બંગલામાં ગયો, અને નિયમ પ્રમાણે ખાનાં ઉઘાડી જોયાં અને તેમાંથી નોટ કહાડી લીધી. તે તેં બરાબર જોયા પછી ગજવામાં મૂકી. મૂકીને બહાર નીકળ્યો."

"ત્યારે તો તમે મારા ઉપર જાસુસ મૂકયા હતા, એમ જણાય છે."

"કોઇએ તને આ કાર્ય કરતાં જોયો એ નકકી છે, મને એટલીજ ખબર છે. હવે કાંઈ તારાથી ના પડાય એમ નથી. કારણ કે હમણાંજ તું નોટ સહિત પકડાયો છે,

અને એ નોટો તારી નથી, એમ અમને લાગે છે." કોન્સ્ટેબલ બોલ્યો.

"ખરી વાત છે. તે મારી નથીજ. તે નબ્બાબિનીની છે. તે એટલી તો શ્રીમન્ત છે કે વીસ, ચાળીસ હજારની નોટ કોઈ સ્થળે ભૂલી જાય તો પણ કાંઈ દરકાર નથી. ખાનામાં તેણે એ નોટ ક્યારે મૂકી હશે તે તેને પોતાનેજ યાદ ન હશે."

"એટલે તું એમ કેહેવા માગે છે, કે એણેજ આ નોટ છૂપાવી ?. પણ એમ કરવાનું એને શું કારણ ?."

"કારણ ? એનું શું કારણ હશે, તે મને શી ખબર ?."

"વારૂ. તેણે તે નોટ ત્યાં ક્યારે મૂકી હતી ?."

"હું તે શી રીતે જાણી શકું ?."

"શનિવાર પછી તો નહિજ હોય. કારણ કે શનિવારે રાત્રે તે બહાર ગામ ચાલી ગઈ, એવું તેં કહ્યું છે."

"હા. ખરી વાત છે. શનિવાર પહેલાં ત્યાં મૂકી હોવી જોઇએ. ક્યારે મૂકી તે મને ખબર નથી; મૂકતી વેળાએ તેણે મને કહ્યું હોત, તો મેં એને એવા ખાલી ઘરમાં આવી મોટી રકમ મૂકવાની ના કહી હોત. અચા-

નકજ મેં આજે એ રકમ જોઈ. પેટીમાં જોતાં ખીલા જેવું દેખાયું. તે દાબતાં ચોરખાના જેવું માલમ પડયું."

"અને તેથી તને આશ્ચર્ય તો નહિજ લાગ્યું હોય!"

"મને એટલું તો આશ્ચર્ય લાગ્યું કે હું જાણે સ્વપ્નામાંજ હોઉંને! એ ખરૂં દેખાય છે કે નહિ. એની મને ખાત્રી થઇ નહિ."

"ઠીક છે. તે સાહજીક છે. પણ જો એ નોટ તારી ન હતી, તો તેં કહાડી કેમ લીધી?."

"એટલું તો કરવાનો મેં બહું વિચાર કર્યો, પણ મને લાગ્યું કે એ રકમ બંગલામાં રાખવી સુરક્ષિત ન હતી. વળી નબ્બાબિની હવે એ રકમ લેવા બંગલે આવશે નહિ, એમ મને લાગ્યું"

"શા માટે તમે એમ ધાર્યું?."

"હું હવે તમને સાફ કહી દઉ છું, કે અમારે બેને લડાઇ થઈ હતી. અને તેથીજ તેણે મને પત્ર લખ્યો નથી. આ પૈસા હું એને પાછો મોકલવાનો હતો."

"જે પેટીમાં એ હતી, તેજ મોકલવી, એ વધારે સારૂં હતું."

" મારા મનમાં એજ હતું. પણ એમ કરવામાં અડચણ પડે ને વખત વધારે જાય એથી મેં આમ કર્યું. ત્યાં રાખવાનું તો મને તદ્દન અયોગ્ય લાગ્યું. "

" વારૂ હવે આ સર્વ માટે અમે શું ધાર્યું છે તે કહીશ. શનિવારે બે વાગે કોટમાંથી તું ૫૦૦૦૦ રૂ. એને આપવા—"

" અને તે આપ્યા પણ ખરા. "

" બરાબર. તે નોટ એણે એના ગજવામાં મૂકી. પછી જ્યારે તેં ખૂન કર્યું, ત્યારે તને એ વિષે યાદ આવતાંજ તે લઇ તેં ચોર પડમાં મૂકી. તને બ્હીક લાગી કે કદાચ પોલિસ ઝડતી લે તો પીડા પડે. પરંતુ તને ચ્હેન ન પડવાથી તું રોજ એ નોટ સુરક્ષિત છે કે નહિ, તે જોવા જતો. એક અઠવાડીઉં થયું અને કાંઈ ગડબડ ન થવાથી તને લાગ્યું, કે હવે લેવામાં હરકત નથી. એટલે આજે તેં લીધી; પણ પોલિસની તારાપર નજર હતી તે તું કળી શકયો નહિ."

" અરે રામ ! " અનંતરાય નિરાશ થઈ ધીમેથી બોલ્યો. " ફક્ત ખૂનનો ચાર્જ મૂકી તમે સંતુષ્ઠ થતા નથી. વળી ચોરીનો ચાર્જ પણ તમે મૂકો છો."

“ અમે એમ નથી કહેતા, કે તેં ચોરીના હેતુથી ખૂન કર્યું. ખૂનનું પરિણામ ચોરીમાં આવ્યું. ચાલ કબુલ કર. તેં સાંજે રૂપિઆ આપ્યા તે એણે ત્યાં ક્યારે મૂક્યા ? ખાસ
તો ગઈ ન ... હોયને ?, ”
“મને એપો- ... લો બન્દર
પર મૂકીને; ... અથવા તો
રાત્રે જઇને ... મૂકી હશે.”
“ જો તે ત્યાં ... જાય, તો તને
મૂકીને કેમ ... જાય ? શું
તારાથી છુ ... પાવતી હ
તી ?.”

“ મને શી ... ખબર ? મ-
હજ જતાં, ... યાદ આવ-
વાથી પણ ... મૂકી હોય.”
“ તે કાંઇ ... ચાલશે નહિ.
તું અમને ... ઉડાવે છે.”
અનંત ... ના મનમાં
તપાસ શરૂ ... થયા પછી,
સર્વ પ્રકારના વિકાર પસાર થઈ ગયા. ગભરાટ, ક્રોધ, નિરાશા ઇત્યાદિ આવી ગયાં. હવે તો તેને બહુ માઠું લાગ્યું. અપમાન ન સહી શકવાથી તે બોલ્યો: “ તમારો

નિશ્ચય થઇ ગયો છે, તો મને પકડો. હું હવે એક પણ ઉત્તર નહિ આપું. સાચને આંચ નથી."

"નાઈલાજે મારે તેમ કરવું પડે છે. પણ તને સુખ દેવા હું પ્રયત્ન કરીશ. અત્રેના મનુષ્યોમાં ગડબડ ન થાય, તે માટે આપણે મિત્ર પ્રમાણે વાત કરતા નીકળીએ. બે માણસ આ હવાલદાર અને બીજો એક તારી સાથે આવશે. તે તને વિકટોરિઆમાં બેસાડી જ્યાં લઈ જાય ત્યાં જજે. મારે અન્ય સ્થલે જવાનું છે. માત્ર તારી મની–બેગ અને પેલી નોટ મારે સ્વાધિન કર. અમે 'તને પકડયો છે,' એમ કોઇને માલમ પડવા નહિ દઇએ."

"કેમ આ પૈસા શા માટે લ્યો છો? હું લાંચ આપું એવી તમને બ્હીક છે? હું કદી તેમ કરવાનો પ્રયત્ન કરીશ નહિ."

એમ બોલી અનંતરાયે તરતજ મનીબેગ તથા નોટ આપી દીધાં.

ઉભય સ્નેહીની પેઠે વાત કરતાં બહાર નીકળ્યા. બ્હાર ઘણી વિકટોરિઆ હતી. તેમાંની એક પાસે હવાલદાર અને બીજો એક માણસ અનંતરાય સાથે જવા લાગ્યા. કોન્સ્ટેબલ પણ સાથે હતો. એટલામાં લાલબિહારી દૃષ્ટિએ પડયો. તે અનંતની પાસેજ આવતો હતો.

" જડયો તો ખરો. " તે બોલ્યો. બોલતાં પાસે આવ્યો.

" પણ હું વધારે ઉભો રહી શકીશ નહિ. હું પોલિસના કબજામાં છું. "

" પોલિસના કબજામાં ?. "

" હા. અને–અને મારાપર ખૂન અને ચોરીના ચાર્જ છે ! અત્યંત વિલક્ષણ વિશ્વ ! મધુરી કયાં છે. ? "

" અહિંજ. પેલી વિકટોરિઆમાં. તે એકલી ઘેર આવશે નહિ. "

" લાલબિહારી ! તું ગમે તેમ કહી, એને લઇ જા. મારી સત્ય સ્થિતિ વા બનાવટી વાત કહે. હું છૂટું ત્યાં સુધી એ તારે સ્વાધિન. હું થોડા સમયમાં મુકત થઇશ. "

લાલબિહારી કાંઈ બોલવા જતો હતો. એટલામાં અનંતે કહ્યું:—" બસ ! હવે બહુ થયું. વળી એમને એમ લાગશે, કે, હું નાસી જવાની યુકિત રચું છું. ભૂલ પકડાતાંજ હું મૂકત થઇશ. ધૈર્ય રાખજે. સાચને આંચ નથી.... હવે તું જા. "

પછી અનંતરાય કોન્સ્ટેબલને કહેવા લાગ્યો:—

" ચાલો. સાહેબ ! હું તૈયાર છું. "

કોન્સ્ટેબલે તેમની વાતચિત સાંભળી હતી. તે કાંઈ બોલ્યો નહિ. લાલબિહારી ગભરાઈ ગયો. ગડબડ કરીશું, તો વ્યર્થ જશે, એમ લાગવાથી અને મધુરી આતુરતાથી વાટ જોતી હોવાથી, અનંતરાય પેલી વિક્ટોરિઆમાં બેસતાંજ, તે ત્યાં ગયો.

મધુરી રડતી હોય, તેમાં કોન્સ્ટેબલને શું ?

લાલબિહારીએ સર્વ વાર્તા કહ્યા પછી તેની સ્થિતિ કેવી કફોડી થાય !

નિરાધાર બાલા !



પ્રકરણ ૧૫ મું.

ગાંવદેવીને બંગલે—વિલ્સન સાથે.

અનંતરાયને પોલિસનાં માણસો લઈ ગયા પછી તરતજ કોન્સ્ટેબલે એક વિકટોરિઆમાં બેસી, જે ઘરમાં ખૂન થયું તે તરફ પ્રયાણ કર્યું.

ઘર આવતાંજ તે તેની પ્રદક્ષિણા ફરી, પાછલે બારણેથી પેઠો. કારણ, આગળના દ્વારપર તાળું લગાડેલું હતું. ત્યાં ગણપતિરામ પણ પાછળને બારણેથીજ જતો હતો. આ કેસ જેમ બને તેમ ગુપ્ત રાખવાની તેની ઈચ્છા હતી.

"હું તમારી વાટ જોઉં છું." એમ ગણપતિરામે કોન્સ્ટેબલને કહાવ્યું હતું. એટલે અત્યારે તે જાતે પણ ત્યાંજ હતો.

કોન્સ્ટેબલ પાછલે બારણેથી પ્રવેશતો હતો, તેને નીચેના શબ્દો સંભળાયા; ગણપતિરામ તરતજ ઉગી આવતા એક કવિનું ગીત લલકારતો બેઠો હતો. ગીત જેમ બને તેમ ધીમે ગવાતું હતું—

ગાયન.

"કૃપા નથી જ્યાં હરિ તણી,
ત્યાં શું શાંતિ આનન્દ
શું શાંતિ આનન્દ કૃપા૦
ખૂન અને ચોરીનાં કુકર્મો
કરનારને કયાંથી નિંદ આવે
હૃદય સદા રહે ધડ્‌ધડ્ ધબકતું—
તેને શાનો આનંદ ?
તેને શાનો આનંદ ? કૃપા૦"

ગણપતિરામ આવે વખતે પણ ગાય છે, તે જોઇ કોન્સ્ટેબલ જરા આશ્ચર્ય પામ્યો, અને કંઇક હસ્યો તેનાં પગલાં સંભળતાંજ ગાન અટક્યું. ગણપતિરામ બહાર આવ્યો. બંને અંદર ગયા.

"પકડી નાંખ્યો એને." કોન્સ્ટેબલે શરૂ કર્યું.

ગણપતિરામ ભપકાદાર અંગ્રેજીમાં બોલ્યો: "ત્યારે તો કામ પૂરૂં થયું કેમ? મને લાગ્યુંજ હતું, કે એ પકડાશે."

"પરંતુ એની જુબાની લેતી વખતે મને તેનું વર્તન

તો તદન શુદ્ધ લાગ્યું. આથી મને સંશય ઉત્પન્ન થયો છે. 'નબ્બાબિની મને મળશેજ,' એવા વિચારથી તે આવતો હતો."

"શું?" ગણુપતિરામ બોલી ઉઠયો. "પેલી પચાસ હજારની નોટ નીકળ્યા પછી પણ સંશય?."

"હા. નોટો તો નીકળી. અને તે મારે સ્વાધીન છે. એટલે એણે ચોરી તો કરીજ છે. પરન્તુ એને બોલાવવા પેલા માણસને આપણે જ્યારે મોકલ્યો, અને તેણે જ્યારે 'નબ્બાબિની બોલાવે છે,' એમ કહ્યું, ત્યારે એ બીલકુલ ગભરાયો નહિ; અને બોલ્યોઃ 'ચાલો આવું છું.' પણ જરા મારી બ્હેનને કહી લેવા દ્યો. એમ કહીને તે તરતજ તેની સાથે આવ્યો."

ગણુપતિરામ આ ચાલાકીથી અંજાય એમ ન હતું.

તે બોલ્યોઃ—"મેં તમને પ્રથમથીજ કહ્યું હતું કની, કે તે બહુ ઉસ્તાદ છે. પકકો બદમાશ છે, અને બહુ વિચારીને કામ કરે છે. તમારા જેવાને તો ગોથાંજ ખવડાવે........હું. પણ તમારા વચ્ચે શી વાત થઈ?."

"પ્રથમ તેણે કંઇ વાત કબુલ કરી નહિ. પણ જ્યારે મેં કહ્યું કે 'અમે તો બધું જાણીએ છીએ' ત્યારે એ બંગલો લેવાનું એણે કબુલ કર્યું. પરન્તુ જ્યારે મેં ખૂન

અને ચોરીનો આરોપ મૂકયો, ત્યારે તેણે એટલી તો નિર્દોષતાથી પોતાનો બચાવ કર્યો, કે મને એમ લાગે છે, કે તેણે ખૂન કર્યુંજ નથી." કોન્સ્ટેબલે જણાવ્યું.

"જબરો ઢોંગી! હું પણ તે ખાનાં શા માટે શોધતો હતો ?."

"એણે તો કહ્યું કે 'નબ્બાબિનીએ કાંઇ પત્રબત્ર મૂકયો હોય, તો તેને માટે જોતો હતો.' તે પોતાની દાસી મારફત પત્ર ત્યાં મૂકતી ?."

"પણ પચાસ હજારની નોટો માટે શું કહ્યું ?."

"એમ કે એ નોટ ત્યાં હતી, એમ એ જાણતો ન હતો. મળતાંજ સુરક્ષિત રાખવા ગજવામાં મૂકી."

"તદ્દન ખોટું. નબ્બાબિનીએ મૂકી હોય, તો લેવાનું શું કારણ ? એ તો પોતેજ મૂકેલી. આજે કાઢી લીધી. એનો પુરાવો હોવાથી કોઇપણ એને આરોપી ઠરાવશે. મારે હાથે તપાસ કરવામાં ભૂલ બહુજ ઓછી થાય છે. આ ખૂન પ્રસિદ્ધિમાં આવ્યું, ત્યારે એમજ બોલાતું હતું કે એનો પત્તો નહિ લાગે. મેં દશ દિનની મુદ્દતમાં ખૂનીને તમારે સ્વાધિન કર્યો."

ગણપતિરામની આંખોમાં હર્ષ રમતો જણાયો.

" એટલુંજ, કે વધારેમાં વધારે શકવાળા મનુષ્યને પકડયો છે, ચોકસ નહિ."

" પણ જોજો મેજીસ્ટ્રેટ પાસે જતાં જતાંમાં અનંતરાય સર્વ કબુલ કરી દેશે."

" એમ થાય, તોતો સારૂંજ. પરન્તુ એવાં ચિન્હો દીસતાં નથી. વળી શિર જડયા વિના ગુન્હો બરાબર લાગુ પડશે નહિ. વકીલ કહેશેઃ એ 'ધડ નબ્બાબિનીનુંજ કેમ ? બીજા કોઇનું પણ હોય.' વળી શિર જડે તેમ લાગતું નથી."

" અરે શિર ન જડે, તોય આપણે અનંતરાય પર ગુન્હો સાબીત કરીશું. ગભરાવ છો કેમ !" ગણપતિરામ જાણે આશ્વાસન દેતો હોય તેમ, અને કોન્સ્ટેબલથી વધારે ડાહ્યો હોય, તેમ કહેવા લાગ્યોઃ " તમને ખબર છે કે ખૂન બંગલામાંજ થયું છે. જે ગૃહસ્થે—અહિં ૫૦૦૦૦ રૂા. સંતાડી મૂકયા, અને જે ગૃહસ્થ રોજ અહિં તે સુરક્ષિત છે, કે નહિ, તે જોવા આવતો હતો, તેને આપણે પકડયો છે. તેને પૈસા લેતાં જોનાર પણ હુંજ છું. તેમજ શનિવારે રાત્રે—"

" એ સર્વ સત્ય છે. કિંતુ એટલો પુરાવો બસ નથી. નબ્બાબિનીની જેટલી ખબર આપણને શનિવારે હતી

તેટલીજ આજે પણ છે." કોન્સ્ટેબલે વાંધા દર્શાવવા માંડયાં: "નબ્બાબ અને એના ચાકર, આ વિષે શું ધારે છે, તે જાણવું'જ જોઇએ."

"હું રોજ નબ્બાબ મિરજાફરઅલિખાનને ત્યાં સેત્રંજ રમવા બે કલાક જાઉં છું. અને મારો ચાકર—આસીસ્ટંટ, દામોદર, એને ત્યાં ચાકર રહ્યો છે. એથી હું નબ્બાબ પર અને દામોદર ચાકરો પર એમ ઉભય સ્થળે નજર રાખીએ છીએ. મારી દૃષ્ટિએ નવાબનો મહેલ આવી રીતે પારદર્શકજ છે."

"હં. તેથી તમને શું બાતમી મળી?"

"નબ્બાબને લાગે છે, કે મહેરન્ પિયર ગઈ છે, અને ચાકરો પણ એવુંજ જણાવે છે. કોણ જાણે? પણ મને લાગે છે કે પેલા બે લુચ્ચાઓ બદમાશ કોચમેન અને ખૂની ખોજદારને એ સર્વ વાત ખબર છે. કોચમેને ગાડી હાંકી અને ખોજદાર પીઠ પર પોટલું લઈ બેકબે પર અમને મળ્યો. ઉભયે પૈસાને ખાતર અનંતને મદદ કરી. જર ચાહેસો કર. દામ, બીબી કરે સલામ. કહ્યું છે કે:—

ગાયન.

અમે તો જરને વશ સરકાર
સદા જરના થઈ રહીએ

બસ જરના તાબેદાર
સદા જરના ગુણ ગઇએ એએએએ....”

“ બસ ! બસ ! બહુ થયું. અહિં ગાયન ગાવા નથી આવ્યા. તમે તમારૂં વ્યાખ્યાન ચલાવો.” કોન્સ્ટેબલે જરા ચિઢવાતાં કહ્યું.

“ હજુ અનંત એને પૈસા આપે છે. મને સંશય આવે છે, કે પેલી દાસીએ પણ પૈસાને માટે મદદ કરી હોય; કારણ પોતાની સ્વામિનીના ખૂન સાથે તે પણ અદૃશ્ય થઈ છે. એ પણ કશે નાસી ગઈ છે. ”

“ પરન્તુ એ તો શંકા છે. કાંઇ ખરી વાતો નહિ. ગમે તેમ તોય મગજનાં અનુમાનો. ”

ગણપતિરામના મોંઢાંમાં ‘ મગજ ’ શબ્દ સાંભળતાંજ પાણી પાણી છૂટયું હશે. પણ તે બોલ્યોઃ—

“ જરા આગળ સાંભળો. દામોદરને હિંદી આવડે છે, એમ એ લોકો જાણતા ન હોવાથી તેઓ આપસ આપસમાં દામોદરની દરકાર વગર, વાત કરે છે.

“ એક દિન એ ઉંઘવાનો ઢોંગ કરી પડયો હતો, એટલે પેલા કોચમેન ખાજદારે વાત કરવા માંડી. ખાજ-

દાર બોલ્યો. ' કેવી મજા તે દહાડે? બહુ પીડા પડી. કમ્મર પરનો ઘા હજુ રૂઝાયો નથી. સાળો સમુદ્ર પરનો પત્થર !. '

" વાહ એતો કબુલપત્રકજ થયું. સાળાને પૂછયું હોય, તો ગપ્પાંજ મારે. પણ આમ પકડાઈ ગયા. જુઓ હવે મને લાગે છે, એ બેને પકડવા જોઇએ. જ્યારે ત્યારે ' એને કેમ પકડયો નથી ? ' એમ મને બધા પૂછે છે. "

" હજુ જરા વાટ જોવી પડશે. કેસ વિલક્ષણ છે. મારી સાક્ષીની જરૂર છે. અને મને—" ગણપતિરામ વિચાર કરતો કરતો બોલ્યો: " અને મને સાક્ષીમા ઉભો કર્યો એટલે હું આ નોકરી કરી શકીશ નહિ. વળી હું તે પછી આ કેસમાં ગુપ્તપણે શોધ કરી શકીશ નહિ. ત ઉપરાંત જો અનંતરાયના સ્નેહીઓ જાણે, કે હું ડિટેક્ટિવ છું, તો મારા બારજ વાગે. હું નવાબ પાસે વેશ લઇને જાઉં છું. તે મને હૈદ્રાબાદનો એક અસ્સલ મુસલમાન ધારે છે. જુઓ, તે પણ જવાશે નહિ. " ગણપતિરામે એક પછી એક વાંધા દર્શાવવા માંડયા:—

" ઉપરાંત, દામોદરને પણ નવાબની નોકરી છોડવી પડશે. એની સાક્ષી નહિ લેવાવી જોઇએ. એ બહુ ચાલાક અને ચતુર છે. અને ડિટેક્ટિવ સર્વિસમાં બહુ ઉપયોગી

છે. પોલિસમાંના એક બે માણસજ એને ઓળખે છે. દામોદરપર મારો સંપૂર્ણ વિશ્વાસ છે. એ કશી વાત બહાર નહિ પાડે. આ ઘરપર હવે નજર રાખવાની હું જરૂર નથી ધારતો. કારણ ગુન્હેગાર આપણા હાથમાં છે. ”

“ ત્યારે કાલે એમ કરીએ, કે આખા ઘરબાર, કબાટ બારણા, બારી, ને તાળાં મરાવી તેની પર સિલ મરાવી દઇએ. અને ગલીમાં પોલિસની નજર રખાવીએ એટલે ચાલ્યું જશે. કેમ એમજને ?. ”

“ બસ થયું. અત્યાર સુધી તો આપણો મત મળતો આવ્યો. હું આજે જાણતો નહતો, કે અનંતરાય નાટક જોવા આવનાર છે. મારો એક દોસ્તદાર શ્રીમંત શેઠ છે તેને ત્યાં કાંઈ મફત ટિકિટો આવી હતી. એ લોક જોવા જવાના નહતા. એટલામાં હું મળી ગયો, તે મને તેમાંની એક પધરાવી દીધી. અચાનકજ એ પ્રમાણે હું નાટક જોવા ગયો, તો અનંત વિગેરેને જોયા—”

ગણપતિરામે બીડી સળગાવી અને એક દમ માર્યો પણ ખરો. બિડી કાઢી લઈ તેણે ચલાવ્યું.

“ જોતાંજ લાગ્યુ કે આજે સર્વનો નીવેડો આવી જશે. થીએટર પાસેથી એ ચાલતો થયો, એટલે મને લાગ્યું, કે

એ અહિંજ આવશે. આથી મેં તમને બોલાવ્યા, અને તમે આવ્યા સુદ્ધાં.”

ગણપતિરામે બીજો એક દમ મારી બીડી ફેંકી દીધી.

“ અનંતરાય પર હું જાસુસ તરિકે રહ્યો તો મેં એને નોટ લેતાં જોયો. મેં બધી આપને ડાયરેકશન્સ આપી અનંતરાયને બતાવ્યો અને તમે તેની તપાસ કરી. આપની આજ્ઞાનુસાર, શિર શોધવા હું અહિં આવ્યો. પરન્તુ શિર-બિર કાંઈ જડયું નહિ. હું ધારતો'તો કે જડવાનુંજ નથી; પરન્તુ તપાસ કરેલી સારી.”

“ તમે આ કેસમાં બહુ વિલક્ષણ ચાતુર્ય જણાવ્યું છે. માટે તમને ભારે ઈનામ મળશે. કમિશ્નર પણ તમારા પર ખૂશ થશે.” કોન્સ્ટેબલ બોલ્યો.



પ્રકરણ ૧૬ મું.

ભયંકર ભેદ !

" હું ધારૂં છું કે હવે આપણે અહિંથી જઈશું. કાંઈ કામ રહ્યું નથી. હવે તો હું સ્વસ્થ નિદ્રા લઇશ. આજે કેટલે દહાડે સ્વસ્થ ઉંઘ લેવાની મળશે. અહો ! મેં કેટલી જીવતોડ મહેનત કરી છે. બદલો તે કેટલોક મળશે ?. "

" તું ખૂશ થાય એટલો. "

" પણ હું કેટલેથી ખૂશ થઈશ ? " ગણપતિરામ સ્મિત કરતાં બોલ્યો. " ચાલ. હું વિચાર કરી રાખું. ૭૦૦ કે ૮૦૦ કે ૧૦૦૦. તેમાં પેલા દામોદરને થોડાક આપવા પડશે પણ એમ કેમ? તમે મારી તરફ ધ્યાન નથી આપતા ?. "

" નહિજ. મને ઉપરની મેડીમાં કોઈના પગનો ધ્વનિ સંભળાય છે. " ઉંચી નજર કરી કોન્સ્ટેબલે કહ્યું.

એ સાંભળી ગણપતિરામ ઘર તરફ ગયો. અને કોન્સ્ટેબલે તેનું અનુકરણ કર્યું. પાસે જતાં જોયું તો મેડીમાં કાંઇ પ્રકાશ જણાયો. આગલે દ્વારે તેઓ તાળું

જોઈ આવ્યા હતા અને પાછલા દ્વાર પાસેથી કોઇ જાય તો તેમને જણાયા વગર રહે તેમ ન હતું.

ગણુપતિરામ પ્રકાશ જોઈ ચમકયો, પણ તરતજ સ્વસ્થ થઈ જરા વિચાર કરી બોલ્યો. "હું એ તો મને સમજાયું."

"શું ?. શું ?." કોન્સ્ટેબલે પૂછયું.

"કદાચિત્ અનંતરાય પર મૂકેલો જાસુસ પાછો આવ્યો હશે, એની પાસે કુંચી છે." ગણુપતિરામે જરા વાંધાભરેલું કારણ દર્શાવ્યું.

"પણ એને, 'જા તારૂં કામ નથી,' એમ કાઢી મોકલ્યા પછી તે શા માટે આવે ?."

"વખતે એની કોઈ ચીજ રહી ગઇ હોય."

"પણ હુકમ શા માટે તોડે ? વળી મેં, 'આગલે દ્વારેથી પ્રવેશ કરવો નહિ, એને દિવો તો લાવવોજ નહિ;' એમ સર્વને આજ્ઞા આપી હતી."

"વારૂ તે નહિ હોય તો પેલો..........."

"પેલો ? પેલો કોણ ?."

" પેલા કોચમેન ખાજદાર આવ્યા હશે. વખતે અનંતરાયે, કાંઇ થોડા ઘણા પૈસા મૂક્યા હોય, તો તે લઈ જવાના ઇરાદાથી."

" ત્યારે હવે શું કરવું ?"

" બીજું શું ? શોધાશોધ કરતી વખતે પકડવા એ ભામટાને."

" તે એમ નહિ પકડાય. એની પાસે છરી ચપ્પુ હોય તો."

" દૂરથીજ જોઈ પોલિસની મદદ માગીએ ?. આઠ સિપાઇ આવે તો હરકત નહિ. બ્હીતા નહિ."

" હું બ્હીઉં ? મારી પાસે મારી પિસ્ટોલ છે."

" ચાલો ત્યારે."

એમ કહી ગણુપતિરામે સાનન્દ દ્વાર ઉઘાડયું. અને ઉભય હળવેથી દાદર પર ચઢવા મંડયા. દાદર ચઢતા હતા ત્યારે તેમને કબાટ અને એલ્મિરાના ખાનાઓ ઉઘડવા દેવાવાનો અવાજ સંભળાયો.

ગણુપતિરામના મનમાં દાદર ચઢતી વખત અનેક વિચાર આવી ગયા. તેમણે તર્ક શક્તિના ઘોડા અનેક સ્થળે દોડાવ્યા. તેમણે ધાર્યું કે " જો એ કાંઇ બોલે તો સારૂં. કે

સ્વર પરખાય. ખાજદાર એકલો હોય તો સારૂં કારણ તે બ્હીકણુ બિલાડી છે. ના બિલાડી કાંઈ બ્હીકણુ નથી હોતી; તેતો નખોરીઆ મારે તો ચામડું ચીરી નાખે."

ગણુપતિરામને તો હુવે એમજ લાગ્યું કે જાણે ખાજદાર એના હાથમાં પકડાઈ ગયો.

જે ખોલીમાં એલ્મિરા હતો તે–દિવાનખાનાનું દ્વાર ઉઘાડું હતું. તેમાંથી જોતાં જણાયું તો એક વ્યક્તિ દ્વારપ્રતિ પીઠ કરીને એલ્મિરા પાસે ઉભી જણાઇ. એલ્મિરા પાસેના ટેબલપર એક ઝગઝગીત મીણબત્તીનો દિવો હતો.

એતો સ્ત્રી હતી !

આ જોઇ ગણુપતિરામનો તર્કગઢ ઢસળ્યો.

તરત તેણે વિચાર કર્યો:—

"અરે એતો ગુલનાર છે. નબ્બાબિનીની દાસી. અનંતરાયે મૂકેલા પૈસા લઈ જવા આવી હશે. મને પ્રથથીજ લાગ્યું હતું કે એ ખૂનમાં મદદગાર છે. એને પકડતાં કેટલી વાર ?."

એમ નિશ્ચય કરી તે અન્દર ગયો. પેલી સ્ત્રી તેમની તરફ પીઠ કરી ઉભી હતી; અને વળી પોતાના કાર્યમાં તલ્લીન હોવાથી, તેમણે પ્રવેશ કરતાં થયેલ

અવાજ સાંભળી શકી નહિ. પણ કોઈ કારણસર એકદમ તેણે મુખ ફેરવ્યું.

એ મુખ જોતાંજ ગણપતિરામ ચમકયો.

તે એકદમ પાછો હઠયો.

તે સ્ત્રી કોણ હશે ?.

ઉભયને જોતાંજ તે સ્ત્રી આગળ આવી અને પૃછવા લાગી.

" તમે કોણ છો ? અને શા માટે અહિં આવ્યા છો?."

તે પછી તે કાઠોર્યસૂચક સ્વરથી કહેવા લાગી:

" જો તમે ચોર હો, તો હું તમારાથી બ્હીતી નથી. ચાકર નોકર પાસેજ છે."

એમ કહી તે દ્વાર પાસે ગઈ.

" નહિ. નહિ. અમે ચોર નથી."

" ત્યારે ઘરમાં કેમ આવ્યા?." તેણે દમામમાંજ પૂછયું.

કોન્સ્ટેબલ આશ્ચર્ય પામ્યો !

ગણપતિરામે આવી વિલક્ષણ નમ્રતા કેમ બતાવી ?

કોન્સ્ટેબલ વિલ્સન રોફમાંજ જવાબ દેતો હતો. એટલામાં ગણપતિરામે તેને ન બોલવા, ઇશારત કરી અને કહ્યું:

" બાઈ સાહેબ ! માફ કરજો. હું આ ઘરવાળાનો નવિન કારકુન છું. અનંતરાયની ભાડાચિઠ્ઠીની મુદ્દત પૂર્ણ થઇ હોવાથી, આ ઇંગ્લીશ સદ્‌ગ્રહસ્થને બંગલો ભાડે આપવાનો છે. તેથી એને બંગલો દેખાડવા આવ્યો છું. "

" પણ અમે હજી સામાન લઇ લીધો નથી, એટલામાંજ તમને—"

" એને બંગલો પસંદ પડયાપછી, હું નોટીસ આપનારજ હતો. "

" આવી રાત્રે બંગલો દેખાડવાનો ? કેવો ઉત્તર ? મ્હેરબાની કરી રસ્તો માપો. "

" માફ કરો. "

એમ કહી ગણપતિરામ કોન્સ્ટેબલને લઈ ચાલતો થયો.

કોન્સ્ટેબલને બહુ આશ્ચર્ય લાગ્યું હતું: પણ તે બોલ્યો નહિ. રસ્તામાં થોડા સમય ચાલ્યા પછી તેણે પૂછયું:—

" અરે પણ તેં આ શું કર્યું ? એને તેં આટલી બધી વિલક્ષણ નમ્રતા કેમ.... ... ..."

તે આગળ બોલવા જતો હતો. પણ ગણપતિરામે નાકપર આંગળી મૂકી, તેને શાંત રહેવાને વિનતિ કરી; કારણ કે પેલી હમામવાળી સ્ત્રી બારીમાં ઉભીને તેમના પ્રત્યે જોતી હતી.

આગળ ચાલતાં તેમ પ્રશ્ન પુનઃ પૂછાયો:

"આ દાસીથી તું આટલો બધો......."

"શું એ દાસી છે એમ તમે ધારો છો?"

"કેમ? ત્યારે એ કોણ હતી?"

વિલ્સન સાંભળીને ચમક્યો કે, "એ તો હતી—

"ખૂદ નબ્બાબિની!"

પ્રથમ-ભાગ

સમાપ્ત.